અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

05 DECEMBER-2025 FRIDAY | Vol. : 17 | Issue : 154 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
અમેરિકામાં પાકિસ્તાની PM-આર્મી ચીફ પર પ્રતિબંધ લગાવવાની માગ : 44 અમેરિકી......

4 
સફરની મજા લેવી હોય તો, સામાન ઓછો રાખવો અને જિંદગીની મજા લેવી હોય તો અરમાન ઓછા રાખવા....

6 
'એક સ્ત્રી સિવાય કોઈ તેની સફળતા નક્કી કરી શકે નહીં'

7 
સોનું ₹459 ઘટીને ₹1.28 લાખ પ્રતિ 10 ગ્રામ થયું : ચાંદી ₹2,477 ઘટીને ₹1.76 લાખ પ્રતિ કિલો વેચાઈ રહી છે

### એરપોર્ટ પર રિસીવ કર્યા, રેડ કાર્પેટ પર સ્વાગત, એક જ ગાડીમાં રવાના થયા, સાથે પ્રાઈવેટ ડિનર કર્યો હતો

# ભારત આવેલા પુતિનને ભેટ્યા PM મોદી

**નવી દિલ્હી, તા.04**

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન ભારત પહોંચ્યા છે. PM મોદીએ એરપોર્ટ પર તેમનું સ્વાગત કર્યું. બંને નેતાઓએ એકબીજાને ભેટ્યા. મોદી અને પુતિન એક જ કારમાં એરપોર્ટથી નીકળ્યા.

રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા પછી પુતિનની આ પહેલી ભારત મુલાકાત છે. પીએમ મોદી આજે રાત્રે તેમના સન્માનમાં એક પ્રાઈવેટ ડિનરનું આયોજન કરશે. પુતિન લગભગ 30 કલાક ભારતમાં રહેશે.

પુતિનના ભારતમાં આગમન પહેલા ઘણા રશિયન મંત્રીઓ દિલ્હી આવી પહોંચ્યા છે. તેમાં નાયબ વડાપ્રધાન ડેનિસ મન્ટુરોવ, રક્ષા પ્રધાન સેરગેઈ શોઈગુ અને કૃષિ મંત્રી દિમિત્રી પેટ્રોવનો સમાવેશ થાય છે.





### PMએ કહ્યું- મિત્ર પુતિનનું સ્વાગત કરીને ખુશ છું

મોદીએ X પર કહ્યું, 'મારા મિત્ર, રાષ્ટ્રપતિ પુતિનનું ભારતમાં સ્વાગત કરીને મને આનંદ થાય છે. આજે સાંજે અને આવતીકાલે અમારી વાતચીતની રાહ જોઈ રહ્યો છું. ભારત-રશિયા મિત્રતા મુશ્કેલ સમયની કસોટીમાંથી પસાર થઈ છે અને આનાથી આપણા લોકોને ઘણો ફાયદો થયો છે.

### પુતિનના ગાર્ડ ઓફ ઓનર માટેની તૈયારીઓ

પુતિનના ભારત આગમન પહેલા દિલ્હીમાં ગાર્ડ ઓફ ઓનર માટેની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. ત્રણેય સશસ્ત્ર દળો- સેના, નૌકાદળ અને વાયુસેનાની સંયુક્ત ટુકડીએ એરપોર્ટ પર રિહર્સલ શરૂ કરી દીધા છે. લશ્કરી બેન્ડ, માર્ચિંગ ટુકડીઓ અને ગાર્ડ ઓફ ઓનર સ્થાપિત પ્રોટોકોલ અનુસાર પ્રેક્ટિસ કરી રહ્યા છે.

### અત્યાર સુધીમાં પીએમ મોદી એરપોર્ટ પર છ નેતાઓનું સ્વાગત કરી ચૂક્યા છે

25 જાન્યુઆરી, 2015- યુએસ રાષ્ટ્રપતિ બરાક ઓબામા 7 એપ્રિલ, 2017- બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના 13 સપ્ટેમ્બર, 2017- જાપાનના વડાપ્રધાન શિન્ઝો આબે 24 ફેબ્રુઆરી, 2020- યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ 9 જાન્યુઆરી, 2024- યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન 17 ફેબ્રુઆરી, 2025- કતારના અમીર શેખ તમિમ બિન હમદ અલ થાની

### મોદી અને પુતિનનો 25 વર્ષ જૂનો ફોટો વાયરલ

સોશિયલ મીડિયા પર મોદી અને પુતિનનો 25 વર્ષ જૂનો ફોટો વાયરલ થઈ રહ્યો છે. 2001માં આ સંબંધની શરૂઆત થઈ હોવાનું માનવામાં આવે છે, જ્યારે ગુજરાતના નવનિયુક્ત મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી સાથે મોસ્કોની મુલાકાતે ગયા હતા.



### પુતિન વડાપ્રધાન મોદી સાથે પ્રાઈવેટ ડિનર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન દિલ્હીમાં પીએમ આવાસ 7 LKM ખાતે પહોંચ્યા હતા. જ્યાં બંને નેતાઓના પ્રાઈવેટ ડિનર અને મુલાકાતનું આયોજન કરાયું છે.

### પુતિન મોદીના સત્તાવાર નિવાસસ્થાને પહોંચ્યા

વડાપ્રધાન મોદી અને રશિયાના રાષ્ટ્રપતિ પુતિન પાલમ એરપોર્ટથી પ્રસ્થાન કર્યાના થોડી મિનિટો પછી, દિલ્હીમાં 7, લોક કલ્યાણ માર્ગ ખાતે વડાપ્રધાનના સત્તાવાર નિવાસસ્થાને પહોંચ્યા.

### પુતિનના મંત્રીઓ પહેલાંથી જ ભારતમાં આવી ચૂક્યા

પુતિનના આગમન પહેલા જ ઘણા રશિયન મંત્રીઓ દિલ્હી પહોંચી ચૂક્યા છે. આમાં નાયબ વડાપ્રધાન ડેનિસ મન્ટુરોવ, રક્ષા મંત્રી સેરગેઈ શોઈગુ અને કૃષિ મંત્રી દિમિત્રી પેટ્રોવનો સમાવેશ થાય છે.

## નીતિન ગડકરીએ કહ્યું- એક વર્ષમાં ટોલ બૂથ ખતમ થશે

- **લોકસભામાં કહ્યું- બેરિયર લેસ સિસ્ટમ લાગુ થશે, 10 જગ્યાએ પાયલોટ પ્રોજેક્ટ શરૂ**



**નવી દિલ્હી, તા.04**

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ ગુરુવારે લોકસભામાં જણાવ્યું હતું કે આગામી એક વર્ષમાં હાઈવે પર હાલની ટોલ વસૂલી સિસ્ટમ સમાપ્ત થઈ જશે. તેની જગ્યાએ સંપૂર્ણપણે ઈલેક્ટ્રોનિક, બેરિયર-લેસ ટોલ સિસ્ટમ લાગુ કરવામાં આવશે.

તેમણે કહ્યું કે નવી સિસ્ટમની શરૂઆત હાલમાં 10 જગ્યાએ કરવામાં આવી છે અને તેને એક વર્ષની અંદર સમગ્ર દેશમાં લાગુ કરવાનું લક્ષ્ય છે. તેમણે જણાવ્યું કે આ સમયે દેશભરમાં લગભગ 4,500 હાઈવે પ્રોજેક્ટ ચાલી રહ્યા છે, જેમની કુલ કિંમત લગભગ 10 લાખ કરોડ રૂપિયા છે.

પહેલા ટોલ પ્લાઝા પર ગાડીઓને રોકાઈને રોકડ અથવા કાર્ડથી ચુકવણી કરવી પડતી હતી, પછી FASTag આવ્યું તો રોકાવાનો સમય ઘટ્યો, હવે આગલું પગલું બેરિયર-લેસ એટલે કે બેરિયર વગરના હાઈટેક ટોલ તરફ છે.

નવી ટોલ સિસ્ટમ શું છે? નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) એ નેશનલ ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન (NETC) પ્રોગ્રામ બનાવ્યો છે. આ સમગ્ર દેશ માટે એક સમાન અને પરસ્પર જોડાયેલું ઈલેક્ટ્રોનિક ટોલ પ્લેટફોર્મ છે. તેનો હેતુ અલગ-અલગ હાઈવે પર અલગ-અલગ સિસ્ટમની મુશ્કેલી દૂર કરવાનો અને એક જ ટેકનોલોજીથી સરળતાથી ટોલ વસૂલવાનો છે.

આ NETC સિસ્ટમનો મુખ્ય ભાગ FASTag છે, જે રેડિયો ફ્રીક્વન્સી આઈડેન્ટિફિકેશન (RFID) ટેકનોલોજીવાળો ટેગ હોય છે અને વાહનના આગળના કાચ (વિન્ડસ્ક્રીન) પર ચોંટાડવામાં આવે છે. જેવું વાહન ટોલ લેનમાંથી પસાર થાય છે, સેન્સર આ ટેગને વાંચીને યુઝરના લિંક્ડ બેંક ખાતા અથવા વોલેટમાંથી ટોલ આપમેળે કાપી લે છે.

બેરિયર-લેસ ટોલિંગ કેવી રીતે કામ કરશે? સરકાર હવે FASTag સાથે ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન (ANPR) જેવી ટેકનોલોજી જોડીને બેરિયર-લેસ ટોલિંગ લાગુ કરી રહી છે, જેથી વાહનોને ટોલ માટે રોકાવું જ ન પડે. ANPR કેમેરા વાહનની નંબર પ્લેટ ઓળખે છે અને FASTag રીડર RFID ટેગ વાંચીને ટોલની રકમ વસૂલ કરી લે છે, જેનાથી આખી પ્રક્રિયા થોડી સેકન્ડમાં આપમેળે થઈ જાય છે.

આ સિસ્ટમ હેઠળ ટોલ પ્લાઝા પર ભારે બેરિયર, લાંબી કતારો અને રોકડ ચૂકવવા ની માથાકુટ મોટાભાગે સમાપ્ત થઈ જશે. જે વાહનો પાસે માન્ય FASTag નહીં હોય અથવા જે નિયમો તોડશે, તેમને ઈ-નોટિસ અને દંડ જેવી કાર્યવાહીનો સામનો કરવો પડી શકે છે, જેમ કે FASTag સસ્પેન્ડ કરવું અથવા VAHAN ડેટા પર પેનલ્ટી લગાવવી.

## રાહુલ ગાંધીએ કહ્યું, સરકાર નથી ઇચ્છતી કે હું પુતિનને મળું

### આ PM મોદીની ઇનસિક્યોરિટી, રશિયાના પ્રથમ નાયબ વડાપ્રધાન ડેનિસ મન્ટુરોવ સંસદ પહોંચ્યા

**નવી દિલ્હી, તા.04**

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ભારત મુલાકાત અંગે લોકસભામાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું, 'કેન્દ્ર સરકાર નથી ઈચ્છતી કે વિપક્ષ બહારથી (વિદેશથી) આવતા લોકો સાથે મળે. મોદીજી અને વિદેશ મંત્રાલય આ નિયમનું પાલન કરતા નથી. આ તેમની ઈનસિક્યોરિટી છે. તેમણે કહ્યું, 'અમારા બધા સાથે સંબંધો છે. વિપક્ષના નેતા એક અલગ દૃષ્ટિકોણ રજૂ કરે છે. અમે ભારતનું પણ પ્રતિનિધિત્વ કરીએ છીએ. ફક્ત સરકાર જ આવું કરતી નથી.

ગુરુવારે સંસદના શિયાળુ સત્રનો ચોથો દિવસ છે. ગૃહની કાર્યવાહી શરૂ થાય એ પહેલાં વિપક્ષના સાંસદોએ દિલ્હીમાં વધતા પ્રદૂષણના મુદ્દા પર સંસદના મકર ગેટ પર વિરોધપ્રદર્શન કર્યું.



વિપક્ષના ઘણા સાંસદો ગેસ માસ્ક પહેરીને સંસદ પહોંચ્યા અને વાયુ-પ્રદૂષણના મુદ્દા પર ગૃહમાં ચર્ચાની માગ કરી. સંસદના શિયાળુ સત્રમાં આજે કર સુધારણા, એક્સાઈઝ સુધારા, પરમાણુ ઊર્જા, આર્થિક સુધારા જેવા મુદ્દાઓ પર ચર્ચા થઈ શકે છે. કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીએ દિલ્હીના પ્રદૂષણ પર કેન્દ્ર સરકાર પાસેથી તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી છે. તેમણે કહ્યું, 'બાળકો મરી રહ્યા છે, અને વૃદ્ધોને પણ શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે.' સરકારની જવાબદારી છે કે તેઓ કંઈક કરે, વડાપ્રધાને નિવેદનો આપવાનું બંધ કરવું જોઈએ અને સમસ્યાનો ઉકેલ લાવવો જોઈએ. કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે ગુરુવારે લોકસભામાં જણાવ્યું હતું કે પરમાણુ ઉર્જા બિલ 2025નો ડ્રાફ્ટ એડવાન્સ સ્ટેજમાં છે. આ ડ્રાફ્ટની કાનૂની ચકાસણી ચાલી રહી છે, જેમાં વિવિધ મંત્રાલયોના સૂચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે તેની અંતિમ સ્થિતિ બધી પ્રક્રિયાઓ પસાર કર્યા પછી જ સ્પષ્ટ થશે. કોંગ્રેસના સાંસદ કુમારી શેલજાએ રાહુલ ગાંધીના પુતિનને મળવા દેવાના નિવેદનનો ઉલ્લેખ કરતા કહ્યું, 'આપણી સરકારે આપણા લોકશાહીની પરંપરાઓને બાજુએ મુકી દીધી છે. તેમને લોકશાહી કે તેની પરંપરાઓમાં કોઈ વિશ્વાસ નથી.' લોકસભામાં આપણા વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી છે અને રાજ્યસભામાં મલ્લિકાર્જુન ખડગે છે, પરંતુ ભાજપ સરકારે આ પરંપરાને નબળી પાડી છે. અને આ દેશની પ્રતિષ્ઠા માટે સારા સંકેત નથી.



## 'મારે લેફ્ટ ટર્ન લેવો હતો એટલે હોર્ન માર્યો' : પોલીસે ટોકતાં હોર્ન વગાડનારે કેવાં કેવાં બહાનાં કાઢ્યાં?

# સુરતમાં પહેલીવાર બિનજરૂરી હોર્ન વગાડનાર સામે ડ્રાઇવ









**સુરત, તા.04**

સુરત શહેરમાં હવે બિનજરૂરી અને સતત હોર્ન વગાડીને અન્ય વાહનચાલકો તથા રાહદારીઓને માનસિક ત્રાસ આપનારા લોકો સાવધાન. સુરત ટ્રાફિક-પોલીસે શહેરમાં પ્રથમ વખત બિનજરૂરી હોર્ન વગાડી ધ્વનિ-પ્રદૂષણ ફેલાવતા લોકો સામે મોટર વ્હીકલ એક્ટની કલમ 190(2) હેઠળ કાયદેસરનાં પગલાં ભરવાનો નિર્ણય લીધો છે. ટ્રાફિકના અન્ય નિયમ ભંગની જેમ જ હવે બિનજરૂરી હોર્ન વગાડનાર લોકોને 500થી લઈને 1,000 સુધીનો દંડ થઈ શકે છે. પહેલા જ દિવસે સિગ્નલો પર હોર્ન વગાડવા મુદ્દે પોલીસે ટોકતાં વાહનચાલકોએ અલગ અલગ બહાનાં કાઢ્યાં હતાં.

ટ્રાફિક-પોલીસ હાલમાં જાગૃતિ અભિયાન પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ સમગ્ર મામલે ટ્રાફિક શાખાના એસીપી એસ.આર. ટંડેલે જણાવ્યું હતું કે સુરતમાં લોકો જાણતા-અજાણતા બિનજરૂરી હોર્ન વગાડે છે, જેના કારણે સિગ્નલ પર ઊભેલા અન્ય વાહનચાલકો પરેશાન થાય છે. ખાસ કરીને જ્યારે ગાડીઓ સ્ટોપ લાઇન પર ઊભી હોય અને સિગ્નલ ચાલુ થવામાં સમય હોય, તેમ છતાં પાછળના વાહનચાલકો સતત હોર્ન વગાડતા હોય છે.

સિગ્નલ પર ટ્રક લઈને પસાર થઈ રહેલા કંચનભાઈએ જણાવ્યું હતું કે મેં હોર્ન એટલા માટે વગાડ્યો કે આજુબાજુના ગાડીવાળા આવીને ઘૂસી જાય છે. હોર્ન વધારે નથી વગાડ્યો, એક બાજુ હોન્ડાવાળા તો બીજી બાજુ મારુતિવાળા ઘૂસી જાય છે, આ માટે હોર્ન વગાડું છું. પછી એ જ લોકો કહે છે કે ગાડી અડાવી દીધી, અકસ્માત થઈ ગયો.

અન્ય એક વાહનચાલક જશવંતભાઈએ જણાવ્યું હતું કે મેં હોર્ન વગાડ્યો જ નથી, પણ તેમને સાંભળ્યો, પણ મેં નથી વગાડ્યો. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે હોર્નનો અવાજ વધારે છે, ત્યારે તેમણે તેમની ભૂલ સ્વીકારતાં કહ્યું કે હા, અન્ય વાહનો કરતાં તેમના હોર્નનો સાઉન્ડ વધારે છે. ત્યાર પછી તેમણે માફી પણ માગી લીધી.

PSIએ વધુમાં જણાવ્યું હતું કે અમે લોકોને જણાવી રહ્યા છે કે બિનજરૂરી હોર્ન વગાડવાનું ટાળો. મોટા જંક્શન અને જ્યાં મેઈન ચાર રસ્તા છે ત્યાં બૂમ કેમેરા લગાડવામાં આવ્યા છે. જો કોઈ કામ વગર હોર્ન વગાડશે તો વધુપડતા હોર્ન વગાડવા અંગે ઈ-ચલણ તાત્કાલિક મોકલી આપવામાં આવશે.

એસ.આર.ટંડેલના જણાવ્યા અનુસાર, લોકોમાં ધૈર્યનો અભાવ જોવા મળે છે, જેના કારણે સતત હોર્ન વગાડવાથી શહેરીજનોમાં માનસિક અસ્થિરતા અને તણાવની સ્થિતિ ઊભી થાય છે. આ ગંભીર સમસ્યાને દૂર કરવા માટે ટ્રાફિક-પોલીસે 7 દિવસનું જાગૃતિ અભિયાન શરૂ કર્યું છે. આ ડ્રાઇવ દરમિયાન પોલીસ લોકોને સમજાવશે કે વાહન ચલાવતી વખતે અને ટ્રાફિક સિગ્નલ પર બિનજરૂરી હોર્નનો ઉપયોગ ન કરવો.

જાગૃતિ અભિયાન બાદ ટ્રાફિક-પોલીસ બિનજરૂરી હોર્ન વગાડનાર લોકોને આઈડેન્ટિફાય કરીને દંડની કાર્યવાહી શરૂ કરશે, જોકે એસીપી ટંડેલએ સ્પષ્ટ કર્યું કે પોલીસનો મુખ્ય પ્રયાસ દંડ કરવાનો નહીં, પરંતુ લોકોમાં જાગૃતિ લાવવાનો છે. ટ્રાફિક-પોલીસ હવે માત્ર રોંગ સાઇડ ડ્રાઇવિંગ, સિગ્નલ ભંગ કે હેલ્મેટ ન પહેરવા જેવા નિયમોના ભંગ કરનારાઓ પર જ નહીં, પરંતુ ધ્વનિ-પ્રદૂષણ ફેલાવનારાઓ પર પણ નજર રાખશે. આ પગલાથી લોકોને રાહત મળે અને શહેરીજનોનું સ્વાસ્થ્ય પણ જળવાઈ રહે એવો પોલીસનો ઉદ્દેશ છે.

સુરત દેશના સૌથી ઝડપથી વિકસતાં શહેરોમાંનું એક છે અને ટ્રાફિક સતત વધી રહ્યો છે. આવા સંજોગોમાં બિનજરૂરી હોર્ન વગાડવાની આદત માત્ર અવાજનું પ્રદૂષણ નથી ફેલાવતી, પરંતુ એ અકસ્માતનું કારણ પણ બની શકે છે, કારણ કે સતત કર્કશ અવાજ વાહનચાલકોની એકાગ્રતા ભંગ કરે છે. ટ્રાફિક-પોલીસનું આ નવું અભિયાન સુરત શહેરને ટ્રાફિકની શિસ્ત અને ધ્વનિ- પ્રદૂષણ મુક્ત બનાવવા તરફનું એક મહત્ત્વનું પગલું છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં હાલ પોલીસ લોકોને હોર્નથી થતા ધ્વનિ-પ્રદૂષણ વિશે જાગ્રત કરી રહી છે, જેથી આગામી દિવસોમાં દંડની કાર્યવાહી થાય એ પહેલાં લોકો પોતાની આદતો સુધારી લે.

### અઝરબૈજાનના બાકુ ફરવા મોકલવાના નામે ઠગાઈ

## વિદેશ પ્રવાસના બહાને યુવક સાથે અઢી લાખની છેતરપિંડી, ટુર ઓપરેટર સહિત બે સામે ફરિયાદ

**વડોદરા, તા.04**

અઝરબૈજાના બાકુ શહેરમાં વિદેશ પ્રવાસનું વચન આપીને વડોદરાના એક યુવાન સાથે 2.43 લાખ રૂપિયાની છેતરપિંડી કરવાનો કિસ્સો સામે આવ્યો છે. વડોદરાના સોમા તળાવ વિસ્તારમાં રહેતા 20 વર્ષીય સાકીબ ગુલામમયુદ્દીન મંસુરીએ આ મામલે બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ કેસમાં ટુર ઓપરેટર અજયકુમાર નટવરલાલ શર્મા અને તેના સાથી સમીર મુની વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે.




ફરિયાદી સાકીબ મંસુરીએ જણાવ્યું છે કે, તેઓ અઝરબૈજાનના બાકુના વિદેશ પ્રવાસ માટે નવાબ ટુર્સના માલિક હાસ્મીન નવાબનો સંપર્ક કર્યો હતો. હાસ્મીને તેમને સમીર મુની સાથે પરિચય કરાવ્યો હતો, જેણે અમારો સંપર્ક અજયકુમાર નટવરલાલ શર્મા (રહે. નરસિંહ ખડકી, સોની પાડા, ગોધરા, જિ. પંચમહાલ) સાથે કરાવ્યો હતો. અજયકુમાર વિદેશ પ્રવાસનું કામ કરે છે, તેમ જણાવીને સમીરે સાકીબને વિશ્વાસમાં લીધા હતા.

અલમાસ અપાર્ટમેન્ટમાં આવેલી નવાબ ટુર્સની ઓફિસમાં મુલાકાત બાદ અજયકુમાર અને સમીરે પ્રવાસનો કુલ ખર્ચ 2.50 લાખ રૂપિયા જણાવ્યો હતો. સાકીબે સંમતિ આપતાં તેમને કમલા નગર ખાતે આવેલ દિવ્યા પ્લાઝા સ્થિત અજયકુમારની ઓફિસમાં બોલાવવામાં આવ્યા હતા. જ્યાં બંને આરોપીઓએ કહ્યું કે, જેટલા જલ્દી પૈસા આપશો, તેટલા જલ્દી વિઝા અને ટિકિટ બુક થઈ જશે.

સાકીબે અજયકુમારને ઓનલાઈન કુલ 2.43 લાખ રૂપિયા ચૂકવ્યા હતા. ત્યારબાદ અજયકુમારે કહ્યું હતું કે, સામાન લઈને દિલ્હી જતા રહો, ટિકિટ મોકલી આપીશ. સાકીબ 9 માર્ચ, 2025ના રોજ દિલ્હી ગયા અને ત્રણ દિવસ રોકાયા હતા, પરંતુ કોઈ ટિકિટ મળી નહોતી. 5 એપ્રિલ, 2025ના રોજ એક ટિકિટ મોકલવામાં આવી, પરંતુ તેમાં બેગેજ લિમિટ માત્ર 15 કિલો જણાવાઈ હતી, જ્યારે સમજૂતી મુજબ 25 કિલો હોવી જોઈએ, જેથી ટિકિટ કેન્સલ કરવી પડી હતી.

આરોપીઓએ વારંવાર ટિકિટ મોકલી અને વિવિધ કારણોસર કેન્સલ કરી હતી. સાકીબે પૈસા પરત માંગતાં આજદિન સુધી કોઈ વળતર મળ્યું નથી. બાપોદ પોલીસે આ મામલે અજયકુમાર નટવરલાલ શર્મા અને સમીર મુની સામે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

### નવા ફ્લાયઓવર પર ST બસો નહીં દોડે

## જામનગરના ઈન્દિરા માર્ગ પર નીચેના રોડ પર 3 સ્ટોપ જાહેર કરાયા....

**જામનગર, તા.04**

જામનગર શહેરમાં ઈન્દિરા માર્ગ પર નવો ફ્લાયઓવર બ્રિજ બન્યો છે, પરંતુ રાજ્ય પરિવહન નિગમ (ST)ની એક પણ બસ આ નવા બ્રિજ ઉપરથી પસાર થશે નહીં. વિભાગીય નિયામક બી. સી. જાડેજા દ્વારા આદેશ કરવામાં આવ્યો છે કે ST બસો ઈન્દિરા માર્ગ પર નીચેના રોડ પરથી જ સંચાલન કરશે અને જૂના રૂટ મુજબ જ પસાર થશે.




શહેરીજનોને ST બસ સેવાનો લાભ મળી રહે તે માટે ત્રણ નવા સ્ટોપ જાહેર કરવામાં આવ્યા છે. જામનગરના ST ડેપોથી રાજકોટ તરફ જતી બસો માટે જૂના રેલવે સ્ટેશન (અંબર ચોકડી), કાલાવડ તરફ જતા સાત રસ્તા ચોકડી અને હાલાર હાઉસથી આગળ એમ કુલ ત્રણ જગ્યાએ સ્ટોપ અપાશે.

આ નિર્ધારિત સ્ટોપ પર મુસાફરોને બસમાં ચડાવવા અને ઉતારવા બંનેની વ્યવસ્થા કરવામાં આવી છે. રાજકોટ તેમજ કાલાવડ તરફથી આવતી બસો માટે સુરેશ ફરસાણ માર્ટથી આગળ જૂના રેલવે સ્ટેશન અને સાત રસ્તા સર્કલ પાસે મુસાફરોની સુવિધા ઉપલબ્ધ રહેશે.

અગાઉ સુભાષ બ્રિજ પાસે રોડની પહોળાઈ ઓછી હોવાથી અને બસ ઊભી રાખવાથી ટ્રાફિકની સમસ્યા થતી હતી. આ કારણે ગુરુદ્વારા અને સુભાષ બ્રિજ પાસેના જૂના પોઈન્ટ રદ કરવામાં આવ્યા છે. તેના બદલે, રાજપાર્ક પાસે લોકલ, એક્સપ્રેસ, ગુર્જર નગરી, સ્લીપર અને વોલ્વો સહિતની તમામ પ્રકારની બસોનું સંચાલન આ નવા રૂટ પરથી કરવામાં આવશે.

### ડેસરનો વિદ્યાર્થી જોબ સ્કેમમાં ફસાયો

## અલગ ટાસ્ક આપીને ઠગોએ 40 હજાર પડાવ્યાં, નફો કે રિફંડ ન મળતા સાયબર ક્રાઈમમાં ફરિયાદ

**વડોદરા, તા.04**

વડોદરા જિલ્લાના ડેસરના વિદ્યાર્થી સચીનકુમાર રમેશભાઈ ઉર્ફે બાબુભાઈ ભેદીને ઓનલાઈન પાર્ટ-ટાઈમ જોબની લાલચમાં રૂ. 45 હજાર ગુમાવવાનો વારો આવ્યો છે. આ સ્કીમમાં અજાણ્યા વ્યક્તિઓએ વ્હોટ્સએપ અને ટેલિગ્રામનો ઉપયોગ કરીને વિદ્યાર્થીને છેતર્યો હતો. તેઓને નાના રોકાણ પર નફો આપીને વિશ્વાસ જીતી લીધો અને પછી મોટી રકમ વસૂલી લીધી હતી. આ મામલે વિદ્યાર્થીએ ડેસર પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.



શરૂઆતમાં વિદ્યાર્થીના વ્હોટ્સએપથી અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો. મેસેજમાં સામે વાળી વ્યક્તિએ પોતાને 'ડેમ્કો ગ્રુપ ડિજિટલ માર્કેટિંગ કંપની'ના કર્મચારી તરીકે ઓળખ આપી અને પાર્ટ-ટાઈમ જોબની ઓફર કરી હતી. વિદ્યાર્થીને જોબમાં રોકાણ કરીને ટેલિગ્રામ ચેનલમાં જોડાઈને ટાસ્ક પૂર્ણ કરવાના હતા. તેણે આ લિંક પર ક્લિક કરીને ટેલિગ્રામ ચેનલમાં જોડાયા હતા. ચેનલમાં વિવિધ રકમના ટાસ્ક અને કોડ આપવામાં આવતા હતા.

મેમ્બર્સ પોતાના કોડ આપીને ગ્રુપમાં જોડાતા અને ટાસ્ક પૂર્ણ કરતા હતા. પેમેન્ટ માટે એક લિંક આપવામાં આવી હતી, જે 'લીલા નેન્સી' તરીકે ખુલતી હતી. આ લિંક દ્વારા UPI ID પર પેમેન્ટ કરવાનું કહેવામાં આવ્યું અને બેંક વિગતો માંગવામાં આવી હતી. શરૂઆતમાં 1000ના 1300 અને બાદમાં 1800 નફો બતાવી વધુ લાલચ આપતા વિદ્યાર્થીએ એક બાદ એક ટ્રાન્જેક્શન થકી 45000 હજાર આપી દીધા અને બાદમાં કોઈ નફો કે રિફંડ ન મળતા સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર ફોન કર્યો અને આ અંગે ફરિયાદ નોંધાવી હતી.

## જેલમાં બંધ કીર્તિ પટેલ સામે વધુ એક FIR : સુરતના વેપારીએ સો.મીડિયા પર બદનામ કરી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી

**સુરત, તા.04**

સુરત શહેરની કુખ્યાત અને વિવાદાસ્પદ સોશિયલ મીડિયા સ્ટાર કીર્તિ પટેલ સામે વધુ એક ગુનો દાખલ થયો છે, જે ગુજરાતમાં તેના વિરુદ્ધ નોંધાયેલો 10મો ગુનો છે. હાલમાં પાસા હેઠળ જેલમાં બંધ કીર્તિ પટેલને આનાથી મોટો ઝટકો લાગ્યો છે. આ વખતે લસકાણા પોલીસ સ્ટેશનમાં રેતી-કપચીના વેપારી અલ્પેશ ડોંડાએ કીર્તિ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. કીર્તિ પટેલ પર ખંડણીખોર પ્રવૃત્તિઓ અને સોશિયલ મીડિયા પર લોકોને બદનામ કરવાના અગાઉથી જ અનેક આરોપો છે. આ નવી ફરિયાદમાં પણ ધમકી અને બદનામ કરવાના આક્ષેપો મૂકવામાં આવ્યા છે.



વેપારી અલ્પેશ ડોંડાની ફરિયાદ મુજબ, સમગ્ર ઘટના ગત નવેમ્બર મહિનામાં બની હતી. અલ્પેશ ડોંડા એક ઈન્સ્ટાગ્રામ લાઈવ સેશનમાં જોડાયા હતા, જ્યાં અન્ય બે વ્યક્તિ કીર્તિ પટેલ વિશે એલફેલ બોલી રહ્યા હતા. લાઈવ દરમિયાન અલ્પેશ ડોંડા કીર્તિ પટેલ વિરુદ્ધ કંઈપણ બોલ્યા નહોતા અને તેઓ માત્ર સાંભળી રહ્યા હતા. આ બાબતની જાણ થતાં કીર્તિ પટેલે તેની ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી અલ્પેશ ડોંડાની આઈડી પર કોલ કર્યો હતો. કોલમાં કીર્તિ પટેલે ડોંડાને અભદ્ર ભાષામાં ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું.

કીર્તિ પટેલે ડોંડાને સવાલ કર્યો હતો કે તેણે લાઈવ દરમિયાન મારી વિશે એલફેલ કેમ સાંભળી લીધું, કેમ કંઈ બોલ્યો નહીં. એટલું જ નહીં, કીર્તિ પટેલે અલ્પેશ ડોંડાની પત્ની વિશે પણ અભદ્ર ભાષાનો ઉપયોગ કરીને ધમકીઓ આપી હતી. ધમકી આપવાની સાથે કીર્તિ પટેલે સોશિયલ મીડિયા પર અલ્પેશ ડોંડા અને તેની પત્ની વિશે અભદ્ર ભાષાનો ઉપયોગ કરી પોસ્ટ વાઈરલ કરી હતી અને મેસેજ પણ કર્યા હતા, જેથી તેમને બદનામ કરી શકાય.

અપશબ્દો બોલી ધમકી આપવા અને સોશિયલ મીડિયા પર બદનામ કરવાની પોસ્ટ વાઈરલ કરવા બાબતે લસકાણા પોલીસે કીર્તિ પટેલ સામે ધમકી આપવા અને બદનામ કરવાની ફરિયાદ નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે કીર્તિ પટેલ પર અગાઉ મારામારી, ખંડણી, અને સોશિયલ મીડિયા દ્વારા બદનામ કરવા જેવી અનેક ફરિયાદો નોંધાઈ ચૂકી છે. આ નવો ગુનો તેનાં વિવાદાસ્પદ કૃત્યોની યાદીમાં વધારો કરે છે, જેથી કીર્તિ પટેલ વિરુદ્ધ ગુજરાતમાં આ 10મો ગુનો નોંધાયો છે. સુરત પોલીસ છેલ્લા કેટલાક સમયથી ગુનાહિત ધમકી, ખંડણી અને ખાસ કરીને સોશિયલ મીડિયાનો દુરુપયોગ કરી ગુનાહિત પ્રવૃત્તિ આચરતા ઈસમો સામે કડક વલણ અપનાવી રહી છે. કાપોદ્રા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર. સોલંકી દ્વારા આ પ્રકારના આરોપીઓ, જેઓ વારંવાર પકડાવા છતાં સુધરતા નથી, તેમની સામે પાસા હેઠળ અટકાયતી કાર્યવાહી કરવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર, ચર્ચાસ્પદ કીર્તિ રણછોડભાઇ પટેલનું નામ આ યાદીમાં મોખરે હતું. કીર્તિ પટેલ તાજેતરમાં કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલા બળજબરીથી પૈસા પડાવવાના એક ગુનામાં પકડાઈ હતી, જોકે આ તેનો પહેલો ગુનો નહોતો. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે કીર્તિ પટેલ ગુનાહિત પ્રવૃત્તિ આચરવાની રીતસરની ટેવ ધરાવે છે અને તેનો ઈતિહાસ જોતાં તે સમાજની શાંતિ અને વ્યવસ્થા માટે જોખમરૂપ બની ગઈ હતી.

પાસા એક્ટનો મુખ્ય ઉદ્દેશ એવા 'આદતી ગુનેગારો'ને સમાજથી દૂર રાખવાનો છે, જેઓ જામીન પર છૂટ્યા પછી ફરીથી એ જ પ્રકારના ગુના આચરે છે. સામાન્ય કાયદાકીય પ્રક્રિયા આવા ઈસમોને રોકવામાં અપૂરતી સાબિત થતી હોવાથી પોલીસ દ્વારા પાસા પ્રપોઝલ તૈયાર કરાયું હતું.

## રાજકોટ બાર એસોસિએશનની ચૂંટણી:ભાજપના બે જૂથ વચ્ચે કાંટાની ટક્કર નિશ્ચિત, સમરસ પેનલનાં ઉમેદવારોએ વિજય મુહૂર્તમાં ઉમેદવારી નોંધાવી....

**રાજકોટ, તા.04**

રાજકોટ બાર એસોસિએશનની આગામી 2025-26ની ચૂંટણીને લઈને વકીલ આલમમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. આ ચૂંટણીમાં ભાજપના જ બંને જૂથો આમને-સામને મેદાને ઉતરતા સ્પર્ધા એકદમ ગરમાઈ ગઈ છે. એક તરફ RBA પેનલ છે, જ્યારે બીજી તરફ ભાજપ લીગલ સેલ પ્રેરિત સમરસ પેનલ છે, જેને કારણે બાર એસોસિએશનમાં વર્ચસ્વની લડાઈ હવે વધુ તીવ્ર બની છે. સમરસ પેનલ દ્વારા આજે વિજય મુહૂર્તમાં પોતાની ઉમેદવારી નોંધાવવામાં આવી હતી, જેના પગલે હવે ચૂંટણીમાં ખરાખરીનો જંગ જોવા મળશે તેવા સ્પષ્ટ એંધાણ છે.



ભાજપ લીગલ સેલ પ્રેરિત સમરસ પેનલમાં પ્રમુખ પદના દાવેદાર તરીકે સુરેશ ફળદુને ઉતારવામાં આવ્યા છે. સુરેશ ફળદુએ ઉમેદવારી જણાવ્યું હતું કે, આ ચૂંટણી માત્ર સત્તા માટેની નહીં, પરંતુ વકીલોના આત્મસન્માનની લડાઈ છે. તેમણે બાર એસોસિએશનના સભ્યો સામેના અનેક પડકારજનક મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો, જેને તેમની પેનલ પ્રાથમિકતા આપશે. તેમણે જણાવેલા મુખ્ય પડકારજનક પ્રશ્નોમાં વકીલો માટે ATM, પોસ્ટ ઓફિસ જેવી મૂળભૂત સુવિધાઓનો અભાવ અને વકીલ ભવન માટે ફાળવેલી 5 એકર જમીનનો પ્રશ્ન અગ્રસ્થાને છે. આ ઉપરાંત, વકીલોને તેમના કાર્યક્ષેત્રમાં પડતી મુશ્કેલીઓ, વિવિધ કચેરીઓ અને પોલીસ સાથેના ઘર્ષણના પ્રશ્નો, તેમજ જુનિયર વકીલોમાં કાયદાકીય જાગૃતિ લાવવાની જરૂરિયાત પર પણ તેમણે ભાર મૂક્યો હતો.

સુરેશ ફળદુએ ખાસ રાજકોટ બાર એસોસિએશનમાં તાજેતરમાં વકીલ સંદીપ વેકરિયા સાથે બનેલી ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો. આ ઘટનાને લઈને સિનિયર અને જુનિયર સહિત તમામ વકીલ મિત્રોમાં રોષ જોવા મળી રહ્યો છે અને આ જ કારણોસર તેમની પેનલ વકીલોના આત્મસન્માન અને હિતોની સુરક્ષા માટે આ ચૂંટણી લડી રહી છે. વકીલોમાં ચાલી રહેલી ખૂબ જ નારાજગી ને દૂર કરવા માટે તમામ વકીલો એકજૂથ થઈ સમરસ પેનલની તરફેણમાં મતદાન કરશે. આ અંગે તેમને 100% વિશ્વાસ છે.

ફળદુએ સંદીપ વેકરિયાના સભ્યપદ રદ થવા અંગે પણ આક્ષેપ કર્યો હતો કે, જે એજન્ડા નહોતો તે એજન્ડા વગર તેમનું સભ્યપદ રદ કરવામાં આવ્યું હતું, જે પૂરતું નહોતું. વેકરિયા ન્યાય મેળવવા માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં ગયા હતા. આ પ્રશ્ન ખૂબ સેન્સિટીવ હોવાથી અને તાત્કાલિક નિરાકરણ લાવવાની જરૂરિયાત હોવાથી બાર કાઉન્સિલના ચેરમેન અને વાઈસ ચેરમેન સહિતના તમામ હોદ્દેદારોએ પ્રશ્નની ગંભીરતા સમજીને તાત્કાલિક એક જ દિવસની અંદર તેમનું સભ્યપદ કાયમ કરી આપ્યું હતું, જેથી તેઓ ચૂંટણી લડી શકે.

આ નિર્ણયને લીધે સંદીપ વેકરિયાને થયેલા અન્યાયનો અંત આવ્યો છે. ચૂંટણીમાં હેલ્ધી કોમ્પિટિશન હોવી જોઈએ. કોઈને પાડી દેવા કે રોજીરોટી છીનવી લેવા અથવા નીચા દેખાડવા માટે પોતાની લાઈન લાંબી કરવાના બદલે, બીજાની લાઈન ટૂંકી કરીને પોતાની લાઈન લાંબી કરવાવાળાને 19 તારીખે આત્મસન્માનથી જવાબ મળશે. વિરોધી પેનલ વિશે વાત કરતા તેમણે કહ્યું હતું કે, એક સ્તર હોય છે, પરંતુ અહીં તો રોજીરોટી સુધી આ લોકો નીચે ઉતરી ગયા છે, જેનો જવાબ પણ તેમને 19 તારીખે મળી જશે.

બીજી તરફ, RBA પેનલમાં પ્રમુખ પદના દાવેદાર તરીકે સુમિત વોરા મેદાનમાં ઉતર્યા છે. સુમિત વોરા અને તેમની પેનલ પણ વકીલોના હિતોના રક્ષણ અને બાર એસો.માં સુધારા લાવવાના વચનો સાથે ચૂંટણી પ્રચારમાં જોડાઈ ગયા છે. બંને પેનલો પોતપોતાના ઉમેદવારોની જીત માટે એડીચોટીનું જોર લગાવી રહી છે. રાજકોટ બાર એસો.માં બે જૂથો વચ્ચેની સીધી ટક્કરને કારણે ચૂંટણીનું વાતાવરણ અત્યંત રસાકસીભર્યું બની ગયું છે. વકીલોના મતાધિકારથી હવે એ નક્કી થશે કે આગામી સમયમાં બાર એસોસિએશનનું નેતૃત્વ કયું જૂથ સંભાળશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# વિશ્વનો સૌથી લાંબો ઈ-હાઈવે બનાવવાની તૈયારી : દિલ્હી-ગુરુગ્રામ-જયપુર હાઈવે પર દર 50KM પર EV ચાર્જિંગ હબ હશે

**ગુરુગ્રામ, તા.04**

દેશમાં ઈલેક્ટ્રિક વાહનો (EV) ની ચાર્જિંગ સમસ્યા દૂર કરવા માટે નેશનલ હાઈવે ફોર EV (NHEV) દ્વારા 3G એનર્જી સ્ટેશન બનાવવામાં આવશે. દેશમાં પ્રથમ વખત ચાર્જિંગ સ્ટેશન પર જ ગ્રીડ ફ્રી એટલે કે સોલર, વિન્ડ, થર્મલ અને હાઈડ્રોજનથી પાવર જનરેટ કરીને ગાડીઓ ચાર્જ કરવામાં આવશે.

આ ચાર્જિંગ સ્ટેશનો પર 200 KW થી 500 KW સુધીના અલ્ટ્રા-ફાસ્ટ ચાર્જર લગાવવામાં આવશે, જેનાથી કોઈ પણ ઈલેક્ટ્રિક કાર માત્ર 30 મિનિટથી પણ ઓછા સમયમાં 100-200 કિલોમીટરની રેન્જ ચાર્જ કરી શકશે.

પ્રથમ તબક્કામાં દેશના પહેલા નેશનલ હાઈવે ફોર ઈલેક્ટ્રિક વ્હીકલ દિલ્હી-ગુરુગ્રામ-જયપુર કોરિડોર અને દિલ્હી-આગ્રા હાઈવે પર તેને શરૂ કરવાની યોજના છે. ગુરુગ્રામના ગ્વાલ પહાડી સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોલર એનર્જીમાં 5 ડિસેમ્બરે યોજાનારી NHEV વર્કિંગ કમિટીની 7મી મીટિંગમાં તેનો રોડમેપ ફાઈનલ થશે.

દિલ્હી-ગુરુગ્રામ-જયપુર કોરિડોર દેશનો પ્રથમ NHEV NHEV એ દોઢ વર્ષ પહેલાં દિલ્હી-ગુરુગ્રામ-જયપુર કોરિડોરને ઈલેક્ટ્રિક વાહન ફ્રેન્ડલી બનાવવા માટે ટ્રાયલ કર્યું હતું. ટ્રાયલ સફળ થતાં તેને દેશનો પ્રથમ NH ફોર EV જાહેર કરવામાં આવ્યો હતો. હવે સરકારે તેને સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક વ્હીકલ ફ્રેન્ડલી બનાવવાની ગતિ તેજ કરી છે.






દિલ્હીના ઈન્ડિયા ગેટથી લઈને જયપુરના આલ્બર્ટ પિન્ટો હોલ સુધીના લગભગ 280 કિમી લાંબા હાઈવે પર દર 50 કિમીએ બંને બાજુ મેગા ચાર્જિંગ હબ બનાવવાનું આયોજન છે.

ગ્રીન એનર્જી: આ સ્ટેશન 100% રિન્યુએબલ એનર્જીથી ઓપરેટ થશે. એટલે કે સોલર પેનલ, વિન્ડ ટર્બાઈન, હાઈડ્રોજન અને સ્ટોરેજ બેટરીથી પાવર જનરેટ કરવામાં આવશે. કોઈ ગ્રીડ કનેક્શન નહીં હોય. આનાથી એક સ્ટેશન વાર્ષિક 8,000 ટન CO2 બચાવી શકે છે. એટલે કે હાઈવે પર ચાલતી EV રિયલ ઝીરો એમિશન હશે. આ ભારતનો પહેલો એવો પ્રોજેક્ટ છે જે થર્મલ પાવરને સંપૂર્ણપણે બાયપાસ કરશે.

ગિગાનટિક: એનો અર્થ એ છે કે વિશાળ પાવર એટલે કે 3.2 મેગાવોટ ક્ષમતાના ચાર્જિંગ સ્ટેશન બનાવી શકાશે. એકસાથે 60-120 kW ફાસ્ટ ચાર્જર, ટ્રક-બસ માટે 600 kW પેન્ટોગ્રાફ, વાયરલેસ પેડ, બેટરી સ્વેપ અને હાઈડ્રોજન ડિસ્પેન્સર એક જ જગ્યાએ હશે. 800 kWhના 4 સબ-સ્ટેશન ભેગા કરીને 3,200 kWh સુધીની પાવર બનાવવાની યોજના છે. આટલી વીજળીથી 300 કાર અથવા 50 ટ્રક-બસ એકસાથે ચાર્જ થઈ શકે છે.

જનરેશન નેક્સ્ટ: આ સ્ટેશનો 5G નેટવર્ક, AI લોડ મેનેજમેન્ટ, જિયો રૂટ પ્લાનિંગથી સજ્જ હશે. ગાડી આપમેળે જણાવી દેશે કે આગલું 3G સ્ટેશન ક્યાં છે, કેટલો ચાર્જ બાકી છે, કેટલી વાર રોકાવું પડશે. 2047 સુધીમાં આ 6.4 MWના 5G સ્ટેશનમાં અપગ્રેડ થઈ જશે.

પર્યટન અને લોજિસ્ટિક્સને મળશે બૂસ્ટ આ પ્રોજેક્ટ ભારત સરકારના ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ (EODB) પાયલટનો એક ભાગ છે, જે નેશનલ હાઈવેને ઈ-હાઈવે (NHEV)માં બદલવા પર કેન્દ્રિત છે. નિષ્ણાતોનું કહેવું છે કે આ પ્રોજેક્ટથી ઈલેક્ટ્રિક ટેક્સી અને ટુરિસ્ટ બસો ચાલવા લાગશે.

હાલમાં મોટાભાગના લોકો પેટ્રોલ-ડીઝલ ગાડીથી જ મુસાફરી કરે છે કારણ કે ચાર્જિંગ સ્ટેશન ન મળવાનો ડર રહે છે. હવે 50 કિમી પર ચાર્જિંગ મળવાથી લોકો નિશ્ચિંત થઈને EVથી યાત્રા કરશે. લોજિસ્ટિક્સ કંપનીઓ પણ ઈલેક્ટ્રિક ટ્રક લાવવાની તૈયારી કરી રહી છે.

ગુરુગ્રામમાં દેશના સૌથી મોટા પ્રોટોટાઈપ EV ચાર્જિંગ સ્ટેશન NHEVનું પહેલું પ્રોટોટાઈપ EV ચાર્જિંગ સ્ટેશન જાન્યુઆરી 2022માં જ કાર્યરત થઈ ગયું છે. આ ભારતનું સૌથી મોટું EV સ્ટેશન છે, જે 500 કિમીના દિલ્હી-જયપુર-આગ્રા ઈ-હાઈવેના પાયલોટ પ્રોજેક્ટનો ભાગ છે.

સેક્ટર 52માં Alektrify હબ પર 100 ચાર્જિંગ પોઈન્ટ્સની ક્ષમતા છે, જેમાંથી 72 AC પાવરના ધીમા અને 26 DC પાવરના ફાસ્ટ ચાર્જર છે. અહીં રોજ 600થી 800 વાહન ચાર્જ થઈ રહ્યા છે. ફાસ્ટ ચાર્જિંગથી 2 કલાકથી પણ ઓછા સમયમાં કાર ફુલ ચાર્જ થઈ જાય છે.

માર્ચ 2022માં સેક્ટર 86માં બીજું પ્રોટોટાઈપ ચાર્જિંગ સ્ટેશન ખોલવામાં આવ્યું. જ્યાં 121 પોઈન્ટ્સ છે અને અહીં રોજ 1,000 EV ચાર્જ કરી શકાય છે. ગુરુગ્રામમાં દેશના બે સૌથી મોટા સ્ટેશન છે. આ બંને સ્ટેશન હાલમાં 72% યુટિલાઈઝેશન પર છે અને 26માં તેમને 3G અપગ્રેડ કરવામાં આવશે.

ગુરુગ્રામ થઈને પસાર થશે વિશ્વનો સૌથી લાંબો ઈ-હાઈવે અત્યાર સુધી જર્મનીના બર્લિનમાં 109 કિમી લાંબો ઈ-હાઈવે છે. દેશનો પ્રથમ ઈ-હાઈવે દિલ્હીના ઈન્ડિયા ગેટથી લઈને જયપુરના આલ્બર્ટ પિન્ટો હોલ સુધી જાહેર કરવામાં આવ્યો છે. લગભગ 280 કિમી લાંબો આ ઈ-હાઈવે સંપૂર્ણપણે તૈયાર થયા પછી વિશ્વનો સૌથી લાંબો હશે. પહેલાં તેનો શરૂઆતનો પોઈન્ટ ગુરુગ્રામ હતો, જેને પછીથી ઈન્ડિયા ગેટ સુધી લંબાવવામાં આવ્યો. દિલ્હીથી ગુરુગ્રામ-જયપુર અને પછી આગ્રા કોરિડોર પૂરો થયા પછી તે 500 કિમી લાંબો થઈ જશે.

# અમેરિકાનું F-16 ફાઈટર જેટ ક્રેશ : જમીન સાથે અથડાતાં જ આગ લાગી

## દુર્ઘટનાની થોડી સેકન્ડ પહેલાં પાઈલટ સુરક્ષિત બહાર નીકળી ગયો

**વોશિંગ્ટન, તા.04**

અમેરિકામાં US એરફોર્સના થંડરબર્ડ્સ સ્ક્વોડ્રનનું એક F-16 લડાકુ વિમાન ક્રેશ થયું. દુર્ઘટનાની થોડી સેકન્ડ પહેલાં પાઈલટ સુરક્ષિત બહાર નીકળી ગયો હતો, જેનાથી તેનો જીવ બચી ગયો.

આ અકસ્માત સ્થાનિક સમય મુજબ, સવારે 10:45 વાગ્યે દક્ષિણ કેલિફોર્નિયાના ટ્રોના નજીકના રણ વિસ્તારમાં થયો હતો. વિમાન ટ્રોના એરપોર્ટથી લગભગ ત્રણ કિલોમીટર દૂર ક્રેશ થયું હતું. એરપોર્ટ મેનેજરે જણાવ્યું હતું કે લશ્કરી વિમાનો વારંવાર આ વિસ્તાર ઉપરથી ઊડે છે.

સોશિયલ મીડિયા પર આવેલા વીડિયોમાં જોવામાં આવ્યું છે કે વિમાન ઝડપથી નીચે પડી રહ્યું હતું અને પાઈલટ પેરાશૂટના સહારે બહાર નીકળી આવ્યો હતો. જમીન સાથે ટકરાતાં જ વિમાનમાં મોટો ધમાકો થયો અને કાળો ધુમાડો આકાશમાં છવાઈ ગયો.

એરફોર્સના 2021ના ડેટા મુજબ, એક F-16 ફાઈટિંગ ફાલ્કનની કિંમત લગભગ 18.8 મિલિયન ડોલર (લગભગ 170 હજાર કરોડ) છે. આ એરક્રાફ્ટ થંડરબર્ડ્સ સ્ક્વૉડ્રનનું હતું. આ ટીમ લાંસ વેગાસ પાસેના નેલિસ એરફોર્સ બેઝ પરથી કામ કરે છે. આ ટીમ તેના એર શો અને ખતરનાક સ્ટંટ્સ માટે દુનિયાભરમાં જાણીતી છે. થંડરબર્ડ્સ ટીમે જણાવ્યું હતું કે તાલીમ મિશન દરમિયાન પાઈલટે સફળતાપૂર્વક ઈજેક્ટ કર્યું. પાઈલટને સામાન્ય ઈજાઓ થઈ અને તેને રિડ્જક્રેસ્ટની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો.



સ્થાનિક ફાયર વિભાગે જણાવ્યું હતું કે ઘટનાસ્થળે માત્ર પાઈલટ હાજર હતો અને આગથી આસપાસના વિસ્તારને કોઈ ખતરો નથી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સવારે 6 થંડરબર્ડ્સ જેટ તાલીમ માટે ઊડ્યાં હતાં, પરંતુ એમાંથી માત્ર પાંચ જ પાછાં ફર્યાં. પ્રારંભિક માહિતી અનુસાર, વિમાન ચાઈના લેક નેવલ એર વેપન્સ સ્ટેશન નજીક ક્રેશ થયું હતું.

આ વિસ્તારનો ઉપયોગ ઘણીવાર સૈન્ય તાલીમ માટે થાય છે. થંડરબર્ડ્સના એર શો અને તાલીમ મિશનમાં F-16 ફાઈટિંગ ફાલ્કન મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. એરફોર્સની 57મી વિંગ પબ્લિક અફેર્સ ઓફિસ અનુસાર, દુર્ઘટનાની તપાસ ચાલુ છે અને ક્રેશ સાઈટની તપાસ પૂર્ણ થયા પછી વધુ માહિતી શેર કરવામાં આવશે.

F-16 અમેરિકાનું પ્રખ્યાત અને શક્તિશાળી ફાઈટર જેટ છે, જેને 1970ના દાયકામાં જનરલ ડાયનેમિક્સ દ્વારા બનાવવામાં આવ્યું હતું. હવે એને અમેરિકી સંરક્ષણ કંપની લોકહીડ માર્ટિન બનાવે છે. પાકિસ્તાન સહિત 25થી વધુ દેશો F-16નો ઉપયોગ કરે છે.

F-16એ 2 ફેબ્રુઆરી 1974ના રોજ પ્રથમ વખત ઉડાન ભરી હતી. એને 21 જુલાઈ 1980ના રોજ 'ફાઈટિંગ ફાલ્કન' નામ આપવામાં આવ્યું હતું. વર્ષ 1976થી અત્યારસુધીમાં 4,600થી વધુ F-16 જેટ વિવિધ દેશો માટે બનાવવામાં આવ્યાં છે.

F-16ની ઝડપ 2414 કિલોમીટર પ્રતિ કલાક છે. એની રેન્જ 4220 કિલોમીટર સુધીની છે. એમાં એડવાન્સ રડાર સિસ્ટમ છે, સાથે જ એ એડવાન્સ હથિયારોથી સજ્જ હોય છે. આ ફાઈટર જેટ હવાથી હવામાં મારવામાં સક્ષમ છે. એ એક મિનિટમાં લગભગ 50 હજાર ફૂટની ઊંચાઈ સુધી જઈ શકે છે. F-16 ચોથી જનરેશનનું લડાકુ વિમાન છે. એ ખરાબ હવામાનમાં પણ ઉડાન ભરી શકે છે. અમેરિકા વર્ષ 2000થી F-16 જેટ ભારતને વેચવાનો પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ ભારતે એને ખરીદવાનો ઈનકાર કરી દીધો. આનું એક કારણ પાકિસ્તાનમાં એની હાજરી છે.

# બાબરી બનાવવાની જાહેરાત કરનાર TMC ધારાસભ્ય સસ્પેન્ડ

## હુમાયુ કબીરે કહ્યું- મસ્જિદ ચોક્કસ બનશે, તૃણમૂલ અને ભાજપ સામે વિધાનસભા ચૂંટણી લડીશ

**કોલકાતા, તા.04**

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદના બેલડાંગામાં બાબરી મસ્જિદ બનાવવાની જાહેરાત કરનાર ધારાસભ્ય હુમાયુ કબીરને તૃણમૂલ કોંગ્રેસ (TMC) એ ગુરુવારે પાર્ટીમાંથી સસ્પેન્ડ કર્યા છે. કોલકાતાના મેયર ફિરહાદ હકીમે આ માહિતી આપી. મેયરે કહ્યું કે પાર્ટી સાંપ્રદાયિક રાજનીતિમાં વિશ્વાસ કરતી નથી. TMCમાંથી હાંકી કાઢ્યા બાદ હુમાયુએ કહ્યું, 'હું મારા નિવેદન પર મક્કમ છું. હું 22 ડિસેમ્બરે મારી નવી પાર્ટીની જાહેરાત કરીશ. વિધાનસભા ચૂંટણીમાં 135 બેઠકો પર ઉમેદવારો ઉતારીશ. હું તે બંને (TMC અને ભાજપ) સામે ચૂંટણી લડીશ. મુર્શિદાબાદ જિલ્લામાં 28 નવેમ્બરે ઘણી જગ્યાએ બાબરી મસ્જિદના શિલાન્યાસના પોસ્ટર લગાવવામાં આવ્યા હતા. તેના પર લખ્યું હતું કે 6 ડિસેમ્બરે બેલડાંગામાં બાબરી મસ્જિદનો શિલાન્યાસ સમારોહ યોજાશે. પોસ્ટર પર હુમાયુ કબીરને આયોજક તરીકે દર્શાવવામાં આવ્યા હતા. ત્યારબાદ વિવાદ વધી ગયો હતો. TMCમાંથી હાંકી કાઢવામાં આવ્યા બાદ હુમાયુ કબીરે કહ્યું, 'હું 6 ડિસેમ્બરે બાબરી મસ્જિદનો શિલાન્યાસ કરીશ. આ મારો અંગત મામલો છે. કોઈ પાર્ટીને



આની સાથે કોઈ લેવાદેવા નથી. તેમણે મને અગાઉ પણ 2015માં 6 વર્ષ માટે સસ્પેન્ડ કર્યો હતો. હવે ફરી, આના પર મારે કંઈ કહેવું નથી. તેઓ જે કરવા માંગે તે કરે.'

કોલકાતાના મેયર ફિરહાદ હકીમે કહ્યું કે અમે જોયું કે મુર્શિદાબાદથી અમારા એક ધારાસભ્યએ અચાનક બાબરી મસ્જિદ બનાવવાની જાહેરાત કરી દીધી. અચાનક બાબરી મસ્જિદ કેમ? અમે તેમને પહેલા પણ ચેતવણી આપી હતી. તેમનું આ નિવેદન પાર્ટી લાઈનથી અલગ છે.

ધારાસભ્ય હુમાયુ કબીર દ્વારા બાબરી મસ્જિદ નિર્માણના પ્રસ્તાવ વિરુદ્ધ ગુરુવારે કલકત્તા હાઈકોર્ટમાં એક જનહિત અરજી (PIL) કરવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું કે હુમાયુ કબીરનો પ્રસ્તાવ બંધારણનું ઉલ્લંઘન કરે છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસની ડિવિઝન બેન્ચ આ મામલાની સુનાવણી કરી શકે છે.

1992- 6 ડિસેમ્બરના રોજ અયોધ્યામાં રામ જન્મભૂમિ-બાબરી વિવાદિત ઢાંચાને કાર સેવકોએ ધ્વસ્ત કરી દીધો હતો.

2003- આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (ASI)ના રિપોર્ટમાં બાબરી ઢાંચાવાળી જગ્યા પર મંદિર જેવી સંરચના મળવાનો દાવો કરવામાં આવ્યો. મુસ્લિમ પક્ષે તેને પડકાર્યો. 2010- 30 સપ્ટેમ્બરના રોજ ઈલાહાબાદ હાઈકોર્ટનો ચુકાદો આવ્યો, જેમાં વિવાદિત ભૂમિને ત્રણ ભાગમાં વહેંચવાનો આદેશ આપવામાં આવ્યો. મામલો સુપ્રીમ કોર્ટ પહોંચ્યો. 2019- 9 નવેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું કે 2.77 એકર વિવાદિત જમીન રામલલાની જન્મભૂમિ છે. મુસ્લિમ પક્ષને બાબરી માળખા માટે 5 એકર જમીન આપવાનો આદેશ આપ્યો. 2020- 5 ઓગસ્ટના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રામ મંદિર નિર્માણ માટે ભૂમિ પૂજન કર્યું. 2024- 22 જાન્યુઆરીના રોજ રામલલ્લાની પ્રાણ-પ્રતિષ્ઠા થઈ. રામલલ્લાના ગર્ભગૃહના દર્શન ઔપચારિક રીતે શરૂ થયા. 2019માં સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ રામ મંદિરથી લગભગ 25 કિમી દૂર, અયોધ્યામાં સોહાવલ તાલુકાના ધન્નીપુર ગામમાં મુસ્લિમ પક્ષને 5 એકર વૈકલ્પિક જમીન ફાળવવામાં આવી હતી.

# અમેરિકામાં પાકિસ્તાની PM-આર્મી ચીફ પર પ્રતિબંધ લગાવવાની માગ : 44 અમેરિકી સાંસદોએ વિદેશ મંત્રીને પત્ર લખ્યો, કહ્યું- પાકિસ્તાનમાં તાનાશાહી વધી રહી છે....

**વોશિંગ્ટન, તા.04**

અમેરિકી સંસદના 44 સાંસદોએ બુધવારે વિદેશ મંત્રી માર્કો રુબિયોને પત્ર લખીને પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફ અને આર્મી ચીફ આસિમ મુનીર પર તાત્કાલિક પ્રતિબંધ લગાવવાની માંગ કરી છે.

આ સાંસદોનો આરોપ છે કે પાકિસ્તાનમાં સેના સરકાર ચલાવી રહી છે. દેશમાં સામાન્ય લોકોના અધિકારોનું મોટા પાયે હનન થઈ રહ્યું છે. વિદેશમાં રહેતા પાકિસ્તાની મૂળના અમેરિકી નાગરિકોને પણ સરકાર વિરુદ્ધ અવાજ ઉઠાવવા પર ધમકીઓ આપવામાં આવી રહી છે.

આ પત્ર ડેમોક્રેટિક મહિલા સાંસદ પ્રમિલા જયપાલ અને સાંસદ ગ્રેગ કાસરના નેતૃત્વમાં લખવામાં આવ્યો છે. આમાં સાંસદોએ કહ્યું કે પાકિસ્તાનમાં તાનાશાહી વધી રહી છે. પત્રકારોને ધમકાવવામાં આવી રહ્યા છે, અપહરણ કરવામાં આવી રહ્યું છે અથવા દેશ છોડવા મજબૂર કરવામાં આવી રહ્યા છે.

સાંસદોએ પત્રમાં કેટલીક ઘટનાઓનો ઉલ્લેખ કર્યો છે. આમાં વર્જિનિયાના પત્રકાર અહેમદ નૂરાનીનો કેસ સામેલ છે. નૂરાનીએ પાકિસ્તાની સેનાના ભ્રષ્ટાચાર પર રિપોર્ટિંગ કર્યું હતું. આ પછી પાકિસ્તાનમાં રહેતા તેમના બંને ભાઈઓનું એક મહિનાથી વધુ



સમય સુધી અપહરણ કરીને રાખવામાં આવ્યા હતા.

આ જ રીતે જાણીતા સંગીતકાર સલમાન અહેમદના બનેવીનું પણ અપહરણ થયું હતું, જેમને અમેરિકી હસ્તક્ષેપ પછી જ છોડવામાં આવ્યા હતા. પત્રમાં સાંસદોએ પાકિસ્તાનમાં વધતા તાનાશાહી સંકટને લઈને ચિંતા વ્યક્ત કરી છે.

તેમના મતે, વિપક્ષી નેતાઓને આરોપ વિના જેલમાં ધકેલવામાં આવી રહ્યા છે. સામાન્ય નાગરિકોને માત્ર સોશિયલ મીડિયા પોસ્ટ પર ધરપકડ કરવામાં આવી રહી છે. મહિલાઓ, ધાર્મિક લઘુમતીઓ અને ખાસ કરીને બલુચિસ્તાનના લોકો પર સૌથી વધુ અત્યાચાર થઈ રહ્યા છે.

સાંસદોએ 2024ની સામાન્ય ચૂંટણીઓમાં થયેલી ગેરરીતિનો પણ ઉલ્લેખ કર્યો, જેના પર સ્વતંત્ર પાકિસ્તાની સંસ્થાના 'પટ્ટન રિપોર્ટ' ઉપરાંત ખુદ અમેરિકી વિદેશ વિભાગે પણ ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી અને સંપૂર્ણ તપાસની માંગ કરી હતી.

પત્રમાં કહેવામાં આવ્યું હતું કે 2024ની પાકિસ્તાની ચૂંટણીઓમાં ભયંકર ગેરરીતિ થઈ હતી. તેની સમગ્ર દુનિયાએ નિંદા કરી અને એક સ્વતંત્ર પાકિસ્તાની સંસ્થાના 'પટ્ટન રિપોર્ટ'માં બધી ગડબડીઓના પુરાવા સાથે દસ્તાવેજ તૈયાર કરવામાં આવ્યો છે. આ ચૂંટણીઓ દ્વારા માત્ર એક કઠપૂતળી સરકાર બનાવવામાં આવી છે, જે બહારથી સાચી લાગે છે પરંતુ ખરેખર તેને સેના ચલાવે છે. અમેરિકાના વિદેશ વિભાગે પણ તે સમયે કહ્યું હતું કે ચૂંટણીમાં ખૂબ મોટી ગડબડી થઈ છે અને તેની સંપૂર્ણ તપાસ થવી જોઈએ.

હવે સ્થિતિ એવી છે કે સેનાના દબાણ હેઠળ પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે એવો નિર્ણય સંભળાવ્યો છે કે સામાન્ય નાગરિકોના કેસ પણ સૈન્ય અદાલતોમાં ચાલી શકે છે. આનાથી અદાલતો સંપૂર્ણપણે સેનાના નિયંત્રણમાં આવી ગઈ છે અને જે અધિકારીઓ કે જનરલો અત્યાચાર કરે છે, તેમને સજા મળે તેવો કોઈ રસ્તો જ બચ્યો નથી.

સાંસદોના પત્ર અનુસાર, શરીફ અને મુનીર સહિતના વરિષ્ઠ પાકિસ્તાની અધિકારીઓ પર પ્રતિબંધો લગાવી શકાય છે, જે અમેરિકી કાયદાઓ હેઠળ શક્ય છે:

વિઝા પ્રતિબંધ: અમેરિકામાં મુસાફરી પર સંપૂર્ણ પ્રતિબંધ, જેના કારણે આ અધિકારીઓ કે તેમના પરિવારો અમેરિકામાં પગ મૂકી શકશે નહીં. આ એવા અધિકારીઓને લાગુ પડશે જેઓ અમેરિકી નાગરિકો કે નિવાસીઓને ધમકાવવા, તેમના પાકિસ્તાની સંબંધીઓનું અપહરણ કરાવવા અથવા હિંસા ભડકાવવા માટે જવાબદાર ઠરે છે.

સંપત્તિ જપ્તી: અમેરિકા અથવા અમેરિકી પ્રભાવવાળા દેશોમાં તેમની કોઈપણ સંપત્તિ, બેંક ખાતાઓ અથવા નાણાકીય લેણદેણ પર પ્રતિબંધ. આ ગ્લોબલ મેગ્નિટ્સકી એક્ટ હેઠળ કરી શકાય છે, જે માનવાધિકાર ઉલ્લંઘન કરનારાઓ વિરુદ્ધ આર્થિક દબાણ લાવે છે.

આસિમ મુનીર 2025માં બે વાર અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મળી ચૂક્યા છે. 18 જૂને ટ્રમ્પે તેમને લંચ માટે વ્હાઈટ હાઉસ બોલાવ્યા હતા. આ દરમિયાન બંનેએ બંધ રૂમમાં બેઠક કરી હતી. અમેરિકી-પાકિસ્તાની નાગરિકોએ મુનીર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરતા તેમને તાનાશાહ અને હત્યારા ગણાવ્યા હતા.


આ પછી પાકિસ્તાની પીએમ શાહબાઝ શરીફ અને આર્મી ચીફ આસિમ મુનીરે સપ્ટેમ્બરમાં ટ્રમ્પ સાથે મુલાકાત કરી હતી. ત્રણેય વચ્ચે લગભગ 1 કલાક 20 મિનિટ સુધી બેઠક ચાલી હતી.


# ઝાંસીમાં અમિતાભ બચ્ચનનો વોટ, 2003માં મતદાન કર્યું! : વોટર લિસ્ટમાં નામ મળ્યું, મકાન નંબર-54, પડોશીઓ બોલ્યા- અમે ફક્ત ફિલ્મોમાં જોયા છે

**ઝાંસી, તા.04**

ઝાંસીમાં ચાલી રહેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) પ્રક્રિયામાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં મતદાર યાદીમાં ફિલ્મ અભિનેતા અમિતાભ બચ્ચનનું નામ મળ્યું છે. યાદીમાં તેમના પિતા હરિવંશરાય બચ્ચનનું નામ પણ નોંધાયેલું છે. જ્યારે તેમના ઘરનો નંબર 54 લખેલો છે.

મતદાર યાદી મુજબ, અમિતાભ બચ્ચને 2003માં મતદાન પણ કર્યું હતું. ભાસ્કરની ટીમ જમીની હકીકત જાણવા વિસ્તારમાં પહોંચી, તો સ્થાનિક લોકોએ કહ્યું- અમે અમિતાભ બચ્ચનને ફક્ત ફિલ્મોમાં જોયા છે,





તેઓ અહીં ક્યારેય આવ્યા નથી. આ મામલો ઓરછા ગેટ બહારના કછિયાના વિસ્તારનો છે.

ખરેખરમાં, સમગ્ર રાજ્યમાં ચાલી રહેલા SIRમાં મતદારો પાસેથી 2003ની મતદાર યાદીમાં તેમના પરિવારજનોમાંથી નામ માગવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં લગભગ દરેક પરિવાર પાસે 2003ની SIR મતદાર યાદી છે. આમાં ઘણા લોકોને 2003માં મત આપ્યા પછી પણ તેમના નામ મળી રહ્યા નથી.

ઓરછા ગેટ બહારના કછિયાના મહોલ્લામાં મતદાર યાદીમાં અમિતાભ બચ્ચન પુત્ર હરિવંશરાય બચ્ચનનું નામ મળ્યું છે. મતદાર યાદીમાં તેમનો મકાન નંબર 54 નોંધાયેલો છે. સાથે જ તેમની ઉંમર યાદી મુજબ 76 વર્ષ છે.

જ્યારે આ માહિતી સામે આવી કે બોલિવૂડ અભિનેતા અમિતાભ બચ્ચનનું નામ ઝાંસી સદર વિધાનસભા-312ની મતદાર યાદીમાં સામેલ છે, ત્યારે સ્થાનિક લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. બધાનું કહેવું છે કે તેમણે અમિતાભ બચ્ચનને ફક્ત ફિલ્મોમાં જ જોયા છે, મહોલ્લામાં રહેવા કે આવવા વિશે કોઈ જાણકારી નથી.

ભાસ્કરે મતદાર યાદી તપાસી તો ભાગ નંબર 1માં અમિતાભ બચ્ચનનું નામ સ્પષ્ટપણે નોંધાયેલું મળ્યું. તે જ મકાન નંબર 54 પર સુરેન્દ્ર કુમાર (ઉં.વ.76) પુત્ર રાજેશ કુમારનું નામ પણ હાજર છે. બંને મતદારોના નામ અનુક્રમે 543 અને 544 નંબર પર નોંધાયેલા છે.

કછિયાના મહોલ્લામાં મકાન નંબર 54ની જગ્યાએ હવે એક મંદિર બનેલું છે. સ્થાનિક લોકોએ કહ્યું- આ વિસ્તારમાં અમિતાભ બચ્ચન નામનો કોઈ વ્યક્તિ ક્યારેય રહ્યો નથી. તેમનું કહેવું છે કે જે અભિનેતા અમિતાભ બચ્ચનને અહીંના મતદાર બનાવવામાં આવ્યા છે, તેમને અમે ફક્ત ટીવી અને ફિલ્મોમાં જોયા છે.

# સરકારી કર્મચારીઓને SIR ડ્યુટી નિભાવવી પડશે : સુપ્રીમ કોર્ટે...

**નવી દિલ્હી, તા.04**

સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું કે રાજ્ય સરકારો અથવા રાજ્ય ચૂંટણી પંચો દ્વારા નિયુક્ત કર્મચારીઓએ SIRની ફરજ બજાવવી પડશે. જો કોઈની પાસે ફરજમાંથી મુક્તિ માગવાનું કોઈ ખાસ કારણ હોય, તો રાજ્ય સરકાર તેમની અપીલ પર વિચાર કરીને તેમની જગ્યાએ અન્ય કર્મચારીની નિમણૂક કરી શકે છે. ભારતના ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે જણાવ્યું કે રાજ્ય સરકારના કર્મચારીઓ SIR સહિતના અન્ય વૈધાનિક કાર્યો કરવા માટે બંધાયેલા છે. રાજ્ય સરકારોની પણ ફરજ છે કે તેઓ ચૂંટણી પંચ (EC)ને કર્મચારીઓ ઉપલબ્ધ કરાવે.

કોર્ટે જણાવ્યું કે જો SIRના કામમાં રોકાયેલા બૂથ સ્તરીય અધિકારીઓ (BLO) પર કામનો બોજ વધારે હોય, તો રાજ્યોએ વધુ સ્ટાફને કામે લગાડવો જોઈએ. બેન્ચે કહ્યું- આનાથી BLOના કામના કલાકો ઘટાડવામાં મદદ મળશે અને પહેલાથી જ નિયમિત કામ ઉપરાંત SIR કરી રહેલા અધિકારીઓ પરનું દબાણ ઓછું થશે. સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી સાઉથ એક્ટર વિજયની પાર્ટી તમિલગા વેત્રી કડગમ (TVK)ની એક અરજી પર સુનાવણી દરમિયાન કરી. TVKની અરજીમાં કોર્ટને ECને એવો નિર્દેશ આપવા વિનંતી કરવામાં આવી હતી કે તે સમયસર કામ પૂરું ન કરનાર BLO વિરુદ્ધ કોઈ કાનૂની કાર્યવાહી ન કરે. TVK વકીલ ગોપાલ શંકરનારાયણન: અમારી પાસે 35થી 40 BLOની માહિતી છે, જેમણે આત્મહત્યા કરી છે. આ બધા આંગણવાડી કાર્યકરો અને શિક્ષકો છે. તેમને ROPAની કલમ 32 હેઠળ નોટિસ મોકલવામાં આવી રહી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે જો તેઓ સમય મર્યાદામાં કામ પૂરું નહીં કરે, તો તેમને 2 વર્ષની જેલ થશે. ઉત્તર પ્રદેશમાં BLO વિરુદ્ધ 50 FIR નોંધવામાં આવી છે. તેમને (ચૂંટણી પંચ) આના પર ગર્વ છે.

TVK વકીલ ગોપાલ શંકરનારાયણન: તમિલનાડુમાં એક છોકરાને લગ્ન કરવાના હતા, પરંતુ તેને રજા ન મળી અને તેણે આત્મહત્યા કરી લીધી. TVK વકીલ ગોપાલ શંકરનારાયણન: પરંતુ ચૂંટણી અધિકારી તેમનો બોસ હોય છે અને તેઓ ચૂંટણી પંચને રિપોર્ટ કરે છે.

તંત્રી લેખ

# બિહારમાં કિસાનોને ઇઝરાયેલ મોકલી કૃષિ ટેકનોલોજીથી માહિતગાર કરાશે...

બિહારમાં હવે ચૂંટણીનો માહોલ પુરો થયો છે અને તેની જગ્યા વિકાસની વાતોએ લીધી છે. બિહારમાં કિસાનોની આવકમાં વધારો કરવા અને તેમને નવા પ્રકારની ખેતી શીખવાડવાના આશયથી તેમને ઈઝરાયલની ટેકનોલોજી શીખવાડવાનું બીડું નિતીશ સરકારે હાથમાં લીધું છે. મળતી માહિતી અનુસાર બિહારમાં નીતિશ સરકાર તેના ખેડૂતોને ઉચ્ચ ટેકનોલોજી મિશ્રિત ખેતીની ટેકનોલોજી શીખવા માટે વિદેશ મોકલવાની તૈયારી કરી રહી છે. સરકાર શાકભાજી ઉગાડવાની ટેકનોલોજી શીખવા માટે ખેડૂતોને ઈઝરાયલ મોકલવાની પણ યોજના આગળ વધારી રહી છે. જેના કારણે કિસાનો ઓછા ખર્ચે, ઓર્ગેનિક શાકભાજી ઉત્પાદન ટેકનોલોજી અપનાવીને તેમનું ઉત્પાદન અને આવક વધારી શકશે.

બિહારના ખેડૂતોને ઉચ્ચ ટેકનોલોજીથી પહેલથી સશક્ત બનાવવા માટે, મુખ્યમંત્રી નીતિશ કુમારે મુખ્યમંત્રી વિશ્વ કૃષિ કૃત્રિમ બુદ્ધિમત્તા (છૈં) જનરેટેડ પ્રવાસ યોજના અને મુખ્યમંત્રી ગ્રામીણ હાટ વિકાસ યોજના માટેની તૈયારીઓ શરૂ કરી છે. આ પહેલ હેઠળ, ખેડૂતોને અદ્યતન ટેકનોલોજીમાં તાલીમ માટે વિદેશ મોકલવામાં આવશે, જ્યારે ગ્રામીણ હાટ આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે.

કૃષિ વિભાગને આગામી પાંચ વર્ષને ધ્યાનમાં રાખીને આ યોજનાઓ માટે વિગતવાર દરખાસ્તો તૈયાર કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

બિહારમાં ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણી જીત્યા પછી શપથ લેનાર નીતિશ કુમાર સરકાર અલગ દેખાઈ રહી છે. બિહારને સુધારવાનો ચાન્સ તેમને મળ્યો હોય એમ તે માની રહ્યા છે. જેમ ગૃહ ખાતું બુલડોઝર અને એનકાઉન્ટરનો ઉપયોગ કરીને સાફસૂફી હાથમાં લેશે એમ કૃષિ ખાતુ કિસાનોની આવકમાં વધારો થાય તેવા પ્રયાસો કરશે. આ વર્ષે, નીતિશ કુમાર સરકારે ગુના, અતિક્રમણ, રોજગાર, રોકાણ, ઉદ્યોગ અને કૃષિ ક્ષેત્રને પુનર્જીવિત કરવા માટે યોજનાઓ અમલમાં મૂકવાનું શરૂ કર્યું છે.

આધુનિક સિંચાઈ અને શાકભાજી ઉત્પાદન ક્ષેત્રે વિશ્વના અગ્રણી દેશ ગણાતા ઈઝરાયલ મોકલવાની યોજના છે. બિહાર સરકાર આ પ્રવાસમાં ખેડૂતોના પ્રથમ જૂથમાં ૪૦ ખેડૂતોને ઈઝરાયલ મોકલશે.

ઈઝરાયલની મુસાફરી કરતા બિહારના ખેડૂતો ત્યાં શાકભાજી ઉત્પાદન ટેકનોલોજી શીખશે. તેઓ પાણી વ્યવસ્થાપન પ્રણાલીઓ અને ઉચ્ચ ઉપજ પદ્ધતિઓ શીખશે. ઈઝરાયલથી ખેતી શીખીને પાછા ફરતા ખેડૂતોને બિહારમાં આ ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ ખેડૂતોને રાજ્યના અન્ય ખેડૂતોને આ ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે તાલીમ આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

બિહાર સરકાર મહિલા ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે એક અલગ યોજના શરૂ કરી રહી છે. કૃષિમાં મહિલાઓની વધતી ભૂમિકાને ધ્યાનમાં રાખીને, સરકાર મુખ્યમંત્રી ગ્રામીણ હાટ વિકાસ યોજના શરૂ કરી રહી છે. આ યોજના હેઠળ, ગ્રામીણ હાટ મહિલા-મૈત્રીપૂર્ણ અને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે.

# શરીરની ત્રૂટિ વિજ્ઞાન દૂર કરી શકે, પણ મનની ત્રૂટિ જ્ઞાન વગર દૂર કરવી અશક્ય છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં અમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હિન્દુ સનાતન સંસ્કૃતિને વિશ્વ ઉજાગર કરવામાં પાંડુરંગ દાદાની મહત્વની ભૂમિકા છે, એમણે સવારથી ઉઠીને રાત સુધીની ક્રિયા માટેના શ્લોક આપ્યાં છે, જેમ કે સવારે ઉઠીને કરાગ્રે વસતે લક્ષ્મી, કર મૂલે સરસ્વતી, કર મધ્યે તું ગોવિંદમ્, પ્રભાતે કર દર્શનમં. અર્થાત માનવીના જીવનમાં દરેકે દરેક ઈન્દ્રિયનું ખૂબ જ મહત્વ છે, પરંતુ ક્રિયા કાર્ય કે કર્મ માટે હાથનું મહત્વ ખુબ જ છે, અને તેથી હાથમાં ઈશ્વરની કલ્પના કરવામાં આવી છે. અથવા તો ત્યાં તેનું સ્થાન દર્શાવાયું છે. અગ્રભાગમાં લક્ષ્મી આપણે કોઈ વસ્તુ લેવી હોય તો હાથ ધરવો પડે, પણ જો એને દેવી હોય તો પકડવી પડે, અને પકડવા માટે આંગળાનો ઉપયોગ થાય છે, એટલે લક્ષ્મી દેવાથી વધે એવું કહેવાનો પણ અર્થ કાઢી શકાય. કર મુલે સરસ્વતી, માનવીના જીવન આમ જુવો તો ક્રિયા અને તેની વાણીથી જ નક્કી થતાં હોય છે એટલે સરસ્વતીનું પણ એક અનેરૂ મૂલ્ય છે, અને જ્ઞાન જીવનના અંત સુધી જળવાઈ રહે, તો જીવન અંતિમ તબક્કામાં પણ મહેકતું રહે. ગોવિંદ એટલે કે કૃષ્ણ, અને કૃષ્ણને આપણે ત્યાં પ્રેમાવતાર કહેવામાં આવે છે, તો જેનું જીવન ક્રિયા અને વાણીનું મહત્વ સમજીને જીવાયું હશે તેના જીવનમાં પ્રેમ સ્વરૂપે કૃષ્ણની હાજરી સતત ધબકતી રહેશે, એટલે કે મધ્ય ભાગ કૃષ્ણ તત્વ પ્રેમથી હર્યો ભર્યો હશે. હથેળી એક એવો બાગ છે જ્યાં આપણા ભવિષ્યની બધી જ રેખાઓને સીંચવામાં આવે છે, અને જો લાગણીનાં અમૃત થકી તેને પોષણ મળે, તો એ બાગમાં પૂર્ણપણે કૃષ્ણ તત્વ ઉજાગર થાય. આવો કંઈક અર્થ આ શ્લોકનો કાઢી શકાય. લગભગ બધા જ વૈષ્ણવ એટલે કે સુસંસ્કૃત લોકો સવારમાં આ શ્લોક બોલતાં હશે, પણ આજે તેનો જે અર્થ સદગુરુ કૃપા થકી કાઢવામાં આવ્યો, એ અર્થ કદાચ આજ પહેલા મેં પણ વિચાર્યો ન્હોતો, એ નિખાલસતાથી કબુલવું પડે. આપણી માનસિકતા ધીરે ધીરે અપંગ થતી જાય છે, તેનો સ્વીકાર કરવામાં આવે તો, તેમાંથી કંઈક સુધારાનુ પરિણામ મળી શકે, પરંતુ આપણે જો સ્વીકારવું જ ન હોય કે, આપણે યોગ્ય જીવન જીવી રહ્યા નથી, અથવા કંઈક ખોટ છે, તો એનું કંઈ જ થઈ શકે નહીં. એટલે કે ભૂલનો સ્વીકાર અથવા આત્મનિવેદન એક તબક્કે થવું એ બહુ જરૂરી હોય છે.

અપંગ શબ્દ પરથી યાદ આવ્યું, કે હમણાં જ વિશ્વ વિકલાંગ દિવસ ગયો. વિશ્વભરમાં કેવા કેવા રોગો થતાં હોય છે, અને જન્મથી જ કેટલાય બાળકો વિવિધ રીતે વિકલાંગ જોવા મળે છે, અને સરકાર એ તેને વિકલાંગ નહીં, પરંતુ દિવ્યાંગ નામ આપ્યું. કારણકે ઈશ્વરની જ રચનામાં ખોટ કેમ કાઢી શકાય!! શરીરમાં કોઈ ત્રૂટિ જન્મથી હોય કે જન્મ બાદ ત્રૂટિ આવે, પરંતુ તેઓનાં મનોબળ બહુ જ દ્રઢ હોય છે. ઘણાં વિકલાંગનાં



દાખલા આપણે જોઈએ તો તેઓએ જીવનમાં કંઈ ગુમાવ્યું છે, અથવા તો તેમની પાસે આ નથી, એવો અફસોસ કરવાનું છોડી, અને જે કોઈ ઈન્દ્રિય સાબૂત છે, એના વડે જીવન જીવવાનું શરૂ કર્યું, અને એનાં પરિણામે તેઓ બહુ મોટી મોટી સિદ્ધિઓ પણ હાંસલ કરી ચૂક્યા છે. આજે તો હવે વિજ્ઞાને ઘણી તરક્કી છે, પરંતુ 50 60 વર્ષ પહેલા પગ ન હોવો કે પોલિયો થવો, એ બહુ મોટી વિકલાંગતા કહેવાતી, અને ત્યારે આવી જ એક બાળાએ પોતાની કિસ્મતને માત આપવાનું વિચારીને નૃત્યની તાલીમ લેવાનું શરૂ કર્યું. સુધા ચંદ્રન નામની આ બાળા આજે બહુ મોટી અભિનેત્રી બની ગઈ છે, અને એવા તો વિશ્વભરમાં કેટલાંય હશે કે જેઓએ પોતાના આવાં પ્રારબ્ધને સ્વીકારીને આગળનાં જીવનનો માર્ગ કાઢ્યો, અને સિદ્ધિ પણ પ્રાપ્ત કરી હશે, એટલે આપણે ધારીએ તો બધું જ અહીં શક્ય છે. પરંતુ એની માટે પહેલાં પોતાનાં આ સ્વરૂપનો કે સંજોગોનો સ્વીકાર અને તેનો સંતોષ હોવો જોઈએ. ઘણા લોકો પાસે કંઈ જ હોતું નથી, અને છતાં તે એવી રીતે જીવે છે કે જાણે કે બધું છે, અને જાય છે ત્યારે એ રીતે જાય કે, જાણે તેનું કંઈ હતું જ નહીં. તો ફરિયાદનું વલણ એટલું મોટું રાખવું નહીં કે આવેલી પરીસ્થીતીને સ્વીકારીને જીવી શકાય નહીં. મને આ નથી મળ્યું, મને આ નથી મળ્યું, એમ કરીને જગતથી કે પછી સંબંધથી અલિપ્ત કે ઉદાસ રહીને જીવવું એ કંઈ જીવન નથી, અને એવું જીવન શુ કામનું કે, જેમાં આજ એટલે કે વર્તમાન જ મરી જાય! જીવનની આશા કે ઉમ્મીદ જ ન હોય, એ જીવન મૃત્યુ બરાબર છે. કોઈ ઈચ્છા, તડપ, પ્યાસ, પૂરી થયાં વગર સંતૃપ્ત થતી નથી, પણ જો પ્યાસ એટલે કે ઈચ્છા કે આકાંક્ષા જ ન્હોય, તો કોઈ તરસ રહેતી નથી, તો જ જીવનમાં ચેન મળશે એટલે કે, ઈચ્છા સમાપ્તિએ જીવનમાં શાંતિનો અનુભવ થાય છે. જીવન જીવવા માટે કોઈ ઠોસ કારણ, હેતુ, કે લક્ષ્ય, શોધી લ્યો તો ગમે તેવી મુસીબત વાળું જીવન હશે તો એમાંથી પણ માર્ગ નીકળશે.

ઈશ્વરની બનાવેલી આ દુનિયામાં, એકોએક જીવ શારીરિક રચનાની દ્રષ્ટિએ, રંગની દ્રષ્ટિએ, સ્વભાવની દ્રષ્ટિએ, અલગ અલગ મહત્વ ધરાવે છે, અને દરેકનાં જીવન વિશેનાં અભિપ્રાય પણ અલગ હોય છે. કોઈને રૂપિયો સુખ આપે છે તો, યકીન માનો કોઈને રૂપિયો દુઃખ પણ આપે છે. એટલે પોતાના જીવનના આવાં વિચારો જ આપણી માનસિક અપંગતા દર્શાવે છે, એને ગંભીર સ્વરૂપ આપ્યા વગર, જીવનના ઉત્થાન માટે વિચારી શકાય, અને તો જ જીવન કંઈક નવા આયામમાં જાય છે. બાકી બધા તો અહીં કીડા મકોડાની જેમ આવી આવીને, એ જ ગોળ આસપાસ એટલે કે ભોગ આસપાસ જીવીને જીવન પૂરું કરે છે. જ્યારે કંઈક વિશેષ કર્મ કરવું હોય તો આપણી આ ક્ષતિને સ્વીકારીને કંઈક વિચારવામાં આવે તો, નવી દિશા ખુલતી દેખાય છે. જ્યાં આગળ કેવળ સત્યના અજવાળા, પ્રેમનું પિયુષ પાણી, અને કરુણાનું વાતાવરણ છે. આ હરી ભરી પ્રકૃતિ આપણી માટે જ તો ઈશ્વરે નિયુક્ત કરી છે, અને તેનાં ત્યાગ સમર્પણ વિશે જ્ઞાન થતાં એનાં નિસ્વાર્થ પ્રેમનું મુલ્ય સમજાશે. સુરજને ખબર નથી કે તે આખો દિવસ તપીને કે સળગીને આપણને પ્રકાશ આપે છે, પવનને પણ ખબર નહિ હોય કે તેના લહેરાવવાથી આપણું જીવન શક્ય છે, પાણી પોતાની નિર્મળતા અંગે જાણતું નહીં હોય માટે જ નિર્મળ રહી શકે છે. આકાશની વિશાળતાનું માપ કોને પૂછીએ! કેટકેટલા બ્રહ્માંડ સમાવીને બેઠું છે! અને આ ધરા સતત પરિભ્રમણ કરતી હોવા છતાં આપણને સ્થિર રાખે છે. એટલે જ્યાં ત્યાગ કે સમર્પણ હોય એનું અહમ્ લાંબો સમય ટકી રહે નહીં. સંબંધોમાં આત્મિયતા કે સ્નેહ સાનિધ્યની જેમ આપણી ઝંખના છે, તેમ અન્યની પણ ઝંખના હોય, માટે આપણાં સમર્પણને ગાયાં વગર દરેકે દરેકના જીવનનું મૂલ્યાંકન ઈશ્વર કરી રહ્યો છે, માટે એને એની પર છોડીને, જેટલા વાણીથી મધુર અને કર્મથી ઉદાર રહી શકાય એટલા રહીએ. ન કરવાનું કેટલું જીવનમાં કરી ચૂક્યાં, હવે કરવા જેવું કંઈક વિશેષ કાર્ય જીવન છે ત્યાં કરી લઈએ, જેથી કરીને ખોટું જીવ્યાનો ગમ રહે નહીં, અને હલકા ફુલકા પવન જેમ આ દુનિયામાંથી વિદાય લઈ શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# આગામી વર્ષોમાં વીજળી, પાણીનો વપરાશ માણસો કરતા AI વધારે કરશે



દુનિયાના તમામ દેશોમાં લોકો દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ વધારે પ્રમાણમાં કરવામાં આવી રહ્યો છે. ખાસ કરીને ટેક્નોલોજી ક્ષેત્રના જાણકારો અને માંધાતાઓ માની રહ્યા છે કે આગામી યુગ કે આગામી વર્ષો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના રહેવાના છે. ચેટ જીપીટી, મેટા, જેમીનાઈ અને બીજા ઘણા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૂલ્સ છે જેનો લોકો દ્વારા રોજિંદા જીવનમાં ભરપૂર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેમાંય વિદ્યાર્થીઓ, યુવાનો અને નોકરી કરનારા કે અન્ય લોકો તેનો ઉપયોગ રોજિંદી જરૂરીયાતો પૂરી કરવા, રિસર્ચ કરવા, નવી નવી બાબતો જાણવા કે પછી માત્ર દુનિયામાં ચાલતા ટ્રેન્ડને અપનાવવા અને તેની સાથે જોડાવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરે છે. મહત્ત્વનું એ છે કે, તેનો ઉપયોગ જે રીતે અને જે ઝડપે વધી રહ્યો છે તે ચિંતા જન્માવી રહ્યો છે. એક તરફ એઆઈના દૂરૂપયોગ અને ગુનાખોરીનો તો ભય સમગ્ર વિશ્વમાં વ્યાપેલો છે પણ તેના બીજા દુષણો પણ છે જેના વિશે દુનિયા અજાણ છે અથવા તો આંખ આડા કાન કરી રહી છે. આ દુષણ ભવિષ્યમાં માનવજાતને જ ભોગવવાના આવે તેમ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના વધતા જતા ઉપયોગના કારણે ડેટા અને કમ્પ્યૂટિંગ પાવરની ડિમાન્ડ અનેક ગણી વધી છે. બીજી તરફ મોટાભાગના એઆઈ મોટા મોટા અને અત્યંત શક્તિશાળી સર્વર સાથે જોડાયેલા છે. આ સર્વર ખૂબ જ મોટા પ્રમાણમાં ઈલેક્ટ્રિસિટીનું કન્ઝમ્પ્શન કરે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે જોડાયેલા સર્વરો વધારે મોટા ડેટા સેન્ટરો સાથે જોડાયેલા છે. આ ડેટા સેન્ટરો દ્વારા વીજળીનો અતિશય ઉપયોગ કરવામાં આવે છે. તેના કારણે ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં મોટાપાયે વધારો થયો છે. બીજી તરફ આવા સર્વરો બનાવવામાં, ચલાવવામાં અને તેને ઠંડા રાખવામાં વીજળીની સાથે સાથે પાણીનો પણ મોટાપાયે વપરાશ થઈ રહ્યો છે. જાણકારોનો મત છે કે, જે રીતે એઆઈનો ઉપયોગ થઈ રહ્યો છે તેના પગલે આગામી બે વર્ષ સુધીમાં ૪.૨ થી ૬.૬ બિલિયન ક્યૂબિક મીટર પાણીનો વપરાશ થવાની શક્યતા છે. આ ઉપરાંત ડિજિટલ ઈકોનોમીની વાત કરીએ તો તેમાં પણ વર્ચ્યુઅલ સ્વરૂપ જોવા મળી રહ્યા છે. વર્ચ્યુઅલ કરન્સીના માઈનિંગમાં પણ ડેટા અને કમ્પ્યૂટિંગનો મોટાપાયે ઉપયોગ થઈ રહ્યો છે. તેમાં પણ મોટા મોટા સર્વર બારે મહિના અને ચોવીસે કલાક ચાલુ રાખવા પડે છે. ખાસ કરીને ભૌતિક સંસાધનો અને કાચા માલ ઉપર તે સૌથી વધારે આધાર રાખે છે. ડિજિટલ સાધનો અને સંસાધનો તથા પાયાગત માળખા માટે પ્લાસ્ટિક, કાચ, સિરામિક અને વિવિધ ખનિજો અને ધાતુઓનો ઉપયોગ થતો રહે છે. સૌથી નવાઈની વાત એ છે કે, બે કિલોગ્રામનું કમ્પ્યૂટર બનાવવા માટે લગભગ ૮૦૦ કિલો કાચા માલની જરૂર પડે છે. તેમાંય જ્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને સપોર્ટ કરનારા સાધનોનું નિર્માણ કરવામાં આવે છે ત્યારે તેમાં અત્યંત વધારે સંસાધનો અને ઊર્જાનો ઉપયોગ થાય છે.

# સફરની મજા લેવી હોય તો, સામાન ઓછો રાખવો અને જિંદગીની મજા લેવી હોય તો અરમાન ઓછા રાખવા, જો શાંતિની મજા લેવી હોય તો, મગજમાં વિચારો ઓછા રાખવા



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ આજે જોઇએ તો સૌભરી ઋષિ તપશ્ચર્યા કરી સિદ્ધ થયા હતા. તેથી તેમનાં દર્શન કરવા લોકોની બહુ ભીડ હતી.છેવટે સૌભરીએ યમુનાજીની ધરામાં તપશ્ચર્યા કરવા માંડી. એમની તપસ્યાનું એમને એવું અભિમાન થયું કે, એકવાર કહે, પરમાત્માની માયા મને શું અસર કરી શકવાની છે? બન્યું એવું, જળમાં માછલાંને ક્રીડા કરતાં જોઈ એમને તેવું સુખ ભોગવવાની ઈચ્છા થઈ તેથી માંધાતા રાજા પાસે ગયા. રાજાએ કહ્યું, આપ રાજમહેલમાં પધારો.જે કન્યા આપને પસંદ કરશે તે તમને આપીશ! સૌભરી ઋષિનું સ્વરૂપ તો એવું હતું કે, "અંગગલિતમ્ પલિતમ્, મુંડમ્' હતું. અંગો ગળી ગયેલાં, માથાંના વાળ પાકી ગયેલા, મોંના દાંત પડી ગયેલા, કેડો વાંકી વળી ગયેલી. પણ પરણવાની ઈચ્છા હતી, એટલે પોતાની સિદ્ધિના બળે અતિ સુંદર સ્વરૂપ ધારણ કરીએ રાજ મહેલ માં ગયા અને એમનું મનમોહક રૂપ જોઈ એમને પરણવા પચાસ કન્યાઓ તૈયાર થઈ,એટલે માંધાતા રાજાએ પચાસે પચાસ કન્યાઓનાં લગ્ન સૌભરી ઋષિ સાથે કર્યાં, પરંતુ પરણ્યા પછી ઋષિમાં વિવેકબુદ્ધિ જાગૃત થઈ કે, મેં આ શું કર્યું? મેં મારા તપ ઉપર પાણી ફેરવી દીધું! હવે તેમનું અભિમાન ઓગળી ગયું. પ્રભુનીમાયા મને શું કરીનાખવાની છે એવો ઘમંડ ઊડી ગયો.આમ સૌભરી ઋષિએ પોતાના દૃષ્ટાંત પરથી જગતને બોધ આપ્યો છે કે,સત્સંગનો અભાવ નભી જશે,કુસંગની હાજરી માણસને ખાડામાં નાખ્યા વિના નહીં રહે.

તે પછી સગર નામનો ચક્રવર્તી રાજા થયો.તેણે યજ્ઞ કર્યો, યજ્ઞનો ઘોડો છોડવામાં આવ્યો. તે ઘોડો ઈન્દ્ર ચોરી ગયો. સગરના પુત્રો ઘોડાની શોધમાં નીકળ્યા.કપિલ મુનિના આશ્રમમાં તેઓએ ઘોડો જોયો.તેઓએ માન્યું,કપિલ ઘોડા ની ચોરી કરી લાવ્યા છે.કપિલ મુનિને ચોર-ચોર કહી તેઓ શિક્ષા કરવા ધસ્યા પણ તે જ ઘડીએ કપિલ મુનિના તેજા ગ્રંથિ બળીને ભસ્મ થઈ ગયા.

હવે સગરનો પૌત્ર અંશુમાન તેમને શોધવા નીકળ્યો છે. તેમણે કપિલ ભગવાનની સ્તુતિ કરી. કપિલ મુનિ પ્રસન્ન થયા. અંશુમાનને યજ્ઞનો ઘોડો મળી ગયો.

અંશુમાને પૂછ્યું,મારા કાકાનો ઉદ્ધાર થાય તેવો ઉપાય બતાવો. કપિલ મુનિએ ગંગાજીને લાવવા અંશમાન તપ કર્યું.તેમના પુત્ર દિલીપે તપ કર્યાં.દિલીપના પુત્ર ભગીરથે તપ કર્યું.ત્રણ-ચાર જન્મનું તપ એકત્ર થાય ત્યારે જ્ઞાન ગંગા ઊતરે છે.એટલે જ્ઞાન મળે છે, પણ ગંગાજીના પ્રવાહને ઝીલી કોણ શકે? એટલે ભગીરથ રાજાએ ભગવાન શંકરની પ્રાર્થના કરી શિવજી જટા ઉપર ગંગાજીને ઝીલે છે અને એમની જટામાંથી ગંગા બહાર વહે છે. અનેક દેશનો ઉદ્ધાર કરતાં ગંગાજી પાતાળ પધાર્યા. સગરના પુત્રોની રાખને ગંગાજીનો સ્પર્શ થવાથી તેમને સદગતિ મળી. ગંગાએ જ્ઞાનનું સ્વરૂપ છે. ભગીરથ રાજા લઈ આવ્યા એટલે ગંગાજીનું નામ પડ્યું ભાગીરથી.ગંગા નારાયણનાં ચરણમાં છે,જ્યારે શિવજીને માથે છે.

આગળ ચાલતાં એ જ વંશમાં ખટ્વાંગ નામનો રાજા થયો. ખટ્વાંગને દેવો તરફથી જાણવા મળ્યું કે, અડતાલીસ મિનિટ પછી મૃત્યુ આવવાનું છે.તેણે સર્વ છોડીને ભગવાનમાં મન જોડી દીધું,અને શરીરનો ત્યાગ કર્યો. માત્ર એ ઘડીમાં ખટ્વાંગે પોતાનું આત્મકલ્યાણ સાધી લીધું.

ખટ્વાંગ પછી થયા દીર્ઘબાહુ અને દીર્ઘબાહુને ત્યાં થયા રઘુ.રઘુ મહાજ્ઞાની અને ઉદાર હતા. તેમણે




સર્વસ્વનો ત્યાગ કર્યો હતો. તેમની કીર્તિ એટલી વધી કે, સૂર્ય વંશનું નામ રઘુવંશ પડ્યું.

રઘુને ત્યાં થયા અજ અને અજને ત્યાં થયા દશરથ.રાજા દશરથ અયોધ્યામાં રાજ કરતા હતા. પૂર્વજન્મમાં તેઓ બ્રાહ્મણ હતા. બ્રાહ્મણનો એવો નિયમ કે, રોજ એક હજાર તુલસીદલ તેઓ ભગવાનને અર્પણ કરતા. એમ કરતાં વૃદ્ધ થયા.૮૫ વર્ષની ઉંમર થઈ.એક વખત તાવ આવ્યો. બ્રાહ્મણ તાવને કહે, હું મારા ઠાકોરજીની સેવા કરી આવું ત્યાં લગી તું થોભી જા,પછી આવજે! સંકલ્પ કર્યો તે જ ક્ષણે તાવ ઊતરી ગયો.વૃદ્ધ બ્રાહ્મણ મંદિર માં તુલસીદલ અર્પણ કરવા આવ્યા ત્યાં કોઈનો રડવાનો અવાજ સાંભળ્યો. જોયું તો એ પિશાચિની રડતી હતી. પિશાચિનીએ કહ્યું કે, પૂર્વજન્મમાં મેં મારા ધણીને બહુ ત્રાસ આપ્યો તેથી હું પિશાચ યોનિમાં આવી છું હવે આપ મારો ઉદ્ધાર કરો. બ્રાહ્મણને દયા આવી. બ્રાહ્મણે રોજના નિયમ પ્રમાણે વિષ્ણુ સહસ્ત્ર પાઠ કરી તુલસીપાન અર્પણ કર્યાં અને પ્રાર્થના કરી કે, હે પ્રભુ! આ પાપી જીવનો ઉદ્ધાર થાઓ! પ્રભુ પ્રસન્ન થયા. ભગવાને કહ્યું કે, બીજા જન્મમાં તું દશરથ થઈશ. પિશાચિની કૌશલ્યા થશે. હું તારે ત્યાં પુત્રરૂપે આવીશ.તારું પુણ્ય તે એક જીવ ના ઉદ્ધાર માટે વાપર્યું છે. તેથી તે અનંતગણું થયું છે.'

આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં છેલ્લે બે નાનકડી વાત જોઈએ તો એક સાપ સુથારના ઓજારના કોથળામાં ઘૂસી ગયો.તે અંદર ઘૂસતા જ સુથારના કોથળામાં રાખેલા કરવતથી તેના શરીર પર ચીરા પડ્યા તેનો દુ:ખાવો અને બળતરા થઈ.તેથી તે એકદમ

કરવત પર ગુસ્સા થયો અને તેણે કરવતને તેના જડબા વચ્ચે જોર થી દબાવી દીધી.તેનું મોં કરવતના દાંતાઓથી ઘાયલ થયું અને લોહી વહેવા લાગ્યું.

આ દુ:ખાવાથી રોષે ભરાઈને, સાપે પોતાનું આખું શરીર કરવત ની આસપાસ વીંટાળ્યું અને તેને પોતાની બધી તાકાતથી પકડી લીધું જેનાથી તેના આખા શરીરમાં કરવતના ઘા વાગ્યા અને તે મરી ગયો.એ જ રીતે,જ્યારે આપણને સહેજ પણ ઈજા થાય છે,ત્યારે આપણે સામેનીવ્યક્તિને પાઠ ભણાવવા માટે પોતાને ભારે નુકસાન પહોંચાડીએ છીએ.

મિત્રો, ક્રોધથી નુકસાન અને પસ્તાવા સિવાય બીજું કંઈ મળતું નથી.બીજી વાતએ એક સમયે, એક નિઃસંતાન રાજા હતો. તે વૃદ્ધ થઈ ગયો હતો અને તેના રાજ્ય માટે યોગ્ય ઉત્તરાધિકારી શોધવા માટે ચિંતિત હતો.યોગ્ય ઉત્તરાધિકારી શોધવા માટે,રાજા એ તેના રાજ્યમાં જાહેરાત કરી કે તે ચોક્કસ દિવસેસાંજે જે કોઈ તેને મળવા આવશે તેને તેના રાજ્યનો એક ભાગ આપશે, રાજ્યના વડા પ્રધાને આ નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી અને રાજાને કહ્યું,'મહારાજ,ઘણા લોકો તમને મળવા આવશે, અને જો તમે દરેકને તેમનો હિસ્સો આપો છો,તો રાજ્ય ફાટી જશે. આવું અવ્યવહારુ કામ ન કરો.'

રાજાએ વડા પ્રધાનને આશ્વાસન આપતા કહ્યું, 'પ્રધાનમંત્રી, ચિંતા કરશો નહીં;ફક્ત રાહ જુઓ અને જુઓ શું થાય છે.'જે દિવસે બધા મળવાના હતા,તે દિવસે રાજાએ મહેલના બગીચામાં એક ભવ્ય મેળો યોજ્યો. મેળો નૃત્ય, ગાયન અને પીણાથી ભરેલો હતો સ્વાદિષ્ટ ખોરાકનોભંડારઉપલબ્ધ હતો. અસંખ્ય રમતો પણ થઈરહી હતી ઘણા મુલાકાતીઓનાચવામાં અને ગાવામાં ખોવાઈ ગયા હતા, અન્ય દારૂ અને સ્ત્રીઓની સંગત માં, અન્ય અદ્ભુત રમતોમાં,અને અન્ય ખાવા,પીવા ને ભટકવાના આનંદમાં. સમય આમ જ પસાર થતો ગયો. પણ આ બધા વચ્ચે, એક માણસ એવો હતો જે અડગ રહ્યો, કારણ કે તેના મનમાં એક ચોક્કસ ઈચ્છા હતી.

તેનું લક્ષ્ય રાજાને મળવાનું હતું. તેથી તે બગીચો પાર કરીને મહેલ ના દરવાજા પાસે પહોંચ્યો.પરંતુ બે રક્ષકો તલવારો ખેંચીને ત્યાં ઉભા હતા.તેઓએ તેને રોક્યો. તેમના રોકવાની અવગણના કરીને અને રક્ષકોને આગળ ધકેલીને, તે નિયત સમયે રાજાને મળવા માંગતો મહેલમાં દોડીગયો તે પ્રવેશતાની સાથે જ રાજા તેને મળ્યોઅને કહ્યું,'આખરે મને મારા રાજ્યમાં એક એવો વ્યક્તિ મળ્યો છે જેણે લાલચમાં પડ્યા વિના પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કર્યું છે. હું તમને અડધું નહીં, પણ આખું રાજ્ય આપીશ.તું મારો ઉત્તરાધિ કારી બનીશ.'

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત સફળતા ફક્ત તે જ પ્રાપ્ત કરે છે જે લક્ષ્ય નક્કી કરે છે, તેના પર અડગ રહે છે, તેમના માર્ગમાં આવતી દરેક અવરોધનો સામનો કરે છે અને નાના અવરોધોને પણ અવગણે છે.'ભગવદ્ ગીતા જ્ઞાનમાં આપણે અહીં અટકીએ અસ્તુ.

# રાજકોટમાં ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપનો DGPના હસ્તે પ્રારંભ

## ઈન્ટરનેશનલ ખેલાડી લલિત ઉપાધ્યાયે કહ્યું - ઓલમ્પિક ખેલાડીઓ માટે TOPS સ્કીમ ખૂબ જ ફાયદાકારક






**રાજકોટ, તા.04**

રાજકોટના પોલીસ હેડ ક્વાર્ટર ગ્રાઉન્ડ ખાતે ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપનો DGP વિકાસ સહાયના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. જેમાં ભારતીય સંસ્કૃતિને પ્રસ્તુત કરતું અઠંગો નૃત્ય રજૂ કરવામાં આવ્યુ હતુ. દેશની પોલીસની 32 હોકી ટીમ વચ્ચે 10 દિવસ ખરાખરીનો જંગ જામશે. રાજકોટના મુખ્ય બે એવા મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી હોકી ગ્રાઉન્ડમાં ભવ્ય ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ઓપનિંગ સેરેમનીમાં ડીજીપીએ દેશરભરમાંથી પોલીસની હોકી ટિમો રાજકોટની મહેમાન બની તેનો ગુજરાતને ગર્વ હોવાનું તો હોકી સ્પોર્ટ્સની રીતે જ નહિ પરંતુ સંકલન, સમર્પણની ભાવનાઓથી રમાય છે તેમ જણાવ્યું હતું. જ્યારે હોકીના આંતરરાષ્ટ્રીય ખેલાડી અને ભારતીય ટીમના ભૂતપૂર્વ પ્લેયર લલિતકુમાર ઉપાધ્યાયે કેન્દ્ર સરકાર દ્વારા ઓલમ્પિક ખેલાડીઓને પ્રોત્સાહન માટે ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમને ખેલાડીઓ માટે આશીર્વાદરૂપ ગણાવી હતી.

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યુ હતુ કે, આજથી ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ચેમ્પિયનશિપનો રાજકોટમાં શુભારંભ થયો છે. 4 થી 14 ડિસેમ્બર સુધી દેશની 32 ટીમ વચ્ચે જંગ જામશે. જેમાં પોલીસ ભાઈઓની 24 તો બહેનોની 8 ટીમ છે. આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ પોલીસ હોકી ટુર્નામેન્ટમાં આકર્ષણનું કેન્દ્ર રહેશે. તેમણે જણાવ્યું કે, ભારતીય હોકીનુ નામ આવે ત્યારે મેજર ધ્યાનચંદનુ નામ સૌની મોખરે આવે.

દેશભરમાંથી પોલીસની હોકી ટીમો રાજકોટની મહેમાન બની તેનો ગુજરાતને ગર્વ છે. હોકી સ્પોર્ટ્સની રીતે જ નહિ પરંતુ સંકલન , સમર્પણ સહિતની ભાવનાઓથી રમાય છે. હોકી ટીમના 11 સભ્યોનું સંકલન ખુબ જ મહત્વ હોઈ છે. જેમાં એક ટીમ ભાવના અને એક ધ્યેય સાથે આગળ વધવાનું રહે છે. જ્યારે પોલીસ કમિશનર બ્રીજેશ કુમાર ઝાને સુદ્રઢ વ્યવસ્થા મામલે રાજ્યના પોલીસ વડાએ અભિનંદન પાઠવ્યા હતા. આ તકે આર્મ્સ એક્ટના ડીજી રાજુ ભાર્ગવ , રેન્જ આઈજી અશોકકુમાર યાદવ ,કલેક્ટર ડો. ઓમ પ્રકાશ , ડીડીઓ અનંદુ સુરેશ ગોવિંદ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જ્યારે હોકીના આંતરરાષ્ટ્રીય ખેલાડી લલિતકુમાર ઉપાધ્યાય કે જેઓ વર્ષ 2020 માં ટોક્યો અને 2024 માં પેરિસ ઓલમ્પિક રમતોમાં કાંસ્ય પદક જીતી ચૂક્યા છે. જેઓ ભારતીય ટીમના ભૂતપૂર્વ ખેલાડી પણ છે. હોકીના ખેલાડીઓને બુસ્ટ અપ કરવા માટે ગુજરાત પોલીસને અભિનંદન આપુ છું. આનાથી ગુજરાતમાં ખેલકૂદ માટેની રુચિ વધશે. તેમણે જણાવ્યું એટલે કેન્દ્ર સરકાર હોકીની રમતને પ્રોત્સાહન માટે ખૂબ જ સારું કામ કરી રહ્યું છે. એશિયન ગેમ્સ કે ઓલમ્પિક હોય તો તેના માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (TOPS) જે ઓલિમ્પિક્સમાં ભાગ લેનારા એથ્લેટ્સ માટે એક સોલ્યુશન પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે.

ગુજરાતમાં પ્રથમ વખત રાજકોટમાં 74મી ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેને લઈને રાજ્યના DGP વિકાસ સહાય અહીં આવી પહોંચ્યા હતા. 4 ડિસેમ્બરથી 15 ડિસેમ્બર સુધી દેશભરમાંથી પોલીસ તેમજ પેરા મિલ્ટ્રી ફોર્સની મેન્સ તેમ વુમનની 32 ટિમો ભાગ લેશે. આ માટે રાજકોટના મુખ્ય બે એવા મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી હોકી ગ્રાઉન્ડમાં ભવ્ય ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે આ માટે DGPની અધ્યક્ષતામાં અલગ અલગ 10 કમિટીની રચના કરવામાં આવી છે. આજે ભવ્ય ઓપનિંગ સેરેમની યોજાઈ હતી.

રાજકોટ શહેરના રેસકોર્સ મેદાન સ્થિત મનપા સંચાલિત મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ અને સૌરાષ્ટ્ર યુનિવર્સીટી કેમ્પસમાં આવેલ હોકી ગ્રાઉન્ડમાં આગામી તારીખ 4 ડિસેમ્બરથી 15 ડિસેમ્બર સુધી 74મી ઓલ ઈન્ડિયા પોલીસ હોકી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટમાં દેશભરની પોલીસ તેમજ પેરા મિલ્ટ્રી ફોર્સની 34 જેટલી મેન અને વુમન ટિમો ભાગ લઈ રહી છે. જેમાં દેશના 700 થી વધુ પોલીસના હોકી ખેલાડીઓ ભાગ લઇ રહ્યા છે. ગુજરાતમાં પ્રથમ વખત આયોજન થતા DGP વિકાસ સહાયની અધ્યક્ષતામાં 10 જેટલી કમિટી બનાવવામાં આવી છે અને તમામ કમિટીને અલગ અલગ જવાબદારી સોંપવામાં આવી છે. આજે પ્રથમ ભવ્ય ઓપનિંગ સેરેમની રાજકોટ શહેર પોલીસ હેડ ક્વાર્ટરમાં પરેડ ગ્રાઉન્ડ ખાતે સવારે 9 વાગ્યે શરૂ થઈ. જેમાં રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય ઉપસ્થિત રહ્યા હતા જેમણે ચેમ્પિયનશિપમાં ભાગ લેનાર દરેક ટિમ સાથે ઈન્ટ્રોડક્શન કર્યુ હતુ. જ્યારે તારીખ 15 ડિસેમ્બરના રોજ ક્લોઝિંગ સેરેમની સાંજે 4 વાગ્યે યોજવામાં આવશે. જેમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તેમજ રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય ઉપસ્થિત રહેશે.

# વિશ્વ એઇડ્સ દિવસની સપ્તાહિક ઉજવણી અંતર્ગત લીમડી સરકારી કન્યા શાળા ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

## ICTC કાઉન્સેલર હેતલ ભાભોર અને લેબ ટેક્નિશિયન ખ્યાતિ પટેલ દ્વારા ૧૧૦ વિદ્યાર્થીઓને HIV/AIDS વિશે આપવામાં આવ્યું માર્ગદર્શન



**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 04**

વિશ્વ એઇડ્સ દિવસ ૦૧ ડિસેમ્બરની સપ્તાહિક ઉજવણીના ભાગરૂપે દિશા ડાપકુના માર્ગદર્શન હેઠળ જિલ્લા ટીબી HIV અધિકારી (DTHO) શ્રી ડૉ. આર. ડી. પહાડીયા તથા સામુહિક. આરોગ્ય કેન્દ્ર લીમડીના અધિક્ષકશ્રી ડૉ. ડી. કે. પાંડેની આગેવાની હેઠળ લીમડી ગામની સરકારી કન્યા શાળામાં HIV/AIDS અંગે જાગૃતિ લાવવા માટે વિશેષ કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓમાં જાગૃતિ ફેલાવવા માટે ડ્રોઈંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહનરૂપે ઈનામો વડે સન્માનિત કરવામાં આવ્યા હતા.

ICTC કાઉન્સેલર સુશ્રી હેતલ ભાભોર અને લેબ ટેક્નિશિયન સુશ્રી ખ્યાતિ પટેલ દ્વારા કુલ ૧૧૦ વિદ્યાર્થીઓને HIV/AIDS વિશે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળાના આચાર્યશ્રી તથા સ્ટાફના સહકારથી કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

આ પ્રકારના જાગૃતિ કાર્યક્રમો દ્વારા સમાજમાં HIV/AIDS અંગે સાચી સમજણ, નિવારણ અને સકારાત્મક અભિગમ વિકસે તેવા હેતુસર આરોગ્ય વિભાગ દ્વારા સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# નાનસલાઈ ગામે પ્રેમપ્રકરણને લઈ તંગદિલી : યુવકનું ઘર સળગાવાયું

## ઘરમાં રહેલું ઘરવખરી બળીને ખાખ : અંદાજીત એક લાખથી વધુનું નુકસાન





**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 04**

ઝાલોદ તાલુકાના નાનસલાઈ મુકામે પ્રેમપ્રકરણને લઈ બે પરિવારો વચ્ચે તંગદિલી સર્જાતા ગંભીર બનાવ બહાર આવ્યો છે. ગામમાં રહેતા તુષાલ પરમાર અને સામે રહેતી યુવતી વચ્ચે લાંબા સમયથી પ્રેમ સંબંધ હતો. બંને પુખ્ત વયના પ્રેમી યુગલો 30 નવેમ્બર 2025ના રોજ ઘર છોડીને અજાણ્યા સ્થળે નાસી ગયાની માહિતી સામે આવી છે.

યુવતીના પરિવારજનોને યુવતી અંગે યોગ્ય માહિતી ન મળતા ગુસ્સો ફાટી નીકળ્યો હતો. આક્ષેપ મુજબ યુવતીના પરિવારના અંદાજીત ચાર વ્યક્તિઓ તુષાલ પરમારના ઘરમાં ઘૂસી ગાળો આપી ઘરને આગ લગાવી દીધી હતી.

આગની ઘટના બાદ તાત્કાલિક ફાયર બ્રિગેડે સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવ્યો, તેમ છતાં ઘરમાં રહેલી ઘરવખરી સંપૂર્ણ રીતે બળીને ખાખ થઈ ગઈ હતી. નુકસાનનો અંદાજ એક લાખથી વધુ હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાના અનુસંધાને યુવકના પરિવારજનો દ્વારા યુવતીના અંદાજીત ચાર વ્યક્તિઓ વિરુદ્ધ ઘરમાં ઘૂસી આગ લગાવી નુકસાન પહોંચાડ્યાની નોંધ ઝાલોદ પોલીસ સ્ટેશનમાં કાયદેસર ફરિયાદ કરવામાં આવી છે. પોલીસ ઘટનાની ગંભીરતાને પગલે વધુ તપાસ હાથ ધરી છે.

# વિશ્વ એઇડ્સ દિવસ 2025ની ઉજવણી- દાહોદ એચિવર નર્સિંગ કોલેજ, લીમડી ખાતે વિશ્વ એઇડ્સ દિવસની ઉજવણી કરાઈ...

**ઝાલોદ પ્રતિનિધિ દ્વારા, તા. 04**

નિયામક શ્રી આયુષની કચેરી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના નિર્દેશનમાં અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી દાહોદ ના માર્ગદર્શન હેઠળ જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી દાહોદ ની ટીમ દ્વારા એચિવર નર્સિંગ કોલેજ લીમડી ખાતે મંગળવાર ૨ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ વિશ્વ એઇડ્સ દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી.

આ વર્ષની થીમ 'અવરોધોને દૂર કરીને, એઇડ્સ પ્રતિભાવમાં પરિવર્તન લાવવું' (Overcoming disruption, transforming the AIDS response) પર જાગૃતિ વધારવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે જિલ્લા આયુર્વેદ અધિકારી શ્રી સુધીર જોશી , સરકારી



હોમિયોપેથિક અધિકારી ડૉ. પ્રિકેશ નાયક અને નર્સિંગ કોલેજ ટ્રસ્ટી શ્રી પિન્ટુ સોની, ધોરણ ૧૧/૧૨ આર્ટ્સના પ્રિન્સિપાલ શ્રી મહેશ ડામોર, રોહિતભાઈ વૈરાગી, પ્રિન્સિપાલ રોહિણી બારીઆ તથા નર્સિંગ પ્રોફેસર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની મુખ્ય વિશેષતાઓ

પ્રશ્નોત્તરી : વિદ્યાર્થીઓ દ્વારા પ્રશ્નોત્તરી કરવામાં આવી. જેમાં એચઆઈવી સાથે જીવતા લોકોની સારવાર (treatment) કઈ રીતે કરવી, અને સામાજિક કલંક (stigma) કઈ રીતે દૂર કરવું તથા આપડા સમાજ માં થતા ભેદભાવ (discrimination) સામે લડવાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો.અને સારું એવું જાણવા પણ મળ્યું હતું.

વક્તવ્યો: અનેક વિદ્યાર્થીઓએ વક્તવ્યો આપ્યા, જેમાં એઇડ્સ પ્રતિભાવની વર્તમાન સ્થિતિ, ૨૦૨૫ ની થીમનું મહત્વ, અને '૨૦૩૦ સુધીમાં એઇડ્સનો અંત' ના લક્ષ્યને હાંસલ કરવામાં આરોગ્ય કર્મચારીઓની ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. સુધીર જોશી દ્વારા પ્રેરણા દાયક સંબોધન કરવામાં આવ્યું, જેમાં ડૉ. સુધીર જોશીએ એઇડ્સ (AIDS) જેવા ગંભીર રોગના નિવારણ અને સારવારમાં આયુર્વેદ અને હોમિયોપથીની પૂરક ભૂમિકા વિશે માહિતી આપી. આયુર્વેદમાં એવી ઔષધિઓ અને ફોર્મ્યુલેશન છે જે રસાયણ (Rejuvenation) ગુણધર્મો ધરાવે છે અને રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવામાં મદદ કરે છે. ઉદાહરણ તરીકે, ગિલોય (ગુડોચી), અશ્વગંધા, આમળા, અને તુલસી જેવી ઔષધિઓ કુદરતી રીતે ઈમ્યુનિટી બૂસ્ટર તરીકે કામ કરે છે. આ સારવારનો ઉદ્દેશ શરીરના દોષો (વાત, પિત્ત, કફ)ને સંતુલિત કરવાનો અને શરીરના સંરક્ષણ તંત્રને સક્રિય કરવાનો છે.

આધુનિક દવા (ART) સાથે આયુર્વેદ અને હોમિયોપથીનો સંકલિત (Integrated) અભિગમ એઇડ્સ સાથે જીવતા લોકો માટે જીવનની ગુણવત્તા સુધારવા અને લાંબુ, સ્વસ્થ જીવન જીવવા માટે મદદરૂપ થઈ શકે છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન એચિવર નર્સિંગ કોલેજ લીમડી ના પ્રિન્સિપાલ અને સ્ટાફ દ્વારા કરવામાં આવ્યુંહતું.

# ચોટીલા મંદિર, રાજકોટ મો.સા. ચોરીનો ભેદ ઉકેલાયો: ₹85,800ના મુદ્દામાલ સાથે એક આરોપી ઝડપાયો, બે ગુના ડિટેક્ટ થયા...

**સુરેન્દ્રનગર, તા.04**

સુરેન્દ્રનગર પોલીસે ચોટીલાના નાવા ગામે થયેલી મંદિર ચોરી અને રાજકોટ રેલવે પોલીસ સ્ટેશનમાં થયેલી મોટરસાઈકલ ચોરીનો ભેદ ઉકેલ્યો છે. પોલીસે 85,800ના મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહી સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂના નિર્દેશ હેઠળ કરવામાં આવી હતી.

જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા, તેમજ શરીર અને મિલકત સંબંધિત ગુનાઓ અટકાવવા માટે પોલીસ અધિક્ષકશ્રીએ એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર જે.જે. જાડેજાને અનડિટેક્ટેડ ગુનાઓ શોધી કાઢવા અને આરોપીઓને ઝડપથી પકડવા સૂચના આપી હતી.

આ સૂચનાના આધારે, એલ. સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર જે.જે. જાડેજા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.વાય. પઠાણ અને પેરોલ ફર્લો સ્ક્વોડના ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એન.એ. રાયમાએ અલગ-અલગ ટીમો બનાવી હતી. આ ટીમો ગુનાઓ ડિટેક્ટ કરવા માટે સક્રિય હતી.

દરમિયાન, પોલીસ હેડ



કોન્સ્ટેબલ મુન્નાભાઈ રાઠોડને મળેલી ચોક્કસ બાતમીના આધારે, એક ઈસમને ચોરી કરેલા દાગીના અને એક સ્કૂટર સાથે પકડી પાડવામાં આવ્યો. પોલીસે કુલ 85,800નો મુદ્દામાલ કબજે કર્યો છે. કબજે કરાયેલા મુદ્દામાલમાં ચાંદીના નાના-મોટા 25 છત્તર (આશરે 9,000), ધાતુનું માતાજીનું ત્રિશૂળ (500), નંગવાળું ધાતુનું છત્તર (300), ધાતુના હાથી (1,000) અને એક વાદળી કલરનું એક્સેસ સ્કૂટર (75,000)નો સમાવેશ થાય છે.

પકડાયેલા આરોપીનું નામ જયંતિભાઈ ઉર્ફે જેઠો ઈશ્વરભાઈ પારઘી છે, જે થાનગઢના આંબેડકરનગર, જવાહર સોસાયટીનો રહેવાસી છે. આ ગુનામાં અશોકભાઈ ઉર્ફે બીછુ હમીરભાઈ ખાવડુ (રહે. થાનગઢ, મફતિયા પરા) હજુ ફરાર છે.

આ સફળ કામગીરીમાં એલ. સી.બી. સુરેન્દ્રનગરના પોલીસ ઈન્સ્પેક્ટર જે.જે. જાડેજા, પોલીસ સબ ઈન્સ. જે.વાય. પઠાણ, પેરોલ ફર્લો સ્ક્વોડના ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પેક્ટર એન.એ. રાયમા, પો.હેડ કોન્સ. મુન્નાભાઈ રાઠોડ, દેવરાજભાઈ જોગરાજીયા, પો.કોન્સ. શક્તિસિંહ ચૌહાણ, કપિલભાઈ સુમેરા, કુલદીપભાઈ બોરીચા અને ડ્રા.પો.હેડ કોન્સ. વિક્રમભાઈ બાવળીયા સહિતના સ્ટાફનો સમાવેશ થાય છે.

# બંધ મકાનમાંથી લાખોનો દારૂ ઝડપાયો : નીલમબાગ પોલીસે ₹3.27 લાખનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો

**ભાવનગર, તા.04**

ભાવનગરની નીલમબાગ પોલીસે બાતમીના આધારે કાળાનાળા, કાળુભા રોડ પર આવેલા એક બંધ મકાનમાંથી ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂની નાની-મોટી કુલ 800 થી વધારે બોટલો કિંમત રૂ. 3 લાખથી વધુ નો મુદ્દામાલ ઝડપી લઈ કાયેસદરની કાર્યવાહી હાથ ધરી હતી રેઈટ દરમ્યાન દારૂનું વેચાણ કરનાર રાજુ સોલંકી ફરાર થઇ ગયો હતો.



આ બનાવ અંગે નીલમબાગ પોલીસ મથકેથી મળતી માહિતી મુજબ નીલમબાગ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ અજય બારૈયાને બાતમી મળી હતી કે, કાળાનાળા કાળુભા રોડ, વાઘવાળા ડેલા, ભાવનગરના રહેવાસી રાજુ સોલંકીએ પોતાના મકાનની બાજુમાં આવેલા અતુલ નટવરલાલ શાહના ભાડે રાખેલા જૂના બંધ મકાનમાં ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂ સંતાડ્યો છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક પંચોને સાથે રાખીને બાતમીવાળી જગ્યાએ દરોડો પાડ્યો હતો, દરોડા દરમિયાન જાણવા મળ્યું કે, ત્યાં બે માળના મકાનના છેલ્લા મકાનમાં દારૂ છુપાવેલો હતો. પોલીસ અને પંચો મકાનના પાછળના ભાગેથી લોખંડની જાળીવાળા દરવાજામાંથી અંદર પ્રવેશ્યા હતા. અંદર જમણી સાઈડ રસોડાનો દરવાજો આવેલો હતો, જેને તાળું મારેલું હતું. તે સમયે મકાનમાં કોઈ ઈસમ હાજર નહોતો. ઝડતી કરવા માટે પોલીસે પંચોની હાજરીમાં જરૂરી બળ વાપરીને મકાનનો દરવાજો ખોલી અંદર પ્રવેશ કર્યો હતો. રસોડામાં પ્રવેશતા જ જમણી સાઈડ આવેલા પ્લેટફોર્મની નીચે ભોંયતળિયે અલગ-અલગ પૂંઠાના બોક્સ પડેલા હતા.

પોલીસે તમામ બોક્સ ખોલીને તપાસ કરતાં તેમાંથી કંપની સીલપેક કરેલી અલગ-અલગ કંપનીની ભારતીય બનાવટની પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂની નાની-મોટી બોટલો મળી આવી હતી. જેમાં પોલીસે સ્થળ પરથી 750 ml ની રોયલ વ્હિસ્કીની 60 બોટલ જેની કિંમત રૂ.78,000, 180 ml (ક્વાર્ટર/ચપટા) ની રોયલ વ્હિસ્કીની 768 બોટલ જેની કિંમત રૂ.2,49,600 મળી કુલ રૂ.3,27,600 નો મુદ્દામાલ કબજે કરી રાજુ સોલંકી દારૂનું વેચાણ કરવાના ઈરાદે સ્થળ પર હાજર ન મળતા, તેની સામે પ્રોહિબિશન કલમ 65(એ)(ઈ) અને 116(બી) મુજબનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં મહિલાનો ₹2.5 લાખનો દાગીનાનો થેલો મળ્યો:નેત્રમ CCTV મોનિટરિંગથી ત્રણ દિવસ બાદ પોલીસે પરત કર્યો

**જામનગર, તા.04**

જામનગરમાં એક મહિલાનો સોનાના દાગીના અને કપડાં ભરેલો થેલો રિક્ષામાં ભૂલાઈ ગયો હતો. કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (નેત્રમ) દ્વારા ત્રણ દિવસના સતત સીસીટીવી મોનિટરિંગ બાદ આ થેલો શોધી કાઢી મહિલાને પરત કરવામાં આવ્યો છે. થેલામાં આશરે 2.50 લાખની કિંમતના સોનાના દાગીના હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, જામનગરના રામેશ્વરનગરના રહેવાસી કાજલબેન પરિક્ષિતભાઈ પાઠક ગત તા. 30 નવેમ્બર, 2025ના રોજ સવારે 10:30 વાગ્યે પંચેશ્વર ટાવરથી રામેશ્વરનગર જવા માટે એક રિક્ષા ભાડે કરી હતી. તેઓ પોતાના સસરાના ઘરેથી પોતાના ઘરે જઈ રહ્યા હતા અને તેમની સાથે ત્રણ બેગ હતી.



રામેશ્વર પટેલ વાડી પાસે પોતાના ઘરે પહોંચીને કાજલબેને રિક્ષામાંથી બે બેગ ઉતારી હતી, પરંતુ રિક્ષાની પાછળની સીટ પર રાખેલો એક થેલો તેઓ ભૂલી ગયા હતા. આ થેલામાં બે તોલા સોનાના દાગીના, જેમાં એક સોનાનો ચેન, એક સોનાની બુટ્ટી, એક સોનાની વીંટી, એક સોનાની ચૂક તથા કપડાં સહિતનો સામાન હતો, જેની અંદાજિત કિંમત 2.50 લાખ હતી.

થેલો ગુમ થયા બાદ કાજલબેને કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમનો સંપર્ક કર્યો હતો. પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈની અને નાયબ પોલીસ અધિક્ષક વી.કે. પંડ્યાની સૂચના મુજબ, પીએસઆઈ બી.બી. સિંગલના માર્ગદર્શન હેઠળ એએસઆઈ પરેશભાઈ ખાણધર, પો.કોન્સ સંજયભાઈ જોડ, રેખાબેન દાફડા, મિતલબેન સાવલિયા, વર્ષાબા જાડેજા તેમજ એન્જિનિયર પ્રિતેશ વરણ, અનિલ પરમાર અને ધવલ ગોસ્વામી સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી હતી.

ટીમે પંચેશ્વર ટાવર વિસ્તારના વિવિધ સીસીટીવી ફૂટેજની ચકાસણી કરી હતી. કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના સીસીટીવી કેમેરામાં અરજદાર જે રિક્ષામાં બેઠા હતા, તે રિક્ષા નંબર GJ-09-AX-5080 હોવાનું જણાઈ આવ્યું હતું.

રિક્ષાના આરટીઓ ડેટા તપાસતા માલિક સાબરકાંઠા જિલ્લાનો રહેવાસી હોવાનું અને ટેલિફોન નંબર અપડેટ ન હોવાનું સામે આવ્યું હતું. જેથી આ રિક્ષાને સીસીટીવી એલર્ટ વોચમાં રાખી સતત ત્રણ દિવસ સુધી મોનિટરિંગ કરવામાં આવ્યું હતું. આખરે, તા. 03 ડિસેમ્બર, 2025ના રોજ લાલ બંગલા સર્કલ પાસેથી રિક્ષાચાલકને શોધી કાઢવામાં આવ્યો હતો. રિક્ષાચાલક પાસેથી થેલો મેળવી ગણતરીની કલાકોમાં અરજદારને પરત સોંપવામાં આવ્યો હતો.

કોહલી (102) અને ગાયકવાડ (105)ની સદી પર બોલર્સે પાણી ફેરવી નાંખ્યું: ભારત 358/5, દક્ષિણ આફ્રિકા 362/6 (49.2), માર્કરમની લડાયક સદી, બ્રીટ્ઝકે 68 અને બ્રેવિસના 54 રન

# હાઈસ્કોરિંગ મેચમાં દ. આફ્રિકાનો ચાર વિકેટે વિજય, શ્રેણીમાં 1-1ની બરાબરી કરી

**રાયપુર, તા.04**

દક્ષિણ આફ્રિકાએ ભારત સામેની બીજી વન-ડે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં લડાયક મિજાજ બતાવ્યો હતો. એઈડન માર્કરમની આક્રમક સદી ઉપરાંત બ્રીટ્ઝકે અને બ્રેવિસની ફિફ્ટીની મદદથી પ્રવાસી ટીમે 49.2 ઓવરમાં જ ભારતનો 359 રનનો ટારગેટ છ વિકેટે સરળતાથી પાર કરી લીધી હતો. હાઈસ્કોરિંગ મેચમાં ભારતીય બોલર્સને ભેજનું પરિબળ નડ્યું હતું અને સાથે જ નબળી ફિલ્ડિંગ પણ ભારત માટે પરાજયનું કારણ સાબિત થઈ હતી.

ભારતે અગાઉ વિરાટ કોહલીના 102 તથા ઋતુરાજ ગાયકવાડના 105 રનની ધમાકેદાર ઈનિંગ્સની મદદથી નિર્ધારિત ઓવરમાં પાંચ વિકેટે 358 રનનો મજબૂત સ્કોર રજૂ કર્યો હતો. પ્રસિદ્ધ ક્રિષ્ના સહિતના ભારતીય બોલર્સ નિસ્તેજ જણાયા હતા અને મહત્વના સમયે વિકેટ ના ઝડપી શકતા કોહલી અને ઋતુરાજની સદી પણ પાણી ફરી વળ્યું હતું. જવાબમાં દક્ષિણ આફ્રિકાએ માર્કરમની 98 બોલમાં 110 રનની લડાયક સદીના સહારે ભારતની ધરતી પર ભારત સામે રમતા ઓસ્ટ્રેલિયા સાથે સંયુક્ત બીજો સર્વાધિક વન-ડે લક્ષ્યાંક ચેઝ કરવાનો રેકોર્ડ સ્થાપ્યો હતો. રાયપુરમાં ભારત અને દ. આફ્રિકાની ટીમોએ સંયુક્ત 720 રન નોંધાવ્યા હતા જે બંને ટીમો વચ્ચે વન-ડેમાં સર્વાધિક કુલ રન થયા છે. દક્ષિણ આફ્રિકાએ બીજી વન-ડેમાં ચાર વિકેટે જીત મેળવીને સિરીઝમાં 1-1ની બરાબરી કરી હતી. શ્રેણીની અંતિમ વન-ડે છઠ્ઠી ડિસેમ્બરે વિશાખાપટ્ટનમમાં રમાશે.

આફ્રિકાએ શરૂઆતમાં ફોર્મ વિહોણા ઓપનર ક્વિન્ટન ડી કોક (8)ની વિકેટ ગુમાવી હતી. ત્યારબાદ માર્કરમનો સાથ દેવા સુકાની ટેમ્બા બવુમા ત્રીજા ક્રમે ઉતર્યો હતો. બંને વચ્ચે બીજી વિકેટ માટે 101 રનની ભાગીદારી થઈ હતી. આ ભાગીદારીના સહારે



**ભારતમાં વન-ડેમાં ભારત સામે સફળ રન ચેઝ**

| ચેઝ | મેચ | સ્થળ | વર્ષ |
|---|---|---|---|
| 360 | ભારત વિ. ઓસી. | જયપુર | 2013 |
| 359 | ભારત વિ. ઓસી. | મોહાલી | 2019 |
| 359 | ભારત વિ. દ. આફ્રિકા | રાયપુર | 2025 |
| 351 | ભારત વિ. ઓસી. | નાગપુર | 2013 |
| 351 | ભારત વિ. ઈંગ્લેન્ડ | પૂણે | 2017 |

આફ્રિકા જીતનો પાયો નાંખી શક્યું હતું. એઈડન માર્કરમે 10 ચોગ્ગા તથા ચાર છગ્ગા સાથે 110 રન ફટકાર્યા હતા. બવુમા 46 રનના વ્યક્તિગત સ્કોર પર આઉટ થયો હતો. મેથ્યુ બ્રીટ્ઝકે સાતત્યપૂર્વક બેટિંગ કરીને 64 બોલમાં 68 રનનું યોગદાન આપ્યું હતું. તેણે માર્કરમ સાથે ચોથી વિકેટ માટે 70 રન જોડ્યા હતા. 30મી ઓવરમાં હર્ષિત રાણાએ માર્કરમને ગાયકવાડના હાથે કેચ આઉટ કરાવ્યો પરંતુ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું. ડેવાલ્ડ બ્રેવિસની તોફાની ફિફ્ટી (34 બોલમાં 54) ના સહારે આફ્રિકા જીતની નજીક પહોંચી ગયું હતું. ટોની ઝોર્ઝી 11 બોલમા 17 રન કર્યા અને પગના સ્નાયુ ખેંચાતા રિટાયર્ડ હર્ટ થયો હતો. કોર્બિન બોશે (29*) વિજયી ચોગ્ગો ફટકાર્યો હતો. મહારાજ સામે છેડે 10 રન કરીને અણનમ રહ્યો હતો. ભારત તરફથી પ્રસિદ્ધ ક્રિષ્નાએ 8.2 ઓવરમાં 85 રન આપ્યા હતા અને બે વિકેટ ઝડપી હતી.

અર્શદીપે પણ બે વિકેટ લીધી હતી. હર્ષિત રાણા તથા કુલદીપને એક વિકેટ મળી હતી. ભારતીય ફિલ્ડર્સે આફ્રિકાના બેટ્સમેનને અનેક તક આપી હતી જે ભારે પડી હતી. જયસ્વાલે કુલદીપની ઓવરમાં બાઉન્ડ્રી પર માર્કરમનો કેચ છોડ્યો હતો. તે વખતે માર્કરમ 53 રન પર રમતો હતો.માર્કરમે ભારત વિરુદ્ધ પ્રથમ અને એકંદરે ચોથી વન-ડે સદી ફટકારીને આફ્રિકાને જીત તરફ દોરી ગયો હતો.

ટોસ જીતીને આફ્રિકાએ ભારતને પ્રથમ બેટિંગનું નિમંત્રણ આપ્યું હતું. ભારતે પ્રારંભમાં રોહિત (14) અને જયસ્વાલ (22) ની વિકેટ ગુમાવી હતી. વિરાટ કોહલીએ 93 બોલમાં સાત ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી 102 રન ફટકાર્યા હતા. કોહલીએ આફ્રિકા સામે સળંગ બે મેચમાં બે સદી ફટકારતા વન-ડે કારકિર્દીમાં તેની 53મી સદી રહી હતી. ઋતુરાજ ગાયકવાડે પણ બીજા છેડે ફટકાબાજી કરી અને 83 બોલમાં 105 રન કર્યા હતા જેમાં 12 ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થાય છે. કપ્તાન કે એલ રાહુલે વધુ એક વખત અણનમ 66 રન સાથે કેપ્ટન્સ ઈનિંગ્સ રમી હતી. રવિન્દ્ર જાડેજા 24 રન કરીને નોટ આઉટ રહ્યો હતો. વોશિંગ્ટન સુંદર એક રન કરીને પેવેલિયન પરત ફર્યો હતો. આફ્રિકાએ કેશવ મહારાજ અને લુંગી એન્ગિડીને ટીમમાં સ્થાન આપ્યું હતું. યાનસેને બે જ્યારે એન્ગિડી અને બર્ગરે એક વિકેટ મેળવી હતી.

# ટી20 વર્લ્ડ કપ 2026 માટે ભારતની જર્સીનું અનાવરણ



**રાયપુર, તા.04**

આઈસીસી મેન્સ ટી20 વર્લ્ડ કપ 2026 માટે ભારતની જર્સીનું બુધવારે રાયપુર ખાતે અનાવરણ કરાયું હતું. ટી20 વર્લ્ડ કપની 10મી આવૃત્તિ 7 ફેબ્રુઆરીથી 8 માર્ચ વચ્ચે ભારત અને શ્રીલંકામાં સંયુક્ત રીતે આઠ સ્થળોએ યોજાશે. ગ્રુપ-એમાં ભારત ઉપરાંત તેના કટ્ટર હરીફ પાકિસ્તાન, અમેરિકા, નેધરલેન્ડ્સ અને નામીબિયાની ટીમનો સમાવેશ થાય છે. રાયપુરમાં દક્ષિણ આફ્રિકા સામેની બીજી વન-ડે અગાઉ ભારતની ટી20 વર્લ્ડ કપની જર્સીનું અનાવરણ કરાયું હતું. આ પ્રસંગે ભારતના પૂર્વ કેપ્ટન રોહિત શર્મા અને ખેલાડી તિલક વર્મા હાજર હતા. ભારત 7 ફેબ્રુઆરે મુંબઈમાં અમેરિકા સામેની મેચથી ટી20 વર્લ્ડ કપ અભિયાનનો પ્રારંભ કરશે.

# ઓસ્ટ્રેલિયા-ઈંગ્લેન્ડ વચ્ચે આજથી બીજી એશિઝ ટેસ્ટ, પિન્ક બોલ સાથે રમાશે...

**બ્રિસબેન, તા.04**



ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે ગાબા ખાતે બીજી એશિઝ ટેસ્ટ ક્રિકેટ મેચનો આવતીકાલથી પ્રારંભ થશે. આ ડે-નાઈટ ટેસ્ટ હોવાથી પિન્ક બોલ સાથે રમાશે. સુકાની સ્ટીવ સ્મિથની આગેવાનીમાં ઓસ્ટ્રેલિયા આત્મવિશ્વાસ સાથે મેદાનમાં ઉતરશે. પ્રથમ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને બે દિવસમાં જ પરાસ્ત કર્યુ હતું અને સિરીઝમાં 1-0ની લીડ મેળવી હતી.

ઓસ્ટ્રેલિયન સુકાની સ્મિથ ફ્લડલાઈટની વધુ પડતી રોશનીને ખાળવા માટે એક નવો અખતરો કરતો જોવા મળશે. સ્મિથ તેની આંખોની નીચે કાળી પટ્ટી ચોંટાડીને રમશે જેથી બદલાતા કુદરતી પ્રકાશ અને ફ્લડલાઈટની ચમક વચ્ચે ગુલાબી રંગનો બોલ યોગ્ય રીતે જોઈ શકાય. વેસ્ટ ઈન્ડિઝનો ભૂતપૂર્વ બેટ્સમેન શિવનારાયણ ચંદ્રપૌલ પણ આ પ્રકારે તીવ્ર પ્રકાશની સ્થિતિમાં આંખોની નીચે પટ્ટી લગાવીને રમતો હતો. ઉસ્માન ખ્વાજાને પીઠની ઈજાને પગલે તે બીજી ટેસ્ટ ગુમાવશે જેથી ઓસ્ટ્રેલિયન ટીમને ફટકો પડી શકે છે.

પ્રથમ ટેસ્ટમાં ધમાકેદાર બેટિંગ કરનાર ટ્રવિસ હેડ પર નજર રહેશે. જોશ ઈંગ્લિસ મિડલ ઓર્ડરમાં ટીમને વધુ મજબૂત સ્થિતિમાં લાવવાની ક્ષમતા ધરાવે છે.

# વિરાટ કોહલી વન-ડે રેન્કિંગમાં ચોથા ક્રમે પહોંચ્યો

**દુબઈ, તા.04**

દક્ષિણ આફ્રિકા સામે રાંચી ખાતે પ્રથમ વન-ડે ક્રિકેટ મેચમાં સદી ફટકારનાર ભારતનો સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી આઈસીસી વન-ડે રેન્કિંગમાં ચોથા ક્રમે પહોંચ્યો છે. કોહલીએ 120 બોલમાં 135 રનની મેચ વિનિંગ ઈનિંગ્સ રમી હતી. કોહલીએ આ સાથે જ વન-ડે કારકિર્દીની 52મી સદી ફટકારી હતી. તાજેતરના રેન્કિંગ મુજબ કોહલી 751 રેન્કિંગ પોઈન્ટ્સ સાથે ચોથા ક્રમે છે. વન-ડેના શ્રેષ્ઠ બેટ્સમેનની યાદીમાં રોહિત શર્મા (783) ટોચ પર છે. બીજા ક્રમે ન્યૂઝીલેન્ડનો ડેરિલ મિચેલ (766) અને ત્રીજા ક્રમે અફઘાનિસ્તાનનો ઈબ્રાહિમ ઝાદરાન (764) છે.



શુભમન ગિલ ઈજાને પગલે આફ્રિકા સામે વન-ડે સિરીઝમાં નથી રમી રહ્યો અને તે ટોપ ફાઈવમાં સ્થાન ધરાવે છે. ભારતનો વધુ એક બેટ્સમેન શ્રેયસ ઐયર યાદીમાં નવમાં ક્રમે છે. વન-ડે બોલર્સ રેન્કિંગમાં ભારતનો સ્પિનર કુલદીપ યાદવ એક સ્થાન આગળ વધીને છઠ્ઠા ક્રમે રહ્યો છે. ટેસ્ટ બેટ્સમેન રેન્કિંગમાં યશસ્વી જયસ્વાલ નવમાં ક્રમે છે અને ગિલ એક સ્થાન નીચે સરકીને 12માં ક્રમે રહ્યો છે. ટેસ્ટ બોલર્સમાં ભારતનો જસપ્રિત બુમરાહ ટોચના સ્થાને યથાવત્ છે.

# દક્ષિણ આફ્રિકા સામેની ટી20 શ્રેણીમાં ગિલ અને હાર્દિકનો ટીમમાં સમાવેશ

## ગિલનું ફિટનેસ સર્ટિફિકેટ મળ્યા બાદ તેને મેચમાં રમાડવાનો નિર્ણય લેવાશે: બીસીસીઆઈ

**રાયપુર, તા.04**

ભારતના ટી20ના ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા તથા ટેસ્ટ અને વન-ડે ટીમના સુકાની શુભમન ગિલનો દક્ષિણ આફ્રિકા સામેની આગામી ટી20 શ્રેણી માટે ટીમમાં સમાવેશ કરાયો છે. 9 ડિસેમ્બરથી ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે શરૂ થનારી ટી20 સિરીઝ માટે બુધવારે ભારતીય ટીમની જાહેરાત કરાઈ હતી. બોર્ડ તથા ટીમ મેનેજમેન્ટની રાયપુરમાં મળેલી બેઠક બાદ ભારતીય ટી20 ટીમની જાહેરાત કરાઈ હતી. શુભમન ગિલને આફ્રિકા સામેની કોલકાતામાં પ્રથમ ટેસ્ટમાં પ્રથમ દિવસે ગળાના સ્નાયુ ખેંચાઈ જતા તે રમી શક્યો નહતો. ત્યારબાદ તેણે ગુવાહાટી ખાતે બીજી ટેસ્ટ અને વન-ડે સિરીઝ



ગુમાવવી પડી હતી. ગિલ બોર્ડના સેન્ટર ઓફ એક્સેલન્સ (સીઓઈ) ખાતે ફિટનેસ પ્રશિક્ષણ હેઠળ છે. સીઓઈ દ્વારા ગિલનું ફિટનેસ સર્ટિફિકેટ મળ્યા બાદ તેને ટી20 મેચમાં રમાડવાનો નિર્ણય લેવાશે તેમ બોર્ડે જણાવ્યું હતું. હાર્દિકે ડાબા પગના સ્નાયુની ઈજાને લીધે એશિયા કપ 2025ની ફાઈનલ તેમજ ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ પાંચ મેચની શ્રેણી ગુમાવી હતી. હાર્દિક ફિટ જાહેર થતા તેણે સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં બરોડાની ટીમમાંથી રમતા પંજાબ સામે મક્કમ પુનરાગમન કર્યું હતું. ભારતીય પસંદગી સમિતિએ દક્ષિણ આફ્રિકા સામેની પાંચ ટી20 મેચની સિરીઝ માટે 15 સભ્યોની ટીમ જાહેર કરી છે. જો શુભમન ગિલનું ફિટનેસ સર્ટિફિકેટ પ્રથમ ટી20 પૂર્વે મળે છે તો તે ટીમમાં ઉપકપ્તાન તરીકે રમશે. સૂર્યકુમાર યાદવ ભારતીય ટી20 ટીમનું નેતૃત્વ કરશે. જિતેશ શર્મા અને સંજૂ સેમસનને પણ ટીમમાં તક મળી છે. ટીમમાં જસપ્રિત બુમરાહ, અર્શદીપ સિંહ અને હર્ષિત રાણા પેસ બોલર્સ રહેશે. સૂર્યકુમાર યાદવ (સુકાની), શુભમન ગિલ, અભિષેક શર્મા, તિલક વર્મા, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, અક્ષર પટેલ, જિતેશ શર્મા, સંજૂ સેમસન, જસપ્રિત બુમરાહ, વરુણ ચક્રવર્તી, અર્શદીપ સિંહ, કુલદીપ યાદવ, હર્ષિત રાણા અને વોશિંગ્ટન સુંદર

# આમિરે વીર દાસ સાથે સ્પાય ફિલ્મ હેપ્પી પટેલની જાહેરાત કરી

**મુંબઈ, તા.04**

આમિર ખાન પ્રોડક્શન્સ દ્વારા એક ક્વર્કી સ્પાય ફિલ્મ હેપ્પી પટેલની જાહેરાત કરવામાં આવી છે, જેનાથી વીર દાસ ડિરેક્ટર તરીકે ડેબ્યુ કરી રહ્યો છે. આ ફિલ્મમાં વીર દાસ અને મોના સિંહ લીડ રોલમાં જોવા મળશે. જેવું આ ફિલ્મનું અલગ નામ છે, એ જ રીતે આ ફિલ્મ અનાઉસ કરવા માટે મેકર્સ દ્વારા એક અલગ પ્રકારનો વીડિયો શેર કરવામાં આવ્યો છે. જેમાં આમિર અને વીર દાસ વાતો કરતા દેખાય છે.

હેપ્પી પટેલની સામાન્ય રીતે થતી ફિલ્મની જાહેરાતથી અલગ અને રમુજી રીતે જાહેરાત કરવામાં આવી છે. આ વીડિયોમાં આમિર ખાન વીર



દાસને પૂછે છે કે એક્શન ફિલ્મ કેવી હોવી જોઈએ, તેમાં રોમાન્સ અને આઈટમ નંબર પણ હોવા જોઈએ. બીજી તરફ આમિર દર્શકોને કેવી લાગશે એ અંગે પણ ચિંતિત છે, જેમાં કોઈને ફિલ્મ ગમે છે, તો કોઈ ફિલ્મ જોઇને તેને મારવા પણ લે છે. આ રીતે ફિલ્મ પણ તેનાં નામ 'હેપ્પી પટેલ: ખતરનાક જાસુસ' નામની જેમ જ ખુબ મજા કરાવે એવી અને અલગ પ્રકારની હશે.

આમિર ખાન પ્રોડક્શન્સ સતત અલગ પ્રકારની અને સામાન્ય પ્રવાહથી અલગ હોય એવી ફિલ્મ ઘણી સારી વાર્તાઓ સાથે બનાવતું રહ્યું છે. જેમાં લગાનથી શરુ કરીને તારે ઝમીન પર, દંગલ, સિક્રેટ સુપરસ્ટાર સહિતની ફિલ્મનો સમાવેશ થાય છે. હવે હેપ્પી પટેલ માટે ઈટરનેશનલ લેવલ જાણીતા સ્ટેન્ડ અપ કોમેડિયન વીર દાસ સાથે કોલબરેશન કરવામાં આવ્યું છે. તેણે આ પહેલાં ગો ગોઆ ગોન, બદમાશ કંપની, દિલ્હી બેલી સહિતની ફિલ્મમાં કામ કર્યું છે. આ પહેલાં તેણે કરેલી ફિલ્મ દિલ્હી બેલી પણ આમિર ખાન પ્રોડક્શન્સની જ ફિલ્મ હતી, જેમાં ઈમરાન ખાન પણ હતો.

# 'એક સ્ત્રી સિવાય કોઈ તેની સફળતા નક્કી કરી શકે નહીં'

## દિયા મિર્ઝાએ બોલિવૂડમાં એજિઝમ પર પ્રશ્ન ઉઠાવ્યા

**મુંબઈ, તા.04**

દિયા મિર્ઝાએ ઉંમર વધતા સ્ત્રીઓને ઈન્ડસ્ટ્રીમાં જે અસમાનતાનો ભોગ બનવું પડે છે, તે અંગે વાત કરી છે. તેણે કહ્યું કે રોમેન્ટિક રોલ કરતી આ સ્ત્રીઓને હંમેશા નજર અંદાઝ કરી દેવાય છે. દિયા મિર્ઝા હંમેશા સામાજિક મુદ્દા કે પર્યાવરણ મુદ્દે પોતાનો અવાજ ઉઠાવતી રહી છે. ફરી એક વખત તેણે આવા જ એક અસમાનતાના મુદ્દા પર અવાજ ઉઠાવ્યો છે. તેણે કહ્યું કે જેવી ઇંડસ્ટ્રીમાં સ્ત્રીઓની ઉંમર વધે છે કે, તે પડદા પરથી ધીરે ધીરે ગાયબ થતી જાય છે. દિયાએ કહ્યુ કે હિરોન ઉંમર થાય તો લોકો તેનાં વખાણ કરે છે. જ્યારે હિરોઈનની ઉંમર વધે તો તેનો સંઘર્ષ વધી જાય છે.

તાજેતરમાં એક ઈવેન્ટાં તેણે પત્રકાર બરખા દત્ત સાથે ચર્ચા કરી હતી, તેણે કહ્યું કે આટલાં વર્ષોમાં ઈન્ડસ્ટ્રીમાં કાસ્ટિંગ પદ્ધતિમાં ઘણું ઓછું પરિવર્તન આવ્યું છે. દિયાએ કહ્યું, આજે પણ એક્ટ્રેસને પહેલાંની જેવી જ બીબાંઢાળ રોલમાં તેનાંથી મોટી ઉંમરના હિરો સાથે કાસ્ટ કરવામાં આવે છે. દિયાએ કહ્યું, "મને બહુ રસપ્રદ લાગે છે કે મને આજે 50 વર્ષ પૂરા કરવા પહોંચ્લા,



60 વર્ષના કે 70 વર્ષના પણ એક્ટર સાથે કાસ્ટ કરવામાં આવે છે અને અમારે સ્ક્રીન પર સરખા અને રોમેન્ટિક દેખાવાનું હોય છે."

આ સાથે તેણે ઇંડસ્ટ્રીના બેવડાં ધોરણો સામે પણ પ્રશ્ન ઉઠાવ્યા છે. જ્યારે કોઈ 60-70 વર્ષની એક્ટ્રેસને 40ની ઉંમરના હિરો સામે સામાન્યપણે કાસ્ટ કરવામાં આવે એ તો કલ્પના કરવી પણ મુશ્કેલ છે. પણ આનાથી ઉલટું સામાન્ય મનાય છે. આમ સંદેશ સ્પષ્ટ છે: સ્ક્રીન પર કોણ વૃદ્ધ થઈ શકે છે અને ઈચ્છનીય બની શકે છે તે અંગેના નિયમો પુરુષો અને સ્ત્રીઓ માટે ખૂબ જ અલગ છે.

# લોકેશ કનગરાજની આગામી ફિલ્મમાં અલ્લુ અર્જૂન દેખાશે

## હાલ અલ્લુ અર્જૂન અટલીની સાઇ ફાઇ ફિલ્મમાં કામ કરી રહ્યો છે

**મુંબઈ, તા.04**

અલ્લુ અર્જૂન લોકેશ કનગરાજની ફિલ્મ 'ઈરુમ્બુ કઈ માયાવી'માં કામ કરવાનો હોવાની ચર્ચા છે. જોકે, આ મુદ્દે હજુ લોકેશ કનગરાજ કે અલ્લુ અર્જૂન કોઈ તરફી કશું જાહેર કરવામાં આવ્યું નથી. તેમની વચ્ચે આ વિશે ચર્ચાઓ ચાલી રહી હોવાના અહેવાલો છે, તેનાથી અલ્લુ અર્જૂનના ફેન્સ ખુશ થઈ ગયાં છે.

એવા અહેવાલો છે કે મેકર્સ લોકેશ કનગરાજ ડિરેક્ટ કરે છે અને કેવીએન પ્રોડક્શન્સ પ્રોડ્યુસ કરે છે એવી આ ફિલ્મ માટે પવન કલ્યાણને લીડ રોલ માટે મળ્યા હતા. પરંતુ એ અંગે કોઈ કોઈ જ કન્ફર્મેશન મળ્યું નથી. ત્યારે હવે લોકેશ કનગરાજે આ ફિલ્મ અલ્લુ અર્જૂનને ઓફર કરી હોવાની ચર્ચા છે. જોક, હજુ અલ્લુ અર્જૂને પણ આ અંગે હા પાડી નથી.

તાજેતરમાં જ અલ્લુ અર્જૂન જાહેરમાં દેખાયો હતો અને તે જાતે જ એસયુવી ડ્રાઈવ કરીને નીકળ્યો હતો. તેણે બેઈજ શર્ટ અને મેચિંગ ટ્રાઉઝર પહેર્યું હતું, સાથે ગળામાં ચેઈન, ટિન્ટેડ ચશ્મા અને સ્ટેટમેન્ટ વોચ સાથે તે સ્ટાઈલિશ લાગતો હતો. સોશિયલ મીડિયામાં તેના આ લૂકના ઘણા વખાણ થયા છે.

હાલ તો અલ્લુ અર્જૂન અટલીની એએ22એ6માં કામ કરી રહ્યો છે, તેઓ



બંને આ ફિલ્મ માટે પહેલી વખત સાથે કામ કરી રહ્યા છે. આ એક સાઈ ફાઈ ફિલ્મ હોવાથી તેના વિશે પહેલાંથી જ ઘણી ચર્ચા છે. પહેલાં એવી પણ ચર્ચા હતી કે આ ફિલ્મમાં બે હિરોને લીડ રોલમાં લેવાશે. પરંતુ થોડા વખત પહેલાં એવા અહેવાલો આવ્યા હતા કે આ ફિલ્મમાં ડબલ રોલમાં જોવા મળશે.

આ અંગે અલ્લુ અર્જૂને એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું, "હા આ મારી 22મી ફિલ્મ છે, જે અટલી સાથે છે. જેણે જવાન બનાવી હતી. હવે અમે સાથે કામ કરી રહ્યા છીએ. એણે મને કહ્યો એ આઈડિયા મને ગમ્યો છે અને એની કલ્પના પણ ગમી અને મને લાગ્યું કે એ ઘણી રીતે મારી ફિલ્મ છે, તેથી અમે ઈન્ડિયન સિનેમાને એક અલગ પ્રકારની ફિલ્મ આપવાની આશા રાખીએ છીએ."

# અન્યના જીવનમાં ઘુસીને ઝાંકવાના મીડિયા કલ્ચરને જ્હાન્વીએ વખોડ્યું

**મુંબઈ, તા.04**



જાહ્નવીએ કહ્યું મારી માતાનું મોત લોકો માટે મીમ બની ગયું

છેલ્લાં થોડા સમયથી જયા બચ્ચને પાપરાઝી મીડિયાની ટીકા કરી તેના વીડિયો વાયરલ થયા છે, ત્યારે હવે જાહ્નવી કપૂરે પણ આ પાપરાઝીને વોયેરીસ્ટિક પ્રકારનું મીડિયા કલ્ચર ગણાવ્યું છે, જ્યાં મૃત્યુને પણ અમાનવીય ગણવામાં આવે છે. તેણે કહ્યું કે પોતાની માતાનાં મૃત્યુ વખતે અને તાજેતરમાં ધર્મેન્દ્રના નિધન વખતે તેણે આ પ્રકારના માહોલનો અનુભવ કર્યો છે.

જાહ્નવી રવિવારે મુંબઈમાં એક કાર્યક્રમમાં હાજર રહી હતી, જ્યાં તેણે જણાવ્યું કે, "માનવીય મુલ્યોને આડા પાટે લઈ જવામાં સોશિયલ મીડિયાએ એકલા હાથે ખુબ મોટું પ્રદાન કર્યું છે."

જાહ્નવીએ જણાવ્યું, "પત્રકારત્વની અન્યની જિંદગીમાં તાંકઝાંક કરવાની રીત, આજનું સોશિયલ મીડિયા આધારીત મડિયા કલ્ચર, માનવ મુલ્યોને આડે પાટે લઈ જવા માટે એકલા હાથે જવાબદાર છે. હું તેને દરરોજ વધુને વધુ જોઈ રહી છું. મારી માને મેં ગુમાવી ત્યારે એ બહુ ખરાબ હતું. મને ખબર નથી, તમે લોકો કલ્પના પણ કરી શકો છો કે નહીં, કે તમારું કોઈ સૌથી અંગત મૃત્યુ પામ્યું હોય અને તમારે એનાં મીમ્સ બનતાં જોવા પડે. મને એ પણ નથી સમજાતું આ વાત કઈ રીતે વર્ણવું કે સમજાવું, પરંતુ આ સ્થિતિ આજે સૌથી ખરાબ થઈ રહી છે. એ સમયે જે તબક્કા અને જે લાગણીઓમાંથી હું પસાર થઈ છું, એ એવું છે કે હું ક્યારેય તેને શબ્દમાં નહીં મુકી શકું. મને લાગે છે, હું કદાચ તમને બધું જ કહીશ તો પણ મને ખબર નથી તમે એ વાત જરા પણ સમજી શકશો કે નહીં. મને હંમેશા પાછળથી એવું લાગે છે કે જાણે તમને બધાને ખરાબ લગાડવા માટે હું આ બધી વાતો કરું છું."

જાહ્નવીએ એવું પણ કહ્યું કે, "હું આ વાતો કરવાની થોડી ટાળું છું કારણ કે મને ખબર છે, બધા થોડાં અંશે તકવાદી હોય છે અને બધેન બસ હેડલાઈન્સ જોઈએ છે. અને એ વાતથી નફરત છે કે હું ક્યારેય આ પ્રકારની વાતો, કે મારી મા સાથેના મારે સંબંધને કોઈ હેડલાઈન માટે ચાલે એવી રીતે કહું, તેથી હું મારી જાતને હંમેશા રોકી રાખું છું."

આ મુદ્દે તેણે ધર્મેન્દ્રના નિધનની અફવાની વાત પણ યાદ કરી હતી, તેણે કહ્યું, "આપણે જોયું, ધર્મેન્દ્રજી સાથે શું થયું, આ પહેલાં પણ એવું જ થયું છે. મને ખબર છે, આગળ આનાથી પણ ખરાબ થવાનું છે. મને લાગે છે, આપણે હવે સમસ્યાનો ભાગ બની ગયા છીએ, જેટલી વખત આપણે વીડિયો, હેડલાઈન કે ઘટના આપીએ, જેમકે, વ્યુ, કમેન્ટ, લાઈક, આપણે જેટલી વાર આ બધું જોઈશું, આપણે પણ એ બાબતે થોડા વધુ અસંવેદનશીલ થતા જઈશું. પહેલાં આપણે અમુક બાબતો જોવા-સાંભળવા બાબતે વધુ સચેત હતા, અમુક વસ્તુઓ નહોતા બોલતા અને અમુક કામ નહોતાં કરતાં, પરંતુ એ બધું હવે ક્યાંય ભુલાઈ ગયું છે.

# સોનું ₹459 ઘટીને ₹1.28 લાખ પ્રતિ 10 ગ્રામ થયું : ચાંદી ₹2,477 ઘટીને ₹1.76 લાખ પ્રતિ કિલો વેચાઈ રહી છે....

**નવી દિલ્હી, તા.04**

એટલે કે 4 ડિસેમ્બરે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ સોનું 459 રૂપિયા સસ્તું થઈને 1,27,755 રૂપિયા થયું છે. આ પહેલા સોનું 1,28,214 રૂપિયાનું હતું. અમદાવાદમાં 24 કેરેટ 10 ગ્રામ સોનાની કિંમત 1,30,410 છે.

જ્યારે, ચાંદીનો ભાવ 2,477 રૂપિયા ઘટીને 1,75,713 રૂપિયા થઈ ગયો છે. આ પહેલા ચાંદીની કિંમત 1,78,190 રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતી.

જુદા જુદા શહેરોમાં ભાવ અલગ કેમ હોય છે? IBJA ના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિન સામેલ હોતો નથી, તેથી જુદા જુદા શહેરોના ભાવ અલગ અલગ હોય છે. પંજાબ નેશનલ બેંક સહિત ઘણી બેંકો ગોલ્ડ લોન રેટ નક્કી કરવા માટે આ કિંમતોનો ઉપયોગ કરે છે.



આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 51,593 રૂપિયા વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,27,755 રૂપિયાનું થઈ ગયું છે.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 89,696 રૂપિયા વધ્યો છે. 31 ડિસેમ્બર 2024 ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 1,75,713 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

1. કેન્દ્રીય બેંકોની ખરીદી: દુનિયાભરની મોટી બેંકો ડોલર પર નિર્ભરતા ઘટાડવા માગે છે, તેથી તેઓ પોતાના ભંડોળમાં સોનાનો હિસ્સો સતત વધારી રહ્યા છે.

2. ક્રિપ્ટોથી સોના તરફ વલણ: ક્રિપ્ટોમાં ઉતાર-ચઢાવ અને કડક નિયમોના ડરથી રોકાણકારો પૈસા સોનામાં લગાવી રહ્યા છે. છેલ્લા કેટલાક સમય દરમિયાન ભારતમાં શેરબજારમાંથી ઓછા વળતરે પણ સોનાને આકર્ષક બનાવ્યું છે. આ ઉપરાંત લગ્નની સિઝન શરૂ થવાથી પણ સોનાની માગ વધી ગઈ છે.

3. લાંબા ગાળાની સંપત્તિ: સોનું ક્યારેય સંપૂર્ણપણે નકામું થતું નથી. એ નાશ પામતું નથી, મર્યાદિત માત્રામાં છે અને મોંઘવારીના સમયે એની કિંમત જાળવી રાખે છે.

આ વર્ષે 1 લાખ 35 હજાર સુધી જઈ શકે છે સોનું કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયા કહે છે કે ભૌગોલિક રાજકીય તણાવ યથાવત છે. તેનાથી ગોલ્ડને સપોર્ટ મળી રહ્યો છે. તેનાથી ગોલ્ડની માંગ વધી રહી છે. આવી સ્થિતિમાં, આ વર્ષે સોનું 1 લાખ 35 હજાર રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી જઈ શકે છે.

હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)ના હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ સોનું જ ખરીદો. સોના પર 6-અંકનો હોલમાર્ક કોડ હોય છે. એને હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન નંબર અથવા HUID કહેવામાં આવે છે. આ નંબર આલ્ફાન્યુમેરિક છે, એટલે કે કંઈક આના જેવો - AZ4524. હોલમાર્કિંગ દ્વારા સોનું કેટલા કેરેટનું છે એ જાણી શકાય છે.

ખરીદીના દિવસે સોનાનું ચોક્કસ વજન અને એની કિંમત બહુવિધ સ્ત્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી તપાસો. સોનાની કિંમત 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે બદલાય છે. 24 કેરેટ સોનાને સૌથી શુદ્ધ સોનું માનવામાં આવે છે, પરંતુ એમાંથી ઘરેણાં બનાવવામાં આવતા નથી, કારણ કે એ ખૂબ જ નરમ હોય છે. સામાન્ય રીતે 22 કેરેટ કે તેથી ઓછા કેરેટ સોનાનો ઉપયોગ ઘરેણાં માટે થાય છે.

# દોસ્તી તોડવાનો ટ્રમ્પનો પ્લાન ફેલ... ભારતની GDPની વૃદ્ધિની ગતિ યથાવત્, રશિયાથી થઈ બમણી....

**નવી દિલ્હી, તા.04**



રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન આજે (4 ડિસેમ્બર) બે દિવસ માટે ભારતની મુલાકાતે આવી રહ્યા છે. પુતિનનો આ પ્રવાસ માત્ર ભારત જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં ચર્ચાનો વિષય બન્યો છે. ત્રણ મહિના પહેલા જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પુતિન ચીનના તિયાનજિનમાં SCO સમિટમાં મળ્યા હતા, ત્યારે તેમની મિત્રતાની ચર્ચા વૈશ્વિક સ્તરે થઈ હતી. એકતરફ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ રશિયા મુદ્દે ભારત પર દબાણ કરી રહ્યા છે, ત્યારે પુતિનની ભારત મુલાકાત વૈશ્વિક સ્તરે ખૂબ મહત્ત્વની છે. વાસ્તવમાં ભારત રશિયા પાસેથી બહોળા પ્રમાણમાં તેલ ખરીદતું હોવાથી ટ્રમ્પને વાંધો પડ્યો છે અને આ કારણે ટ્રમ્પ તંત્રએ રશિયા પાસેથી તેલ ખરીદવા બદલ ભારત પર 25 ટકા ટેરિફની પેનલ્ટી લગાવી છે. અગાઉ પણ તેમણે 25 ટકા ટેરિફ વધાર્યો હતો. ટ્રમ્પનું માનવું છે કે, રશિયા ભારત પાસેથી કમાણી કરીને તે નાણાંનો યુક્રેન વિરુદ્ધના યુદ્ધમાં ઉપયોગ કરી રહ્યું છે. અમેરિકાના દબાણ છતાં ભારતનો જીડીપી વૃદ્ધિ હરણફાળ ગતિએ આગળ વધી રહી છે. ગયા મહિને જ નાણા મંત્રાલયે જાહેર કર્યું હતું કે, જુલાઈથી સપ્ટેમ્બરની ત્રીજી ત્રિમાસિકમાં ભારતનો GDP ગ્રોથ રેટ 8.2 ટકા નોંધાયો છે. આમ તો અમેરિકાના ટેરિફના કારણે ભારતની અર્થવ્યવસ્થાને ગંભીર અસર થવાની આશંકા હતી, જોકે જીડીપીના આ આંકડોએ વિશ્વભરને ચોંકાવી દીધા છે. ભારતની અર્થવ્યવસ્થા રશિયા કરતાં લગભગ બમણી છે. ભારત આ વર્ષે જાપાનને પાછળ છોડીને દુનિયાની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે. ભારતની કુલ GDP 4.3 ટ્રિલિયન ડૉલર છે, જ્યારે રશિયાની GDP 2.54 ટ્રિલિયન ડૉલર છે અને તે વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં નવમા સ્થાને છે. વર્લ્ડ બૅંકના ડેટા મુજબ, ભારતની જીડીપીમાં વર્ષ 2021થી વધારો થઈ રહ્યો છે. ડેટા મુજબ ભારતનો જીડીપી દર 2021માં 9.69%, 2022માં 6.99%, 2023માં અંદાજિત 8.15% અને 2024માં અંદાજિત 6.5% દર્શાવાયો છે. જ્યારે રશિયાની જીડીપીમાં પણ વધારો થયો છે. રશિયાનો જીડીપી દર 2023માં અંદાજિત 3.6% જ્યારે 2024માં અંદાજિત 4.1% દર્શાવાયો છે.

# આજથી મીશોનો IPO ખુલ્યો, પ્રાઇસ બેન્ડ 105-111 રૂપિયા : રિટેલ પોર્શન સંપૂર્ણ સબસ્ક્રાઇબ, એક્સ લિમિટેડ અને વિદ્યા વાયર્સમાં પણ રોકાણની તક

**મુંબઈ, તા.04**

3 ડિસેમ્બરથી બજારમાં 3 કંપનીઓ- મીશો, એક્સ લિમિટેડ અને વિદ્યા વાયર્સ લિમિટેડના IPO ખુલી રહ્યા છે. રોકાણકારો માટે આમાં 5 ડિસેમ્બર સુધી રોકાણ કરવાની તક છે. શેરોની ફાળવણી 8 ડિસેમ્બરે અને લિસ્ટિંગ 10 ડિસેમ્બરે BSE-NSE પર થશે.

મીશોનો IPO પ્રાઈસ બેન્ડ 105-111 પ્રતિ શેર નક્કી કરવામાં આવ્યો છે. લોટ સાઈઝ 135 શેરની છે, એટલે કે રિટેલ રોકાણકારોએ 111ના ભાવે ઓછામાં ઓછા 14,685 લગાવવા પડશે.

ઈશ્યૂનો રિટેલ પોર્શન એક જ કલાકમાં સંપૂર્ણપણે સબસ્ક્રાઈબ થઈ ગયો. આ ઈશ્યૂ 5,421 કરોડનો છે. IPOમાં 4,250 કરોડનો ફ્રેશ ઈશ્યૂ અને 1,171 કરોડનો ઓફર ફોર સેલ છે.

મીશોના ફ્રેશ ઈશ્યૂમાંથી આવનારા 4,250 કરોડનો મોટો હિસ્સો ટેકનોલોજી પર જશે. 1,390 કરોડ મીશો ટેકનોલોજીસ સબસિડિયરી માટે ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખર્ચ થશે.



માર્કેટિંગ-બ્રાન્ડિંગ પર 1,020 કરોડ ખર્ચ થશે. 480 કરોડ મશીન લર્નિંગ અને AI ટીમો પર પગાર માટે ખર્ચ થશે. બાકીનો ભાગ ઈનઓર્ગેનિક ગ્રોથ અને જનરલ કોર્પોરેટ પર્પસ માટે છે.

IIT દિલ્હીના બે મિત્રો વિદિત આત્રેય અને સંજીવ બરનવાલે 2015માં મીશોની શરૂઆત કરી હતી. બેંગલુરુના કોરમંગલા વિસ્તારના બે બેડરૂમના એપાર્ટમેન્ટમાં તેમની ઓફિસ હતી. ડાઈનિંગ ટેબલ જ તેમનું પહેલું વર્કસ્ટેશન હતું. બંનેએ જોખમ લીધું અને નાના-નાના પગલાં ભરીને આગળ વધ્યા.

આ સોશિયલ કોમર્સ પ્લેટફોર્મ આજે ભારતની મોટી ઈ-કોમર્સ કંપનીઓમાં સામેલ છે, જ્યાં નાના શહેરોની મહિલાઓ કોઈપણ રોકાણ વિના પ્રોડક્ટ્સ વેચીને કમાણી કરી રહી છે. મીશોની શરૂઆત નાની હતી, પરંતુ ફંડિંગ અને યુઝર ગ્રોથથી તે 50 હજાર કરોડ રૂપિયાનો બિઝનેસ બની ગયો.

# રૂપિયો સતત બીજા દિવસે ઓલ ટાઈમ લો પર:ડોલર સામે 28 પૈસા ઘટીને 90.41 પર આવ્યો, સોનું અને ક્રૂડ ઓઈલ મોંઘા થશે, નિકાસકારોને ફાયદો

**નવી દિલ્હી, તા.04**

એટલે કે 4 ડિસેમ્બરે રૂપિયો ડોલર સામે અત્યાર સુધીના સૌથી નીચા સ્તરે પહોંચી ગયો છે. PTI અનુસાર, આજે ડોલર સામે રૂપિયો 28 પૈસા ઘટીને 90.43ના સ્તરે પહોંચી ગયો છે. ગઈકાલે એટલે કે 3 ડિસેમ્બરે તે 90.15ના સ્તરે બંધ થયો હતો.

વિદેશી ભંડોળની સતત ઉપાડથી રૂપિયા પર દબાણ આવ્યું છે. રૂપિયો 2025માં અત્યાર સુધીમાં 5.5% નબળો પડ્યો છે. 1 જાન્યુઆરીએ રૂપિયો ડોલર સામે 85.70ના સ્તરે હતો, જે હવે 90.41 રૂપિયાના સ્તરે પહોંચી ગયો છે.

રૂપિયાના ઘટાડાથી આયાત મોંઘી થશે રૂપિયાના ઘટાડાનો અર્થ એ છે કે ભારત માટે વસ્તુઓની આયાત મોંઘી થશે. આ ઉપરાંત, વિદેશમાં ફરવું અને અભ્યાસ કરવો પણ મોંઘો થઈ ગયો છે.

ધારો કે જ્યારે ડોલર સામે રૂપિયાની કિંમત 50 હતી, ત્યારે



અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓને 50 રૂપિયામાં 1 ડોલર મળી જતો હતો. હવે 1 ડોલર માટે વિદ્યાર્થીઓને 90.21 રૂપિયા ખર્ચ કરવા પડશે. આનાથી વિદ્યાર્થીઓ માટે ફીથી લઈને રહેવા-જમવા અને અન્ય વસ્તુઓ મોંઘી થઈ જશે.

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય આયાત પર 50% ટેરિફ લગાવ્યો છે, જે ભારતના જીડીપી વૃદ્ધિને 60-80 બેસિસ પોઈન્ટ્સ ઘટાડી શકે છે અને રાજકોષીય ખાધ વધારી શકે છે. આનાથી નિકાસ ઘટી શકે છે. વિદેશી હૂંડિયામણની આવક ઓછી થાય છે. આ કારણે રૂપિયો દબાણમાં છે.

જુલાઈ 2025થી અત્યાર સુધી વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs)એ ભારતીય સંપત્તિઓમાં 1.03 લાખ કરોડથી વધુનું વેચાણ કર્યું છે. આનું કારણ યુએસ ટ્રેડ ટેરિફ્સની ચિંતા છે. આનાથી ડોલરની માગ વધી ગઈ છે (વેચાણ ડોલરમાં રૂપાંતરિત થાય છે), જે રૂપિયાને નીચે ધકેલી રહ્યું છે.

તેલ અને સોનાની કંપનીઓ હેજિંગ માટે ડોલર ખરીદી રહી છે. અન્ય આયાતકારો પણ ટેરિફ અનિશ્ચિતતાને કારણે ડોલરનો સ્ટોક કરી રહ્યા છે. આનાથી રૂપિયા પર સતત દબાણ જળવાઈ રહ્યું છે.

LKP સિક્યોરિટીઝના વીપી રિસર્ચ એનાલિસ્ટ જતિન ત્રિવેદીએ કહ્યું- રૂપિયો 90ને પાર પહોંચવાનું મોટું કારણ એ છે કે ભારત-અમેરિકા ટ્રેડ ડીલ પર કોઈ પાક્કા સમાચાર નથી આવી રહ્યા અને સમયરેખા વારંવાર ટળી રહી છે. તેથી છેલ્લા કેટલાક અઠવાડિયામાં રૂપિયાનું ઝડપી વેચાણ થયું છે.

ત્રિવેદીએ આગળ જણાવ્યું કે મેટલ અને ગોલ્ડની રેકોર્ડ ઊંચી કિંમતોએ આયાતનું બિલ વધારી દીધું છે. અમેરિકાના ઊંચા ટેરિફથી ભારતીય નિકાસની સ્પર્ધાત્મકતાને નુકસાન થયું છે. તેમણે કહ્યું, RBIનો હસ્તક્ષેપ પણ આ વખતે ઘણો ઓછો રહ્યો છે, જેનાથી ઘટાડો વધુ ઝડપી બન્યો.

શુક્રવારે RBIની પોલિસી આવવાની છે, માર્કેટને આશા છે કે સેન્ટ્રલ બેંક કરન્સીને સ્થિર કરવા માટે કેટલાક પગલાં લેશે. ટેકનિકલ રીતે રૂપિયો ખૂબ જ ઓવરસોલ્ડ થઈ ચૂક્યો છે.

ડોલરની સરખામણીમાં કોઈપણ અન્ય કરન્સીની વેલ્યુ ઘટે તો તેને મુદ્રાનું ઘટવું, તૂટવું, નબળું પડવું કહેવાય છે. અંગ્રેજીમાં કરન્સી ડેપ્રિસિયેશન કહે છે.

દરેક દેશ પાસે ફોરેન કરન્સી રિઝર્વ હોય છે, જેનાથી તે આંતરરાષ્ટ્રીય વ્યવહારો કરે છે. ફોરેન રિઝર્વ ઘટવા અને વધવાની અસર કરન્સીની કિંમત પર દેખાય છે. જો ભારતના ફોરેન રિઝર્વમાં ડોલર, અમેરિકાના રૂપિયાના ભંડાર બરાબર હશે તો રૂપિયાની કિંમત સ્થિર રહેશે. આપણી પાસે ડોલર ઘટશે તો રૂપિયો નબળો પડશે, વધશે તો રૂપિયો મજબૂત થશે.

# સેન્સેક્સ 159 પોઈન્ટ વધીને 85,265 પર બંધ : નિફ્ટીમાં 48 પોઈન્ટની તેજી, IT અને રિયલ્ટી શેરમાં તેજી રહી....

**મુંબઈ, તા.04**

અઠવાડિયાના ચોથા કારોબારી દિવસે, ગુરુવાર 4 ડિસેમ્બરે સેન્સેક્સ 159 પોઈન્ટ વધીને 85,265 પર બંધ થયો. નિફ્ટી પણ 48 પોઈન્ટ વધીને 26,034 પર બંધ થયો.

સેન્સેક્સના 30માંથી 20 શેરમાં તેજી રહી. નિફ્ટીના 50માંથી 34 શેર વધીને બંધ થયા. ઓટો, IT અને રિયલ્ટી શેરોમાં સૌથી વધુ તેજી જોવા મળી. મીડિયા શેરોમાં 1.45%નો ઘટાડો થયો.

એશિયન બજાર: કોરિયાનો કોસ્પી 1.15% ઘટીને 3,990 પર છે. જ્યારે, જાપાનનો નિક્કેઈ 1.47% વધીને 50,596 પર અને હોંગકોંગનો હેંગસેંગ 0.41% ઉપર 25,867 પર કારોબાર કરી રહ્યો છે. અમેરિકન બજાર: 3 ડિસેમ્બરે ડાઉ જોન્સ 0.86% વધીને 47,882 પર બંધ થયો.નેસ્ડેક કમ્પોઝિટ 0.17% ઉપર 23,454 પર અને S&P 500 0.30% ઉપર 6,850 પર બંધ થયા.




મીશોના IPOનો આજે બીજો દિવસ છે. ગઈકાલે એટલે કે 3 ડિસેમ્બરે તે સબસ્ક્રિપ્શન માટે ખુલ્યો હતો અને પહેલા જ દિવસે 2.35 ગણો (235%) સબસ્ક્રાઈબ થયો હતો. તેનો રિટેલ પોર્શન 1 કલાકમાં 100% સબસ્ક્રાઈબ થઈ ગયો હતો અને પહેલા દિવસે 3.86 ગણો એટલે કે 386% સબસ્ક્રાઈબ થયો હતો.

રોકાણકારોના આ રિસ્પોન્સથી મીશોના શેરનો GMP વધીને 51 રૂપિયા થઈ ગયો, જે ગઈકાલ સુધી 47 રૂપિયા હતો. કંપનીએ ઈશ્યૂનો પ્રાઇસ બેન્ડ 105-111 પ્રતિ શેર નક્કી કર્યો છે. લોટ સાઈઝ 135 શેરની છે. રિટેલ રોકાણકારો 5 ડિસેમ્બર સુધી ઓછામાં ઓછા 14,685 રૂપિયાથી રોકાણ કરી શકે છે.

3 ડિસેમ્બરે વિદેશી રોકાણકારો (FIIs) એ કેશ સેગમેન્ટમાં 3,206.92 કરોડના શેર વેચ્યા. જ્યારે સ્થાનિક રોકાણકારો (DIIs) એ 4,730.41 કરોડની ખરીદી કરી.

ડિસેમ્બરના પ્રથમ ત્રણ દિવસમાં FIIs એ કુલ 8,020.53 કરોડના શેર વેચ્યા છે. જ્યારે, DIIsએ આ સમયગાળા દરમિયાન 11,935.28 કરોડના શેર ખરીદ્યા છે. નવેમ્બર મહિનામાં FIIsએ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIsએ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.

અઠવાડિયાના ત્રીજા કારોબારી દિવસે, બુધવાર, 3 ડિસેમ્બરે સેન્સેક્સ 31 પોઈન્ટ ઘટીને 85,107 પર બંધ થયો. જ્યારે નિફ્ટીમાં 46 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 25,986ના સ્તરે બંધ થયો. સેન્સેક્સના 30 શેરોમાંથી 20માં ઘટાડો જોવા મળ્યો. આજના કારોબારમાં ઓટો, એનર્જી અને FMCG ના શેરોમાં ઘટાડો રહ્યો. IT અને બેન્કિંગ શેરોમાં તેજી જોવા મળી હતી.

# 100થી વધુ ફ્લાઈટ્સ કેન્સલ થતા હોબાળો, પાયલટોએ વ્યથા વર્ણવી, DGCA એ બોલાવી બેઠક

**નવી દિલ્હી, તા.04**

દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોની ફ્લાઈટ્સ મોટા પાયે રદ્દ થવા અને વિલંબિત થવાની ઘટનાઓ બાદ નગર વિમાનન મહાનિદેશાલય (DGCA) એ કડક વલણ અપનાવ્યું છે. સમગ્ર દેશના એરપોર્ટ પર ફ્લાઈટ્સ રદ્દ થવાને કારણે અફરાતફરીનો માહોલ સર્જાયો છે, જેના પગલે DGCA એ ઈન્ડિગોના વરિષ્ઠ અધિકારીઓને તાત્કાલિક બેઠક માટે બોલાવ્યા છે. બુધવારે ઈન્ડિગોની 100 થી વધુ ફ્લાઈટ્સ રદ્દ થઈ હતી, જ્યારે અનેક સેવાઓ કલાકો સુધી વિલંબિત થઈ હતી. ત્યારે આજે પણ 150થી વધુ ફ્લાઈટો કેન્સલ કરાયાની માહિતી મળી રહી છે. જોકે હજુ સુધી તેની કોઈ પુષ્ટી થઈ શકી નથી. જેના કારણે યાત્રીઓ રઝળી પડ્યા છે. આ ફ્લાઈટ્સ કેન્સલ થવાનું કારણ પણ સામે આવ્યું નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, એક જ દિવસમાં બેંગલુરુ એરપોર્ટ પરથી 42, દિલ્હીથી 38, મુંબઈથી 33 અને હૈદરાબાદથી 19 ફ્લાઈટ્સ રદ્દ થઈ હતી. ઈન્ડિગો દરરોજ આશરે 2,300 સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સનું સંચાલન કરે છે.

DGCA એ ઈન્ડિગોના ઉડાન સંચાલનમાં આવેલી આ અડચણોની તપાસ શરૂ કરી છે અને એરલાઈન પાસેથી વર્તમાન પરિસ્થિતિના કારણો સાથે ફ્લાઈટ્સ રદ્દ થવા અને વિલંબ ઘટાડવાની વિગતવાર યોજના માંગી છે. ઈન્ડિગોએ એક નિવેદન બહાર પાડીને કહ્યું કે છેલ્લા બે દિવસથી 'અચાનક આવેલા વિવિધ ઓપરેશનલ અવરોધો'ને કારણે નેટવર્ક પર ગંભીર અસર પડી છે. આ માટે ટેકનિકલ ખામીઓ, શિયાળુ શેડ્યૂલમાં ફેરફાર, ખરાબ હવામાન, એર ટ્રાફિકમાં વધેલી ભીડ અને નવી ફ્લાઈટ ડ્યૂટી ટાઈમ લિમિટેશન (FDTL) વ્યવસ્થાને જવાબદાર ગણાવવામાં આવી છે.

# ભારતની બેન્કિંગ સિસ્ટમમાં ઉલટી ગંગાના દોર જેવી સ્થિતિ

**અમદાવાદ, તા.04**

ભારતીય બેંકિંગ સિસ્ટમની ક્યારેય પણ વાત થાય તો સામાન્ય રીતે ખાનગી બેંકોને સર્વિસના મામલે સરકારી બેંકો કરતા ચઢિયાતી માનવામાં આવે છે. બેંકના ખાતેદારોથી લઈને લોનધારકોને ખાનગી કરતા સરકારી બેંકો સામે વધુ વાંધા અને ફરિયાદો હોય છે પરંતુ, નાણાંકીય વર્ષ ૨૦૨૫થી એક નવો અધ્યાય શરૂ કરવા જઈ રહ્યો છે. ૨૦૨૫ના વર્ષમાં સરકારી કરતા વધુ ફરિયાદો ખાનગી બેંક સામે ઉભી થઈ છે. સામે પક્ષે જાહેર ક્ષેત્રની બેંક સામે મળેલી ફરિયાદોનો હિસ્સો ૨૦૨૪-૨૫માં મળેલી કુલ ફરિયાદોના ૩૪.૮૦ ટકા હતો. અગાઉના વર્ષની વાત કરીએ તો ૨૦૨૩-૨૪માં સરકારી બેંકોનો હિસ્સો ૩૮.૩૨ ટકા હતો માર્ચ, ૨૦૨૫માં પૂરા થયેલા નાણાકીય વર્ષમાં કેન્દ્રીય બેંકને એકંદરે ૨.૯૬ લાખ ફરિયાદો મળી હતી, જે પાછલા વર્ષમાં મળેલી ૨.૯૩ લાખ ફરિયાદો કરતાં ૧ ટકા જ વધુ છે. તેમાંથી મોટાભાગની ૮૭ ટકા ફરિયાદો તો વ્યક્તિગત હતી. આરબીઆઈ લોકપાલની કચેરીએ ૨૦૨૪-૨૫ દરમિયાન ૨.૯૦ લાખ ફરિયાદોનો નિકાલ કર્યો (અગાઉના વર્ષની પેન્ડિંગ ફરિયાદો સહિત).... કુલ ફરિયાદોના ૬૨.૧૬ ટકા જેટલી એટલે કે ૧.૮૦ લાખ ફરિયાદો સ્વીકારી શકાય તેવી ફરિયાદો તરીકે ચિહ્નિત કરવામાં આવી હતી.

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ મંડળ**

**વિધુત સંપત્તિ દેખરેખ પ્રણાલી અને સહયોગી સુધારણા કાર્યોની જોગવાઈ**

**ઈ-ટેન્ડર - સૂચના નં. સિનિયર ડીઇઇ/એડીઆઇ/37(25-26) તા.-03.12.2025 ટેન્ડર નંબર: EL-50-1-ADI-T-45-2025-26 કામનું નામ:** અમદાવાદ વિભાગમાં વિદ્યુત સંપત્તિ દેખરેખ પ્રણાલી અને સંલગ્ન સુધારણા કાર્યોની જોગવાઈ અને વટવા ખાતે પૂર્ણ લંબાઈના કવર શેડ પૂરા પાડવાના સંદર્ભમાં વિદ્યુત કાર્ય. **અંદાજિત કિંમત:** 2,57,14,980/- **સૌથી વધુ કમાણી:** 2,78,600/- **સબમીટ કરવાની તારીખ અને સમય:** 30.12.2025 ના 15:00 કલાક પછી નહીં. **ખુલવાની તારીખ અને સમય:** 30.12.2025 ના 15.30 કલાકે. **ઓફિસનું સરનામું:** સિનિયર. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડીઆરએમ ઓફિસ (ડબલ્યુ. આર.), ચામુંડા પુલ પાસે; જીસીએસ હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **વેબસાઇટ વિગતો:** **www.ireps.gov.in**

ADI 220

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**ભાવનગર મંડળ**

**પીવીસી ઇન્સ્યુલેટેડ બખ્તરબંધ, સ્કીન વગરના, ભૂગર્ભ રેલ્વે સિગ્નલિંગ કેબલનો પુરવઠો**

ભારતના રાષ્ટ્રપતિ વતી સિનિયર ડીએમએમ/બીવીપી સામગ્રીના પુરવઠા માટે નીચે મુજબ ઈલેક્ટ્રોનિક ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે: **સામગ્રીનું વર્ણન:** IRS : S-63/2014 Rev-4 કદ 12 કોર x 1.5 ચો.મી. મુજબ પીવીસી ઈન્સ્યુલેટેડ આર્મર્ડ, અનસ્કીન્ડ, ભૂગર્ભ રેલ્વે સિગ્નલિંગ કેબલનો પુરવઠો. લાક્ષણિક 3/4-લાઈન સ્ટેશન માટે સાઈડિંગ વિના. RDSO આઈટમ ID: 3100054, સબ આઈટમ ID: 3100054001 [વોરંટી અવધિ: ડિલિવરીની તારીખથી 30 મહિના] [ નિરીક્ષણ એજન્સી: RDSO, સ્ટેજ ઈન્સ્પેક્ટર: NA, સ્ટેજ: 0] [UVAM લિંકિંગ: આઈટમ: 3100054, પીવીસી ઈન્સ્યુલેટેડ આર્મર્ડ, અનસ્કીન્ડ, ભૂગર્ભ રેલ્વે સિગ્નલિંગ કેબલ સબ આઈટમ: પીવીસી ઈન્સ્યુલેટેડ આર્મર્ડ, અનસ્કીન્ડ, ભૂગર્ભ રેલ્વે સિગ્નલિંગ કેબલ. **જથ્થો:** ૬૦ કિમી **ટેન્ડર સમાપ્તિ તારીખ:** ૨૪/૧૨/૨૦૨૫ ખરીદી પ્રતિબંધો અને વિગતવાર ટેન્ડર શરતો ધરાવતી વિગતવાર ટેન્ડર સૂચના અંગે, કૃપા કરીને વેબસાઈટ **https://www.ireps.gov.in** ની મુલાકાત લો. મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

BVP 210

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**
**ઈ-ટેન્ડર નોટિસ નં. ૧૯ વર્ષ ૨૦૨૫-૨૬ તારીખ: 03.૧૨.૨૦૨૫**

| ક્ર. સં | ઈ-ટેન્ડર નંબર | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | EMD રકમ (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-ADI-158-2025-26 | સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ 3 યુનિટ ટાઈપ-II અને 8 યુનિટ ટાઈપ-III નવા ક્વાર્ટર્સ છારોડી, જખવાડા, ઝુંડ, સદલા, સુખપુર, દેવળીયા, ધનાલા અને સુરબારીનું બાંધકામ (સંયુક્ત ટેન્ડર). | ૩,૮૧,૨૪,૩૨૦.૮૦ | ૩,૪૦,૬૦૦.00 |
| 2 | DRM-ADI-159-2025-26 | ધ્રાંગધ્રા અને વિરમગામ - સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ રિપ્લેસમેન્ટ એકાઉન્ટ પર 15 યુનિટ ટાઈપ-II સ્ટાફ ક્વાર્ટર્સનું બાંધકામ (સંયુક્ત ટેન્ડર) | ૪,૬૧,૨૬,૪૯૦.૪૩ | ૩,૮૦,૬૦૦.00 |
| 3 | DRM-ADI-160-2025-26 | પાલનપુર ખાતે SPART પરીક્ષણ માટે ટાવર વેગન સાઈડિંગ ખાતે પિટ લાઈનનું વિસ્તરણ અને અન્ય સંલગ્ન કાર્યો. | ૧,૦૦,૩૬,૧૨૧.૩૪ | ૨,૦૦,૨૦૦.00 |
| 4 | DRM-ADI-161-2025-26 | અસારવા-નરોડા અને સોનાસણ- સિનિયર ડીઈએન (એસ)-એડીઆઈના અધિકારક્ષેત્ર હેઠળ સંવેદનશીલ સ્થળે સીમા દિવાલનું બાંધકામ | ૨,૩૪,૫૨,૧૫૨.૭૨ | ૨,૬૭,300.00 |
| 5 | DRM-ADI-162-2025-26 | ગેરતપુર - અમદાવાદ અને અમદાવાદ - ચાંદલોડિયા-ખોડિયાર-ગાંધીનગર: ટીટીઆર (પી) ૬૦ કિલો ૧ ઈન ૮.૫ (૧૨ નંગ) અને ૧ ઈન ૧૬ (૨ નંગ) | ૬૪,૩૩,૫૨૯.૪૨ | ૧,૨૮,૭૦૦.00 |
| 6 | DRM-ADI-163-2025-26 | સિનિયર ડીઈએન (એસ)-એડીઆઈના અધિકારક્ષેત્ર હેઠળ ટ્રેકનું એફઆરએમ દ્વારા શેલો સ્કીનીંગ | ૧,૬૮,૦૬,૧૬૩.૫૧ | ૨,૩૪,000.00 |
| 7 | DRM-ADI-164-2025-26 | ગેરતપુર - અમદાવાદ - વિરમગામ અને અમદાવાદ - ચાંદલોડિયા - ખોડિયાર - ગાંધીનગર-કલોલ: મોબાઈલ ફ્લેશ બટ વેલ્ડીંગ પ્લાન્ટ અને અન્ય આનુષંગિક ટ્રેક કાર્યનો ઉપયોગ કરીને રેલના ફ્લેશ બટ વેલ્ડીંગ દ્વારા વેલ્ડ નવીકરણ (પુનઃ આમંત્રિત). | ૧૪,૭૧,૫૪,૨૪૭.૫૭ | ૮,૮૫,૮૦૦.00 |

**ઈ-નિવિદા બંધ થવાની તારીખ અને સમય:** તારીખ 30/12/2025, 15:00 કલાક. **ઓફિસનું સરનામું:** સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સમ.)-અમદાવાદ, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, નવી સ્વદેશી મિલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345 **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઈટ:** www.ireps.gov.in

ADI 221

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# ગાંધીનગર-માણસા હાઈવે પર હિટ એન્ડ રન : વતન જવા નીકળેલા દાહોદના યુવકને અધવચ્ચે કાળ ભરખી ગયો...

**ગાંધીનગર, તા.04**

ગાંધીનગર-માણસા હાઈવે પર વાસણ મહાદેવ નજીક અજાણ્યા વાહનચાલકે પોતાનું વાહન પૂરપાટ ઝડપે હંકારીને રાહદારી શ્રમિકને ટક્કર મારી નાસી ગયો હતો. આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાથી દાહોદના શ્રમિકનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું. આ મામવે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




ઝાલોદ તાલુકાના મહુડી ગામના રહેવાસી અને ફરિયાદી રતનભાઈ રૂપાભાઈ ગરાસીયાના નાના ભાઈ રાજુભાઈ ગરાસીયા અને તેમની પત્ની છેલ્લા પંદર દિવસથી વીરુભાઈ પરસોતમભાઈ ચાવડા સાથે વાસણ ગામે રોડના કામ માટે મજૂરી કરી રહ્યા હતા. ગત 2 ડિસેમ્બરના રોજ સવારે રાજુભાઈની પત્ની ખેતીકામ અર્થે ગામડે જવા નીકળી ગયા હતા, પરંતુ રાજુભાઈ મજૂરીનો હિસાબ બાકી હોવાથી વાસણ ખાતે રોકાયા હતા.

જોકે મજૂરીના પુરા હિસાબના પૈસા આપ્યા વિના શેઠના માણસ તેમને ભાડા પેટે 500 આપીને વાસણ બસ સ્ટેશન ખાતે મૂકી ગયો હતો. બાદમાં રાજુભાઈ ગાંધીનગર-માણસા હાઈવે પર વાસણ મહાદેવ નજીક રોડની સાઈડમાં ચાલી જઈ રહ્યા હતા. તે દરમિયાન કોઈ અજાણ્યા વાહનચાલકે પોતાનું વાહન પૂર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી રાજુભાઈને જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતને કારણે રાજુભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ, જમણા કપાળ પર ઈજા અને બંને પગમાં ફ્રેક્ચર થયું હતું. અકસ્માતના પગલે ઘટનાસ્થળે લોકો ભેગા થઈ જતાં કોઈએ 108ને ફોન કર્યો હતો. બાદમાં 108 દ્વારા રાજુભાઈને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

બનાવની જાણ થતાં પોલીસ સિવિલ દોડી ગઈ હતી અને તપાસ કરતા મૃતકના ખિસ્સામાંથી ડાયરી મળી હતી, જેના આધારે દાહોદમાં રહેતા રતનભાઈને જાણ કરી હતી. જેના પગલે પરિવારજનો સિવિલ દોડી આવ્યા હતા. આ અંગે રતનભાઈની ફરિયાદના આધારે પેથાપુર પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગુજરાત હાઈકોર્ટમાં બોમ્બ પ્લાન્ટ કરાયો હોવાની ધમકી : ધમકીભર્યો ઈ-મેઈલ મળતા બોમ્બ અને ડોગ સ્ક્વોડ પહોંચી

**અમદાવાદ, તા.04**

ગુજરાત હાઈકોર્ટને ફરી એકવાર બોમ્બની ધમકીભર્યો ઈ-મેઈલ મળતા દોડધામ મચી છે. ધમકીના પગલે બોમ્બ અને ડોગ સ્ક્વોડ હાઈકોર્ટ પહોંચી છે અને તપાસ હાથ ધરી છે. એક તરફ ઈન્ડિગોની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળતા અમદાવાદ એરપોર્ટ પર ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરાયું છે. ત્યારે જ હાઈકોર્ટને પણ ધમકીભર્યો મેઈલ મળ્યો હોવાનું સામે આવ્યું છે. હાલ બોમ્બ અને ડોગ સ્ક્વોડની ટીમ હાઈકોર્ટ પહોંચી છે. તો બીજી તરફ હાઈકોર્ટનું કામ રાબેતા મુજબ ચાલુ છે.




નોંધનીય છે કે, 20 ઓગસ્ટના રોજ પણ ગુજરાત હાઈકોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. અજાણી વ્યક્તિ દ્વારા ધમકીભર્યો હાઈકોર્ટને ઈ-મેલ કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટના રજીસ્ટ્રાર દ્વારા સોલા પોલીસને આ અંગે જાણ કરવામાં આવી હતી. જે બાદ પોલીસ દ્વારા તાત્કાલિક હાઈકોર્ટ પહોંચી તપાસ કરવામાં આવી હતી. BDDS સહિતની તમામ ટીમ તપાસમાં જોડાઈ હતી. તપાસના અંતે કોર્ટમાંથી કોઈપણ શંકાસ્પદ વસ્તુ મળી આવી નહોંતી.

# 12મી ડિસેમ્બરે શહેરમાં સાયક્લોથોન યોજાશે : ગુગલ ફોર્મ ભરી રજિસ્ટ્રેશન કરાવી શકાશે, વધુમાં વધુ લોકોને નોંધણી કરાવવા મનપાની અપીલ.....

**ભાવનગર, તા.04**

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા તા.12 ડિસેમ્બર ના રોજ ભાવનગર શહેરમાં સ્વદેશી સાયક્લોથોનનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ભાવેણાવાસીઓ આ આયોજનમાં સહભાગી થાય તે અંગે મહાનગર પાલિકા દ્વારા આપવામાં આવેલ રજિસ્ટ્રેશન લિંકમાં રજિસ્ટ્રેશન કરવામ અપીલ કરવામાં આવી છે




આગામી તા.12 ડિસેમ્બરના રોજ સવારે 7 કલાકે ભાવનગર મહાનગર પાલિકા દ્વારા એક સ્વદેશી સાયક્લોથોનનું આયોજન કરવામાં આવ્યું છે.આ સાયકોલોથન શહેરના આતાભાઈ ચોક ખાતેથી પ્રસ્થાન કરવામાં આવશે જે સાયક્લોથોન નો રૂટ આતાભાઇ ચોકથી ગુલિસ્તા મેદાન, સેન્ટ્રલ સોલ્ટ, પાણીની ટાંકી જ્વેલર્સ સર્કલ , મીણબત્તી સર્કલ થઈ , નીલમબાગ ત્યાંથી જેલ રોડ, દાદા સાહેબ જૈન દેરાસર, રાધા મંદિર ટ્રાફિક સિગ્નલ પાસેથી સેન્ટ્રલ સોલ્ટ થઈ આતાભાઈ ચોક પરત આવશે.આ સ્વદેશી સાયક્લેથોન ના રૂટના દરેક પોઈન્ટ ઉપર ભાગ લેનાર લોકો માટે પીવાના પાણીની વ્યવસ્થા સાથે એનર્જી ડ્રિંક્સ ની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે .

આ સાયોકોલોથનમાં દરેક ભાગ લેનારને પ્રમાણપત્ર મનપા દ્વારા એનાયત કરવામાં આવશે.આ સ્વદેશી સાયક્લોથોનમાં વધુ ને વધુ સંખ્યામાં લોકો સહભાગી થાય અને સત્વરે નીચે દર્શાવેલ લિંક પર ક્લિક કરીને રજીસ્ટ્રેશન કરાવવા ભાવનગર મહાનગરપાલિકા દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે.

# ભારત-પાક ભાગલા સમયે રાજકોટ આવેલા 267 પરિવારો પરેશાન

## રેફ્યુજી કોલોનીમાં ધારાસભ્યના ઈશારે દસ્તાવેજ બંધ કરાયાનો આક્ષેપ, ડો. દર્શિતા શાહે આક્ષેપો નકાર્યા

**રાજકોટ, તા.04**

ભારત-પાકિસ્તાનના ભાગલા સમયે પાકિસ્તાનથી આવેલા લોકો વસવાટ કરી શકે તે માટે રાજકોટમાં રેફ્યુજી કોલોની બનાવવામાં આવી હતી. 70 વર્ષ પહેલા સૌ પ્રથમ આ કોલોનીમાં 99 વર્ષના ભાડા પટ્ટે જમીન આપવામાં આવી હતી. જોકે, જંકશન પ્લોટમાં રેફ્યુજી કોલોની તરીકે ઓળખાતા 267 મકાનના દસ્તાવેજ વહીવટી તંત્રએ છેલ્લા દોઢ વર્ષથી બંધ કરી નાખ્યા છે. આઝાદી બાદ પ્રથમ વખત રેફ્યુજી કોલોનીના દસ્તાવેજ બંધ કરવામાં આવતા સ્થાનિકોમાં કચવાટ જોવા મળી રહ્યો છે. કેમ કે, દસ્તાવેજ બંધ થવાથી લોકોના સામાજિક અને વ્યવહારિક કામો ઉપરાંત આર્થિક વ્યવહારો અટકી પડ્યા છે.



સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે, ધારાસભ્ય દર્શિતા શાહના ઈશારે દસ્તાવેજ પ્રક્રિયા બંધ કરવામાં આવી છે. જ્યારે ધારાસભ્ય ડૉ. શાહે જણાવ્યું કે, તે લોકોની ખોટી રજૂઆત છે. આ કોલોનીના સ્થાનિકો તેમજ કોર્પોરેટરોની જ રજૂઆત હતી કે, અહીં કલેક્ટરની મંજૂરી વિના દસ્તાવેજો થઈ રહ્યા છે, જેથી સરકારના પરિપત્ર મૂજબ કલેક્ટરની મંજૂરી સાથેના દસ્તાવેજો થાય તેમજ ત્યાં નવો અશાંતધારો લાગૂ કરાવવાની માંગણી હતી. દસ્તાવેજો બંધ કરવાની મારી કોઈ રજૂઆત જ નહોંતી.

કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર દિલીપ આસવાણીએ જણાવ્યું હતું કે, હું પોતે રેફ્યુજી કોલોનીમાં રહું છું. 1947માં અમારા વડવાઓએ સરકાર દ્વારા આ મકાન મળેલા છે અને તેની ઈમ્પેક્ટ ડ્યુટી ભરેલી છે અને ભૂતકાળમાં દસ્તાવેજ પણ બનેલા છે. જોકે, ધારાસભ્ય ડૉ. દર્શિતાબેન શાહે અશાંતધારાની ફરિયાદ કરી દીધી અને તેથી કલેક્ટર દ્વારા દસ્તાવેજ રોકી દેવામાં આવ્યા છે. જોકે, દસ્તાવેજ બંધ કરી દેવામાં આવતા મધ્યમ વર્ગના પરિવારો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. સરકારને વિનંતી છે કે, નિરાશ્રિત લોકોના દસ્તાવેજ તાત્કાલિક બનાવો નહિતર આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

જ્યારે નરેન્દ્ર કેશવાણીએ જણાવ્યું હતું કે, છેલ્લા 40 વર્ષથી રેફ્યુજી કોલોનીમાં રહીએ છીએ. જે તે વખતે વેચાણ દસ્તાવેજ કરીને મકાન લીધું હતું. દસ્તાવેજ એકાએક બંધ કરી દીધા, જેથી તમામ 267 જેટલા પરિવારો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. જેથી મારે કલેક્ટર સાહેબને કહેવું છે કે કોના કહેવાથી તમે દસ્તાવેજ બંધ કર્યા, જે તમે જાહેર જનતાને જાણ કરો.

જ્યારે આ બાબતે ધારાસભ્ય દર્શિતાબેન શાહનો સંપર્ક કરવામાં આવતા તેમણે જણાવ્યુ હતુ કે, રેફ્યુજિક કોલોનીના જે સ્થાનિકો દ્વારા મારી સામે જે આક્ષેપો કરવામાં આવ્યા છે તે ખોટા છે. રેફ્યુજી કોલોનીના સ્થાનિકો અને ત્યાંના કોર્પોરેટરોની રજૂઆત હતી કે, અહીં 267 ક્વાટર આવેલા છે, તેમાં કલેક્ટરની મંજૂરી વિના દસ્તાવેજ થઈ રહ્યા છે જેથી સરકારના પરિપત્ર મુજબ કલેક્ટરની મંજૂરી સાથે દસ્તાવેજ કરવામાં આવે તે જરૂરી છે. તે લોકોને પ્રશ્ન હોય તો કલેક્ટર સમક્ષ રજૂઆત કરી શકે છે.

# છત્રાલ GIDCમાં એરંડાના ખેતરમાં ક્રાઈમ બ્રાન્ચ ત્રાટકી : પ્લાસ્ટિકના કોઈન થકી જુગાર રમતા ત્રણને દબોચી લીધા

**ગાંધીનગર, તા.04**

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે કલોલ તાલુકા પોલીસ મથકની ગાઢ નિંદ્રાનો લાભ ઉઠાવી છત્રાલ જીઆઈડીસીમાં એરંડાના ખેતરમાં રેડ પાડી હતી. અહીં છેલ્લા કેટલાક દિવસોથી સઘળા આયોજનપૂર્વક પ્લાસ્ટિકના કોઈન મારફતે રમાતા જુગારધામનો પર્દાફાશ કરી મુખ્ય સૂત્રધાર સહિત ત્રણ જુગારીને 81 હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યાં હતાં. ગાંધીનગર જિલ્લાના સંવેદનશીલ ગણાતા કલોલ વિસ્તારમાં ફૂલી ફાલેલી દારૂ જુગાર તેમજ નારકોર્ટિસ પદાર્થોની પ્રવૃત્તિઓ સામે સ્થાનિક પોલીસ આંખ આડા કાન કરતી હોય તો ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાંચને અસરકારક કામગીરી કરવા જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટીએ સૂચનાઓ આપી છે. જે અન્વયે લોકલ ક્રાઈન બ્રાન્ચના પીઆઈ દિવાનસિંહ વાળાની ટીમ અત્રેના વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. દરમ્યાન બાતમી મળો હતી કે, શુભાંગન બંગલો નંબર 27 માં રહેતો સંજય ગોવિંદભાઈ પ્રજાપતિએ છત્રાલ GIDCમાં મંગલમ કંપનીની પાછળ આવેલા એરંડાના ખેતરમાં



ખુલ્લી જગ્યામાં બહારથી જુગારીઓ બોલાવીને પ્લાસ્ટિકના કોઈન મારફતે જુગારધામ ચલાવામાં આવી રહ્યું છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમે દરોડો પાડતા મુખ્ય સૂત્રધાર સંજય પ્રજાપતિ, રતીલાલ પ્રહલાદદાસ પટેલ (રહે, ઉમિયા સોસાયટી, અયોધ્યા સોસાયટીની બાજુ, કડી, મહેસાણા) અને પ્રકાશ સુરેશભાઈ પટેલ (રહે.ધાનજ, કલોલ) જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

બાદમાં એલસીબીએ ત્રણેય જુગારીઓ પાસેથી રોકડ રકમ, ત્રણ મોબાઈલ ફોન, અલગ અલગ કલરના પ્લાસ્ટિક કોઈન તેમજ એક્ટિવા મળીને કુલ રૂ.81 હજારનો મુદ્દામાલ જપ્ત કરી કલોલ તાલુકા પોલીસ મથકમાં ત્રણેય જુગારીઓ વિરુધ જુગારધારા હેઠળ ગુનો દાખલ કરાવ્યો હતો.

# ડીસા-મહેસાણાના ગ્રેજ્યુએટો 800 કરોડના સાયબર ફ્રોડના માસ્ટરમાઈન્ડ ઝડપાયો....

## સેલરીના અસંતોષથી ગેમિંગ ફંડ ટ્રાન્સફરના નેક્સસમાં જોડાયા, બેંગકોકથી સાયબર ક્રાઈમ કરતા હતા

**સુરત, તા.04**

ગુજરાતના બે ઉચ્ચ શિક્ષિત યુવાન, BE મિકેનિકલ જતીન ઉર્ફે જોન રેપર ઠક્કર અને BCOM દીપ ઠક્કર, જેમને પોતાની લાયકાત મુજબ ઓછો પગાર મળવાનો અસંતોષ હતો. તેમણે વિદેશની ધરતી પર બેસીને 800 કરોડથી વધુનાં ટ્રાન્ઝેક્શન ધરાવતા એક વિશાળ આંતરરાષ્ટ્રીય સાયબર ક્રાઈમ નેટવર્કનું સંચાલન કર્યું હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. સુરત સાયબર ક્રાઈમ સેલે આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર જતીન ઠક્કર અને તેના સાથીદાર દીપ ઠક્કરની મુંબઈ એરપોર્ટ પરથી ધરપકડ કરી છે.

આ યુવાનો બેંગકોક અને વિયેતનામ ખાતેથી લગભગ 50 જેટલી ગેમિંગ/બેટિંગ વેબસાઈટ (મર્ચન્ટ) પાસેથી ફંડ મેળવતા હતા, જેને મ્યુલ બેંક ખાતાં અને હવાલાના માધ્યમથી વિદેશ મોકલીને આખા નેક્સસને 'થ્રી-




લેયર મોડ્યૂલ' હેઠળ ઓપરેટ કરતા હતા, જેમાં જીતનારા લોકોને પણ છેતરપિંડીના પૈસામાંથી જ ચુકવણી કરવામાં આવતી હતી.

સાયબર ક્રાઈમ સેલ, સુરત શહેર દ્વારા કતારગામમાં સર્ચ-ઓપરેશન દરમિયાન અગાઉ ચાર આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. તેમની પાસેથી મોબાઈલ, લેપટોપ અને બેંકોની ચેકબુક સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પોલીસને તપાસમાં જાણવા મળ્યું કે આ આરોપીઓ પાસેથી મળી આવેલાં જુદી જુદી બેંકોનાં 149 બેંક ખાતાંમાં કુલ 800 કરોડ રૂપિયાનાં ટ્રાન્ઝેક્શનો થયાં હતાં. આ 149 ખાતાં પર NCCRP પોર્ટલ પર કુલ 417 ફરિયાદો પણ મળી હતી. DCP બિશાખા જૈન આ કેસમાં અન્ય બે નાસતા-ફરતા આરોપીઓ માટે એલ.ઓ.સી. ઈસ્યુ કરવામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જેના આધારે જતીન અને દીપ ઠક્કરની મુંબઈ એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી હતી.

DCP બિશાખા જૈને જણાવ્યું હતું કે જતીન ઠક્કર અગાઉ ગોવામાં એક ગેમિંગ વેબસાઈટ કંપનીમાં નોકરી કરતો હતો, જ્યાં તેને દર મહિને 35,000 પગાર મળતો હતો. ચાર મહિના કામ કર્યા બાદ તે પોતાના પગારથી સંતુષ્ટ નહોતો. આ દરમિયાન તે ગોવાના કસીનોમાં કાર્યરત માઈકલ નામની વ્યક્તિના સંપર્કમાં આવ્યો. માઈકલ થકી તેને જાણ થઈ કે બેંગકોકમાં આ પ્રકારના ગેમિંગ ફંડ ટ્રાન્સફરના નેક્સસ માટે સારી નોકરી મળી શકે છે. લાલચમાં આવીને જતીન બેંગકોક પહોંચ્યો, જ્યાં તેને શરૂઆતમાં 50,000 પ્રતિ માસનો પગાર આપવામાં આવ્યો, જે ટૂંક સમયમાં વધીને 1,00,000 પ્રતિ માસ થઈ ગયો.

# જામનગરના બેડીમાં બે જૂથ વચ્ચે મારામારી:પ્રેમ લગ્નના મામલે તકરાર

**જામનગર, તા.04**

જામનગરના બેડી વિસ્તારમાં ગઈકાલે રાત્રે બે જૂથ વચ્ચે મારામારી થઈ હતી. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. પ્રેમ લગ્નના મામલે થયેલી આ તકરારમાં બંને પક્ષે સામસામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

બેડીના ઈદ મસ્જિદ રોડ પર અસલમ અબ્દુલભાઈ ઘુમરા (ખત્રી) અને આમદ કાદરભાઈ માણેક (વાઘેર)ના પરિવારો વચ્ચે આ ઝઘડો થયો હતો.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPaccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર